બફ્યૂઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત**
**એટલે**
**મસ્લકે આ'લા હઝરત**
**નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા (માસિક)

**જુન-૨૦૨૪**

ઝિલ કૃઅદ-ઝિલ હજ્જ
હિજરી સન : ૧૪૪૫

વર્ષ : ૨૧, અંક : ૦૬, સળંગ અંક : ૨૪૫

**સ્થાપક અને પ્રકાશક**
ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦
તા. જિ. ભરૂચ, ગુજરાત, મો. ૯૬૬૪૫૨૧૪૭૭
9427464411 PhonePe/Paytm/G Pay
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com
બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ
A/c. No. 34620100000303
Razvi Kitab Ghar
IFSC Code : BARB0DAYADR


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૩૦૦/- |
| વિદેશ માટે | રૂા. | ૨,૦૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૩,૦૦૦/- |
| આજીવન | રૂા. | ૬,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૫,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૫,૦૦૦/- |


: માનદ તંત્રી :
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | કુર્બાનીનો પાયાનો હેતુ અને આપણો સમાજ | 04 |
| 02 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન | 07 |
| 03 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત (ભાગ : ૨) | 10 |
| 04 | હદાઈકે બખ્શિશ (ભાગ : ૨) | 14 |
| 05 | હશ્ત બહિશ્ત : ફવાઈદુલ ફવાદ (દિલોના ફાયદા) | 18 |
| 06 | કાનૂને શરીઅત (ભાગ-૨) | 21 |
| 07 | અવામી ગલતફેહમિયાં ઔર ઉનકા શરઈ હલ | 25 |
| 08 | તઝકેરતુલ અવલિયા : હઝરત અબૂ તુરાબ બખ્શી رحمۃ اللہ علیہ | 26 |
| 09 | ઈસ્લામી અખ્લાક તથા આદાબ | 28 |
| 10 | "શફાઅત" કિતાબ તથા સુન્નતની રોશનીમાં | 33 |
| 11 | *(બીજી સદીના મુજદ્દિદ-૩)* ઈમામે જરહો તઅદીલ યહ્યા ઈબ્ને મુઈન رحمۃ اللہ علیہ | 35 |
| 12 | નરમ મિજાઝી તથા દિલ નવાઝીના ફાયદા | 37 |
| 13 | દાઈનો કુર્આન તથા સાહિબે કુર્આન ﷺ સાથે સંબંધ જરૂરી | 44 |
| 14 | કુર્બાની શું છે ? અને તેને કેવી રીતે કરવી ? | 46 |
| 15 | બરકાતે ખ્વાજાની ટપાલ | 49 |


## મુર્શિદે અખ્તર રઝા *(ઉર્સ ૬ ઠી કૃઅદા)*

રહબરે શરીઅત, તરીકૃત, મુર્શિદે અખ્તર રઝા
ઈલ્મે ફિકૃહ કા સમંદર મુર્શિદે અખ્તર રઝા

અહલે બાતિલ ક્યા ડરાએ હમકો ક્યા ઉસકી મજાલ ?
શેરે હક્ક સા હૈ નિગેહબાં મુર્શિદે અખ્તર રઝા

વારિષે ઈલ્મે રઝા હૈ જાનશીં મુફતીએ હિંદ
તાજે શરીઅત, કાઝિઉલ કુઝઝાત વો અખ્તર રઝા

કાદરી, બરકાતી, નૂરી, ફૈઝ કા ચશ્મા બળા
ઔર બરૈલી બાગ કા જો ફૂલ હય અખ્તર રઝા

જિસ્કે તકૃવે ઔર ફત્વેકા જહાં શયદા રહા
આ'લા હઝરત કા નબીરા મુર્શિદે અખ્તર રઝા

ક્યોં ન નાઝાં હો 'હિદાયત' નિસ્બતે મુર્શિદ પે તૂ ?!
હૈ વલી અલ્લાહ સચ્ચા મુર્શિદે અખ્તર રઝા

*(રજૂ.) રાણા હિદાયતહુસૈન કાદરી રઝવી-વાઘોડિયા*

# કુર્બાનીનો પાયાનો હેતુ અને આપણો સમાજ

તંત્રી લેખ

આજનો મુસલમાન દરેક ક્ષેત્રે પછડાટ ખાતો જોવા મળી રહ્યો છે એનો મૂળ સબબ એ છે કે એ પોતાને મુસલમાન તો કહે છે પણ ઈસ્લામી આદેશો, કુર્આન હદીષના હુકમોથી વિમુખ જિંદગી જીવી રહ્યો છે. ઈલ્લા માશા અલ્લાહ ! જેઓ ઈબાદતો કરે છે તેઓ પણ તેના મૂળ હેતુથી જાણે વાકેફ નથી હોતા, કેવળ ફિઝીકલી પ્રેક્ટિકલરૂપી ઈબાદતો કરી રહેલ છે, પણ તેની રૂહાનિયત પોતાની જિંદગીમાં પામી શકતા નથી. ઈલ્લા માશા અલ્લાહ ! એનું કારણ એ છે કે ઈબાદતો જેમ કે નમાઝ કે રોઝા વગેરે તો એની હિકમતો શું છે તેને સમજવા તથા તેના થકી પોતાના જીવનને સમારવાની કોશિશ આપણે નથી કરતા, ઈલ્લા માશા અલ્લાહ ! એ જ પ્રમાણે બક્ર ઈદના મોકા પર સાહિબે નિસાબ હોય આપણે કુર્બાની તો અદા કરી દઈએ છીએ પણ કુર્બાનીની હિકમતો, તેની ફિલોસોફી કે તેના હેતુઓ શું છે એ સમજવાની આપણે કોશિશ નથી કરતા જેથી ન આપણી જિંદગીમાં કોઈ બદલાવ આવે છે ન રૂહાનિયતની મીઠાશ આપણા દિલમાં અનુભવવામાં આવે છે. પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! આવો, આજે આપણે આ ટૂંકા લેખમાં કુર્બાનીની ફિલોસોફી તથા હેતુઓને સમજીએ અને આપણી જિંદગીમાં ઈખ્લાસ તથા રૂહાનિયતને જગા આપીએ.

## ★ કુર્બાનીની પાયાની ફિલોસોફી અને આપણે ★

કુર્બાની એ સુન્નતે ઈબ્રાહીમી છે, એને આપણી શરીઅતમાં પણ બાકી રાખવામાં આવી છે અને દર વરસે બક્ર ઈદના મોકા કુર્બાની કરવી સાહિબે નિસાબ પર વાજિબ છે. **ઈદે અદહા પર કુર્બાની પેશ કરવામાં પાયાની ફિલોસોફી એ છે કે જો ખુદાની રાહમાં પોતાની સૌથી પ્રિય ચીજ પણ નિછાવર કરવી પડે તો તેનાથી પીછેહઠ ન કરવી જોઈએ.** જો કુર્બાનીના ફરીઝાથી આ ફિલોસોફીને કાઢી નાખવામાં આવે તો પછી તેનો ભાવાર્થ અર્થહીન થઈ જાય છે. જેથી કુર્બાની કરતી વખતે એ વાત આપણી નજરો સમક્ષ રહેવી જોઈએ કે હઝરત સૈયદના ઈબ્રાહીમ علیہ السلام જે વખતે પોતાના પુત્ર હઝરત સૈયદના ઈસ્માઈલ علیہ السلامને કુર્બાન કરવાના માટે પેશ કરી રહ્યા હતા તે વખતે તેમનો મકસદ તથા હેતુ ખ્યાતિ, વાહવાહી કે નામના કમાવાનો તદન ન હતો બલ્કે તેમણે કેવળ અને કેવળ અલ્લાહની રઝા ખાતર પોતાના જિગરના ટુકડા પર રાહે ખુદામાં કુર્બાન કરવા તેની ગરદન પર છરી ચલાવી. હઝરત સૈયદના ઈબ્રાહીમ علیہ السلامની આ કુર્બાની દુનિયાના અસ્તિત્વ સુધી એક રોશન દષ્ટાંત અને મુસલમાનો માટે કુર્બાની તથા ત્યાગ ભાવનાનો એક સુંદર નમૂનો છે.

પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! એવું હોવું જોઈએ કે સુન્નતે ઈબ્રાહીમીને પૂર્ણ કરવાના હેતુથી ઝબહ કરવામાં આવતા જાનવરની સાથોસાથ વાહવાહી તથા રિયાકારી જેવી દુનિયવી ખ્વાહિશો અને અના (અહંકાર, હું કાંઈક છું !)ને પણ કુર્બાન કરી દેવાં જોઈએ. **આજે દુનિયામાં જે કાંઈ વિવાદો વિખવાદો તથા વિનાશો દરેક ઘર, કુટુંબ, સમાજ કે દીની, સામાજિક કે ધાર્મિક ઈદારાઓમાં થાય છે તેનો સબબ ઈખ્લાસની કમી અને પોતાના અહમને પોષવાના સબબે થતો રહે છે.** જેથી જાનવરની કુર્બાનીની સાથોસાથ આ બુરાઈઓને પણ કુર્બાન કરી દેવામાં આવે તેમાં જ સૌની ભલાઈ છે. અને કેવળ ખુદાની રઝા અને તક્વો તથા પરહેઝગારીની પ્રાપ્તિ માટે કુર્બાની પેશ કરવામાં આવે. કેમ કે મુસલમાન હોવાની હૈસિયતથી આપણો એ

અકીદો છે કે રબ તઆલાને આપણા જાનવરોના ગોશ્ત તથા લોહીની જરૂરત નથી બલ્કે તે આપણા કુર્બાનીના જઝબા, ત્યાગવૃત્તિ તથા તક્વાને જુએ છે.

જાનવરની કુર્બાની તો કેવળ એક નિશાની છે, અસલ કુર્બાની તો એ છે કે શરીઅતના હુકમોના પાલનમાં પોતાની નફસાની ખ્વાહિશો (મનેચ્છાઓ)ને કુર્બાન કરવામાં આવે પોતાની સહૂલત તથા જરૂરતોને એક મેળે કરીને પોતાના મુસલમાન ભાઈઓની મદદ કરવામાં આવે, પોતાની જાતને તક્વા, ખુલૂસ તથા ત્યાગવૃત્તિથી સજાવવામાં આવે.

## ★ અલ્લાહની રઝા સિવાય ગમે તે કામ કરો બેકાર છે ! ★

પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! આપણા સમાજમાં સામાન્યપણે જોવામાં આવે છે કે માલદાર લોકો કુર્બાની માટે લાખો રૂપિયા ખર્ચ કરે છે, ઉચ્ચથી ઉચ્ચ નસલનું જાનવર ખરીદીને એ નેક કામમાં એકબીજાથી આગળ વધી જવાની દરેક શક્ય કોશિશ કરે છે. આ અમલ જો અલ્લાહને રાજી કરવાના લક્ષ્યથી છે તો ઘણી જ સારી વાત છે, પરંતુ જો એનાથી વાહવાહી કમાવાનો કે દેખાડો કરવાનો હેતુ છે તો સર્વ ધન દોલત ખર્ચવું અને દોડભાગ કરવું નિરર્થક છે !

એ જ પ્રમાણે અમુક લોકો રાહે ખુદામાં લાખો રૂપિયા ખર્ચ કરવા માટે તો સતત તૈયાર રહે છે, પરંતુ પોતાની અના (અહંકાર)ને કુર્બાન કરીને પોતાના નારાજ ભાઈ બહેનો સગાંઓ દોસ્તોને રાજી કરવા, અને તેમનાથી સુલહના માટે તૈયાર નથી થતા. એવા લોકોએ વિચારવું જોઈએ કે જો આપણે પોતાની અંદરના જાનવર (નફ્સ)ને કુર્બાન ન કરી શક્યા તો પછી જાહેરમાં આ એક જાનવરની કુર્બાની શું કામની ? જેથી સૌ પ્રથમ આપણે પોતાના નફસને મારવો પડશે, પોતાની નફસાની ઈચ્છાઓને કુર્બાન કરવી પડશે. યક઼ીન કરી લો કે જો આપણે એવું કરવામાં સફળ થઈ ગયા તો પછી ઈદે અદહાના મોક઼ા પર પેશ કરવામાં આવતી આ કુર્બાનીઓ સોનામાં સુગંધના સમાન થશે. **જેથી જેની પોતાના ભાઈ બહેનો, પડોશીઓ, સગાંઓ, દોસ્તો, સહકર્મીઓ.....વગેરે સાથે આપસમાં નારાઝગી છે તેઓ કુર્બાનીની ઈદના મુબારક દિવસોમાં આપસની સર્વ નારાઝગીઓ, વેર ભાવનાઓ, બગાડને દૂર કરે.** પોતાના દિલને કીના અદાવત, ચુગલખોરી તથા હસદ જેવા ઈમાનસોઝ અને ખતરનાક ગુનાહોથી પાક તથા સાફ કરીને હમેશાંના માટે આપસમાં દૂધમાં સાકર જેમ ભળી જાય. એકબીજા સાથે મુસાફો તથા મુઆનિકા કરે, ઈદની મુબારકબાદ આપીને અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَની રઝા અને પોતાના ગુનાહોની માફી હાંસલ કરે. હુઝૂર નબી કરીમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો : **જ્યારે એક મુસલમાન પોતાના મુસલમાન ભાઈ સાથે મળે છે, તેની સાથે મુસાફો કરે છે, તો એ બંનેના ગુનાહ એ રીતે ખરી જાય છે જેવી રીતે પાનખર ઋતુમાં ઝાડનાં પાંદડાં ખરે છે અને એ બંનેવની બખ્શિશ કરી દેવામાં આવે છે, ભલે તેમના ગુનાહો સમુદ્રના ફીણની બરાબર હશે.** *(અલ મોઅજમે કબીર, ૬/૨૫૬)*

## ★ ઈદે કુર્બાનો હેતુ તથા પયગામ ★

પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! પ્યારા આક઼ા ﷺના પ્યારા દીવાનાઓ ! જેવી રીતે હઝરત સૈયદના ઈબ્રાહીમ علیہ السلامએ પોતાની સૌથી કિંમતી ચીજ અલ્લાહની રાહમાં કુર્બાન કરી અને કસૌટીમાં પૂરા ઉતર્યા એ જ રીતે આપણે પણ અલ્લાહ તઆલાના હુકમો પર અમલ કરીને આપણા રબની રઝા તથા કુર્બ હાંસલ કરી શકીએ છીએ. ★ જેવી રીતે હઝરત સૈયદના ઈસ્માઈલ علیہ السلامએ અલ્લાહના હુકમ સામે પોતાની સંમતિનું માથુ નમાવી દીધું,

એ જ પ્રમાણે આપણે જોઈએ કે આપણા બાળકોને પણ અલ્લાહના હુકમોની પાબંદી કરાવવાની હિદાયત કરતા રહીએ. તેમને સમાજમાં વસનારા અન્ય લોકોની સાથે સદ્‌વર્તાવ અને હમદર્દી સાથે વર્તવા, તેમની જરૂરતોનો ખયાલ રાખવા, તેમની ખુશી ગમમાં ભાગીદાર થવાની અને તેમના ખાતર પોતાની ખ્વાહિશોને કુર્બાન કરવાની ભાવના પેદા કરવાની તાકીદ કરતા રહેવું જોઈએ. કેમ કે કુર્બાનીની ફિલોસોફીમાં આ એક મહત્વનો સબક સમાયેલો છે અને આ જ એનો તકાઝો પણ છે.

## ★ શૈતાનને નાસીપાસ કરી દો ! ★

જેવી રીતે શૈતાને જ્યારે જોયું કે હઝરત ઈબ્રાહીમ علیہ السلام પોતાના પુત્ર હઝરત ઈસ્માઈલ علیہ السلامને કુર્બાની કરવા માટે લઈ જઈ રહેલ છે તો તેમને એ કામથી બહેકાવવાની કોશિશ કરી પણ હઝરત ઈબ્રાહીમ علیہ السلامએ તેને કાંકરીઓ મારીને ભગાડી દીધો. જ્યારે ત્યાંથી શૈતાન નાસીપાસ થયો તો હઝરત ઈસ્માઈલ علیہ السلامને બહેકાવવા કોશિશ કરી કે ઈબ્રાહીમ તમને ઝબહ કરવા લઈ જઈ રહ્યા છે. તો હઝરત ઈસ્માઈલ علیہ السلامએ કહ્યું કે કોઈ બાપ પોતાના પુત્રને ઝબહ કરતો હશે ?! તો તેણે કહ્યું કે, હા ! આ અલ્લાહનો હુકમ છે ! તો હઝરત ઈસ્માઈલ علیہ السلامએ કહ્યું કે, એવું છે ! તો અલ્લાહનો હુકમ મને માન્ય છે ! એ જ પ્રમાણે હઝરત હાજરા رضی اللہ عنہاને પણ બહેકાવવા કોશિશ કરી તો તેમણે પણ કહ્યું કે જો એ અલ્લાહનો હુકમ છે તો કાંઈ વાંધો નહીં ! આ રીતે બધેથી શૈતાન નાસીપાસ થાય છે. એ જ પ્રમાણે આપણે આપણા નફ્સને, અહંકારને મારવા માટે કેવળ અલ્લાહના હુકમ પર જ અમલ કરીને શૈતાનના વસવસાઓને હટાવી દઈ તેને નાસીપાસ કરી સૌથી મેળ મહોબ્બતનો માહોલ બનાવવા કોશિશ કરવી જોઈએ. ઈન્શા અલ્લાહ ! એનાં સારાં જ પરિણામો આવશે.

## ★ અંતમાં રબ તઆલાથી દુઆ છે કે.... ★

હે અલ્લાહ ! અમારી કુર્બાનીઓ તથા અન્ય નેક અમલોને કબૂલ ફર્માવ. અમને શરીઅતના હુકમાનુસાર કુર્બાની કરવાની તૌફીક અતા ફર્માવ. અમને કુર્બાનીની ફિલોસોફીને સમજવાની તથા એના પર અમલની તૌફીક અતા ફર્માવ. અમને ખ્યાતિ વાહવાહી તથા દિખાવા જેવી અખ્લાકી બુરાઈઓથી નજાત અતા ફર્માવ, તકવો, પરહેઝગારી અને ઈખ્લાસની દોલતથી માલામાલ ફર્માવ.

હે અલ્લાહ ! અમારા જાહેર તથા બાતિન (અંતર)ને સર્વ ગંદકીઓથી પાક સાફ ફર્માવ. તારા હબીબે કરીમ ﷺના આદેશો પર અમલ કરીને કુર્આન તથા સુન્નત મુજબ પોતાની જિંદગી સમારવાની, સરકારે દો આલમ ﷺ તથા સહાબાએ કિરામ તથા અહલે બયત رضوان اللہ تعالیٰ علیہم اجمعینની સાચી મહોબ્બત તથા ઈખ્લાસથી ભરપુર ઈતાઅત (ફર્માંબરદારી)ની તૌફીક અતા ફર્માવ.

હે અલ્લાહ ! અમને દીને ઈસ્લામનો વફાદાર બનાવીને રાખ, અમને સાચા પાકા બાઅમલ આશિકે રસૂલ બનાવ, અમારી સફોમાં ઈત્તેહાદનું વાતાવરણ પેદા કર, અમને પંજ વક્તા બાજમાઅત નમાઝોના પાબંદ બનાવ, એમાં સુસ્તી તથા આળસથી બચાવ. દરેક નેક કામમાં ઈખ્લાસની દોલત અતા ફર્માવ, સર્વ ફર્ઝો વાજિબોની અદાયગી સારી રીતે ખૂબીપૂર્વક અંજામ આપવાની પણ તૌફીક અતા ફર્માવ. બુખ્લ તથા કંજૂસીથી મેહફૂઝ રાખ, ખુશદિલીથી ગરીબો મોહતાજોની મદદ કરવાની તૌફીક અતા ફર્માવ. દુનિયાભરના અહલે ઈમાનની હિફાઝત ફર્માવ, સૌને દીન પર મજબૂતી ચાલવાની તૌફીક ફર્માવ. ઈસ્લામ તથા સુન્નિયતની બોલબાલા ફર્માવ. આપસી વૈમનસ્ય, બગાડને મહોબ્બત તથા ખુશનુમા માહોલમાં તબદીલ કરી દે. આમીન બિજાહિન્નબી કરીમ ﷺ.



કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઇનુલ ઈર્ફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

## સૂરએ અનઆમની તફસીર

આ સૂરહમાં ૧૬૫ આયતો અને ૧૨૯૩૫ અક્ષરો છે.

بَدِيۡعُ السَّمٰوٰتِ وَ الۡاَرۡضِ‌ؕ اَنّٰى يَكُوۡنُ لَهٗ وَلَدٌ وَّ لَمۡ تَكُنۡ لَّهٗ
صَاحِبَةٌ‌ؕ وَ خَلَقَ كُلَّ شَىۡءٍ‌ۚ وَ هُوَ بِكُلِّ شَىۡءٍ عَلِيۡمٌ ﴿۱۰۱﴾ ذٰ لِكُمُ اللّٰهُ
رَبُّكُمۡ‌ۚ لَاۤ اِلٰهَ اِلَّا هُوَ‌ۚ خَالِـقُ كُلِّ شَىۡءٍ فَاعۡبُدُوۡهُ‌ۚ وَهُوَ عَلٰى كُلِّ
شَىۡءٍ وَّكِيۡلٌ ﴿۱۰۲﴾ لَا تُدۡرِكُهُ الۡاَبۡصَارُ وَهُوَ يُدۡرِكُ الۡاَبۡصَارَ‌ۚ وَهُوَ
اللَّطِيۡفُ الۡخَبِيۡرُ ﴿۱۰۳﴾ قَدۡ جَآءَكُمۡ بَصَآٮِٕرُ مِنۡ رَّبِّكُمۡ‌ۚ فَمَنۡ اَبۡصَرَ
فَلِنَفۡسِهٖ‌ۚ وَمَنۡ عَمِىَ فَعَلَيۡهَا‌ؕ وَمَاۤ اَنَا عَلَيۡكُمۡ بِحَفِيۡظٍ ﴿۱۰۴﴾ وَكَذٰلِكَ
نُصَرِّفُ الۡاٰيٰتِ وَلِيَـقُوۡلُوۡا دَرَسۡتَ وَلِنُبَيِّنَهٗ لِقَوۡمٍ يَّعۡلَمُوۡنَ ﴿۱۰۵﴾ اِتَّبِعۡ
مَاۤ اُوۡحِىَ اِلَيۡكَ مِنۡ رَّبِّكَ‌ۚ لَاۤ اِلٰهَ اِلَّا هُوَ‌ۚ وَاَعۡرِضۡ عَنِ
الۡمُشۡرِكِيۡنَ ﴿۱۰۶﴾ وَلَوۡ شَآءَ اللّٰهُ مَاۤ اَشۡرَكُوۡا‌ؕ وَمَا جَعَلۡنٰكَ عَلَيۡهِمۡ
حَفِيۡظًا‌ۚ وَمَاۤ اَنۡتَ عَلَيۡهِمۡ بِوَكِيۡلٍ ﴿۱۰۷﴾ وَلَا تَسُبُّوا الَّذِيۡنَ يَدۡعُوۡنَ
مِنۡ دُوۡنِ اللّٰهِ فَيَسُبُّوا اللّٰهَ عَدۡوًاۢ بِغَيۡرِ عِلۡمٍ‌ؕ كَذٰلِكَ زَيَّنَّا لِكُلِّ اُمَّةٍ
عَمَلَهُمۡ ثُمَّ اِلٰى رَبِّهِمۡ مَّرۡجِعُهُمۡ فَيُنَبِّئُهُمۡ بِمَا كَانُوۡا يَعۡمَلُوۡنَ ﴿۱۰۸﴾ وَ
اَقۡسَمُوۡا بِاللّٰهِ جَهۡدَ اَيۡمَانِهِمۡ لَٮِٕنۡ جَآءَتۡهُمۡ اٰيَةٌ لَّيُؤۡمِنُنَّ بِهَا‌ؕ قُلۡ
اِنَّمَا الۡاٰيٰتُ عِنۡدَ اللّٰهِ‌ وَمَا يُشۡعِرُكُمۡ ۙ اَنَّهَاۤ اِذَا جَآءَتۡ لَا يُؤۡمِنُوۡنَ ﴿۱۰۹﴾
وَنُقَلِّبُ اَفۡـٮِٕدَتَهُمۡ وَاَبۡصَارَهُمۡ كَمَا لَمۡ يُؤۡمِنُوۡا بِهٖۤ اَوَّلَ مَرَّةٍ وَّ
نَذَرُهُمۡ فِىۡ طُغۡيَانِهِمۡ يَعۡمَهُوۡنَ ﴿۱۱۰﴾

✦ ✦ ✦

કોઈપણ નમૂના વગર આકાશો અને ધરતીને બનાવનાર. તેને બાળક ક્યાંથી હોય ? તેને તો ઓરત (પણ) નથી.[૨૯૮] અને તેણે દરેક વસ્તુ સર્જી.[૨૯૯] અને તે સર્વ કંઈ જાણે છે. (૧૦૧) આ છે અલ્લાહ, તમારો રબ[300] એના સિવાય કોઈનીય બંદગી નથી. દરેક વસ્તુનો સર્જનહાર, તો એને પૂજો, તે દરેક વસ્તુ પર દેખરેખ રાખનાર છે[301] (૧૦૨) આંખો તેને ઘેરી શકતી નથી,[302] અને બધી આંખો તેના ઘેરામાં છે. અને તે જ છે સંપૂર્ણ. આંતરિક, પૂરેપૂરો ખબરદાર (૧૦૩) તમારી પાસે આંખો ઉઘાડી નાખનાર દલીલો આવી તમારા રબ તરફથી, તો જેણે જોયું તો (તે) તેના પોતાના ભલા માટે છે, અને જે આંધળો બન્યો તે પોતાના બુરા માટે, અને હું તમારા પર ચોકીદાર નથી (૧૦૪) અને અમે એવી રીતે જ અનેકવિધ રીતે આયતો બયાન કરીએ છીએ[303] અને એટલા માટે કે કાફિરો બોલી પડે, તમે તો પઢેલા છો, અને એટલા માટે કે એને ઈલ્મવાળાઓ પર સ્પષ્ટ કરી દઈએ (૧૦૫) તેના પર ચાલો જે તમને તમારા રબ તરફથી વહી થાય છે.[304] તેના સિવાય કોઈ બંદગી યોગ્ય નથી. અને મુશ્રિકોથી મોઢું ફેરવી લો (૧૦૬) અને અલ્લાહ

*ઈચ્છત તો તેઓ શિર્ક ન કરત. અને નથી બનાવ્યા અમે તમને તેમના પર ચોકીદાર. અને તમે તેમના જવાબદાર નથી (૧૦૭) અને તેમને ગાળ ન દો જેમને તેઓ અલ્લાહ સિવાય પૂજે છે કે તેઓ અલ્લાહની શાનમાં અસભ્યતા કરશે, વધુ પડતી રીતે અને અજ્ઞાનતાથી.[૩૦૫] આવી જ રીતે અમે દરેક ઉમ્મતની દ્રષ્ટિમાં તેમના કાર્યો રૂપાળાં કરી દીધાં છે. પછી તેમને તેમના રબ તરફ પરત થવાનું છે. અને તે એમને બતાવી આપશે જે કરતા હતા (૧૦૮) અને તેમણે અલ્લાહની કસમ ખાધી પોતાના સોગંદમાં પૂરી કોશિશથી, કે જો તેમની પાસે કોઈ નિશાની આવશે તો અવશ્ય તેના પર ઈમાન લાવશે. તમે કહો, 'નિશાનીઓ તો અલ્લાહની પાસે છે,[૩૦૬] અને તેમને[૩૦૭] શું ખબર ! કે જ્યારે તે આવે તો એઓ ઈમાન નહીં લાવે ? (૧૦૯) અને અમે ફેરવી દઈએ છીએ તેમનાં હૃદયો અને આંખોને,[૩૦૮] જેવું તેઓ પ્રથમવાર એના પર ઈમાન ન લાવ્યા હતા.[૩૦૯] અને એમને છોડી દઈએ છીએ કે પોતાની અકડાઈમાં ભટકતા ફરે (૧૧૦)*

## :: સમજૂતી ::

**૨૯૮ :** અને ઓરત વગર ઔલાદ થઈ શકતી નથી. અને પત્ની તેની શાન (મોભા)ને લાયક નથી, કારણ કે કોઈ વસ્તુ તેના જેવી નથી.

**૨૯૯ :** તો જે છે તે તેની મખ્લૂક છે, અને મખ્લૂક ઔલાદ બની શકતી નથી. માટે કોઈ મખ્લૂકને તેની ઔલાદ કહેવી અસત્ય છે.

**૩૦૦ :** જેના ગુણો વર્ણવાયા, અને જેના ગુણો એવા હોય તે જ બંદગી યોગ્ય છે.

**૩૦૧ :** રિઝ્ક હોય કે કર્મો કે મૃત્યુ.

**૩૦૨ :** ઈદરાક : (જેનાથી તુદરિકુ બનીને આયતમાં વપરાયું છે, અને જેનો અર્થ ઘેરાવ (ઈહાતા) કરવામાં આવ્યો છે)નો અર્થ છે દેખાતી વસ્તુના છેડાઓ અને સીમાઓ પર માહિતગાર થઈ જવું, એને જ ઈહાતા કહે છે. ''ઈદરાકની'' એ જ તફસીર હઝરત સઈદ ઈબ્ને મુસય્યબ અને હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી નકલ કરવામાં આવી છે. અને મોટાભાગના તફસીરકારો ઈદરાકની તફસીર ઈહાતા (ઘેરાવવાળો એરીયા) કહે છે, અને ઈહાતો (ઘેરાવ) તેનો જ થઈ શકે જેની સીમાઓ અને દિશાઓ હોય. અલ્લાહ તઆલા માટે સીમાઓ અને દિશાઓ અશક્ય છે માટે તેનો ઈદરાક અને ઈહાતો (ઘેરાવ) પણ અસંભવ, આ જ મઝહબ અહલે સુન્નતનો છે.

ખારજી અને મુઅતઝિલા વિગેરે ગુમરાહ ફિર્કાઓ 'ઈદરાક' અને 'રૂયત' (જોવું)માં ફેર નથી કરતા તેથી તેઓ એ ગુમરાહીમાં ફસાયા કે તેમણે દીદારે ઈલાહીને 'મુહાલે અકલી' (બોધ્ધિક રીતે અશક્ય) જાહેર કર્યો. પણ ન જાણ્યું કે દીદારના ઈન્કારથી ઈલ્મનો ઈન્કાર લાગુ થાય છે. અને અલ્લાહ તઆલાને તો અસ્તિત્વ ધરાવતી બધી વસ્તુઓથી વિરૂધ્ધ ''દિશા અને પરિસ્થિતિ (કયફિયત) વગર'' જાણી શકાય છે. એ જ પ્રમાણે દેખી પણ શકાય છે. કારણ કે જો બીજી વસ્તુઓ દિશા અને પરિસ્થિતિ વગર દેખી શકાતી નથી, તો જાણી પણ શકાતી નથી.

એનું રહસ્ય એ છે કે 'રુયત' અને 'દીદ' (દેખવું) નો અર્થ એ છે કે દ્રષ્ટિ કોઈ પણ વસ્તુને તે જેવી હોય તેવી જાણે. તો જે વસ્તુ દિશાઓના આવરણમાં હશે, તેની રૂયત અને દીદ દિશાઓમાં થશે (અર્થાત તેને જોવા કોઈ પણ દિશામાં જોવું પડશે) ને જેના માટે દિશા નથી તે દિશાના આવરણ વગર દેખાશે.

**દીદારે ઈલાહી :** આખેરતમાં મુઅમિનોને અલ્લાહ તઆલાનો દીદાર થવો એ અહલે સુન્નતનો

અકીદો કુર્આન, હદીષ, સહાબાની એકમતી અને ઉમ્મતના પૂર્વજોની ઘણી દલીલોથી સાબિત છે. કુર્આન શરીફમાં ફર્માવ્યું છે :–

وُجُوْهٌ يَّوْمَئِذٍ نَّاضِرَةٌ اِلٰى رَبِّهَا نَاظِرَةٌ અમુક મોઢાંઓ તે દિવસે ખુશખુશાલ, (પોતાના રબને જોનાર હશે). આનાથી સાબિત છે કે કયામતના દિવસે મુઅમિનોને અલ્લાહનો દીદાર નસીબ થશે. આ સિવાય પણ ઘણી આયતો અને સિહાહની ઘણી હદીષોથી પણ સાબિત છે.

જો અલ્લાહનો દીદાર અશક્ય હોય તો હઝરત મૂસા علیہ السلام દીદારનો સવાલ ન કરત, رَبِّ اَرِنِيْٓ اَنْظُرْ اِلَيْكَ (હે અલ્લાહ ! મારી દ્રષ્ટિએ પડ, કે હું તને જોઉં)ની વિનંતી ન કરત. અને એના જવાબમાં اِنِ اسْتَقَرَّ مَكَانَهٗ فَسَوْفَ تَرٰىنِيْ (જો પર્વત તેની જગ્યાએ સ્થાપી રહેશે તો તું મને જોઈ શકીશ) ફર્માવવામાં ન આવત. આ દલીલોથી સાબિત થઈ ગયું કે આખેરતમાં દીદારે ઈલાહી મુઅમિનો માટે શરીઅતથી સાબિત છે, અને એનો નકાર ગુમરાહી છે.

**૩૦૩ :** કે જેથી મહોબ્બત અનિવાર્ય બને.

**૩૦૪ :** અને કાફિરોની વાહિયાત વાતો તરફ લક્ષ ન આપો. આમાં નબીએ કરીમ ﷺને સાંત્વન અપાયું છે, કે તમે કાફિરોની બકવાસથી દુઃખી ન થાવ, એ તેમનું દુર્ભાગ્ય છે કે આવી સ્પષ્ટ દલીલોથી ફાયદો ન ઉઠાવે.

**૩૦૫ :** કતાદાનું કથન છે કે, મુસ્લિમો કાફિરોની મૂર્તિપૂજાની બુરાઈ કર્યા કરતા હતા, જેથી કાફિરોને નસીહત થાય, અને તેઓ મૂર્તિપૂજાની એબથી માહિતગાર બને, પણ તે અલ્લાહને ઓળખી ન શકનાર અજ્ઞાન લોકોએ બોધગ્રહણ કરવાના બદલે અલ્લાહની શાનમાં અસભ્યતા સાથે જીભ ખોલવાની શરૂઆત કરી. તે બાબત આ આયત ઉતરી, જો કે મૂર્તિઓને બુરૂ કહેવું, (તેમની લાચારી અને નિર્જીવતાને બયાન કરવી) અને તેમની વાસ્તવિકતાને જાહેર કરવી સવાબ અને ફર્માબરદારી છે, પણ અલ્લાહ અને તેમના રસૂલની શાનમાં કાફિરોની બદગોઈ રોકવા ખાતર એની મનાઈ કરવામાં આવી.

ઈબ્ને અમ્બારીનું કથન છે કે હુકમ ઈસ્લામના ઉદયકાળમાં હતો, જ્યારે અલ્લાહે ઈસ્લામને તાકાત આપી ત્યારે મન્સૂખ થઈ ગયો.

**૩૦૬ :** જ્યારે તે ઈચ્છે છે ત્યારે હિકમતના તકાદા અનુસાર ઉતારે છે.

**૩૦૭ :** હે મુસલમાનો !

**૩૦૮ :** સત્ય માનવા અને દેખવાથી.

**૩૦૯ :** તે નિશાનીઓ પર જે નબીએ કરીમ ﷺના મુબારક હાથે જાહેર થઈ હતી જેમ કે ચંદ્રના ટુકડા થવા વિગેરે ખુલ્લા મુઆજિઝાઓ.


## સુન્ની મેરેજ બ્યૂરો કોર્નર

**પીરઝાદા સૈયદ વિધુર** : ઉમર લગભગ ૬૦ વરસ, પત્નીનો ઈન્તેકાલ થવાથી યોગ્ય પાત્ર માટે જાહેરાત કરી છે. સુખી સંપન્ન મશહૂર સૈયદ ઘરાનાના છે. સૈયદ ખાનદાનનું પાત્ર હોય તો બેહતર, નહીં તો અન્ય જાતીની પણ ૪૦–૪૫ વરસ આસપાસની ખાતૂન અને આલિમા ફાઝિલાને પ્રથમ પસંદગી રહેશે. હાલ રહેવાસી અમદાવાદ તરફ. વધુ માટે સંપર્ક કરો : **મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧**

**મલેક યુવાન** : ઉમર–૨૩ વરસ, ધંધો : વ્યાપારી લાઈન, શાકભાજી, કટલરીનો વાન ગાડીમાં ફેરીનો ધંધો ચાલુ છે. ૩ ભાઈ છે એક ભાઈની શાદી થઈ છે. મા બાપ સાથે રહે છે. ઘરનુ ઘર છે. (જંબુસર તરફ) યોગ્ય પાત્ર માટે જાહેરાત કરી છે. **ફોન નં. ૭૪૮૫૯ ૭૫૯૨૫** અથવા **૯૪૨૭૪ ૬૪૪૧૧** પર છોકરીવાળા સંપર્ક કરે.

# દર્સે હદીષે પાક

## મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

### એટલે મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત (ભાગ-૨)


**અઝ :** હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી **અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની** رحمۃ اللہ علیہ

**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા-માસિક)*


*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે મારા પર કોઈ શખ્સ સલામ નથી મોકલતુ પણ અલ્લાહ મારા પર મારી રૂહ પરત કરે છે, ત્યાં સુધી કે હું એનો જવાબ આપું છું.[૧]" (બયહકી, અબૂ દાઊદ,) દઅવાતે કબીર.*

**૧.** અહીં રૂહથી મુરાદ ધ્યાન છે, ન કે તે જાન જેનાથી જિંદગી કાયમ છે. હુઝૂર તો કાયમી હયાત સાથે ઝિંદા છે. આ હદીષનો એ મતલબ નથી કે હું આમ તો બેજાન રહું છું પણ કોઈના દુરૂદ પઢવા પર ઝિંદા થઈને જવાબ આપતો રહું છું. નહીં તો દર પળે હુઝૂર પર લાખો દુરૂદ પઢવામાં આવે છે, તો લાઝિમ થશે કે દરેક પળે લાખોવાર આપની રૂહ નીકળતી તથા દાખલ થતી રહે. યાદ રાખશો કે હુઝૂર એક પળમાં અગણિત પઢનારાઓ તરફ સરખુ ધ્યાન રાખે છે, સૌના સલામનો જવાબ આપે છે, જેવી રીતે સૂરજ એક જ સમયે સર્વ વિશ્વ પર ધ્યાન કરી લે છે, એ જ પ્રમાણે નબુવ્વતના આસ્માનના સૂરજ એક જ સમયમાં સૌનુ દુરૂદ તથા સલામ સાંભળી પણ લે છે અને એનો જવાબ પણ આપે છે, પરંતુ એમાં આપને કોઈ તકલીફ પણ મેહસૂસ નથી થતી ! કેમ ન હોય કે મઝહરે ઝાતે કિબ્રિયા છે. રબ તઆલા એક જ સમયે સૌની દુઆઓ સાંભળે છે.

*"તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ને ફર્માવતાં સાંભળ્યા કે તમારાં ઘરોને કબ્રસ્તાન ન બનાવો.[૧] અને મારી કબ્રને ઈદ ન બનાવો[૨] અને મારા પર દુરૂદ મોકલ્યા કરો કે તમારું દુરૂદ મને પહોંચે છે તમે જ્યાં પણ હોવ.[૩] (નિસાઈ)*

**૧.** એટલે ઘરોમાં મુડદાં દફન ન કરો, બહાર જંગલમાં દફન કરો. પોતાના ઘરમાં દફન થવું હુઝૂર صلی اللہ علیہ وسلم ની વિશિષ્ટતા છે. અથવા તમારાં ઘરોને કબ્રસ્તાનની જેમ અલ્લાહના ઝિક્રથી ખાલી ન રાખો, બલ્કે ફર્ઝો મસ્જિદોમાં અદા કરો અને નફલો ઘરોમાં.

**૨.** એટલે કે જેવી રીતે ઈદગાહમાં વરસમાં કેવળ બે વાર જાય છે એ રીતે મારા મઝાર પર ન આવો, બલ્કે મોટાભાગે હાજરી આપ્યા કરો. અથવા જેવી રીતે ઈદના દિવસે ખેલકૂદના માટે મેળામાં જાવ છો એ રીતે તમો મારા રોઝા પર બેઅદબીથી ન આવ્યા કરો, બલ્કે બાઅદબ રહ્યા કરો.

**૩.** મિર્કાતે અહીં ફર્માવ્યું કે અરવાહે કુદસિયા શરીરથી નીકળીને ફરિશ્તાઓની જેમ થઈ જાય છે કે તે પૂરા જગતને હાથની હથેળીની જેમ જુએ છે, અને એમના માટે કોઈ પર્દો નથી રહેતો. આ જ લખાણ થોડાક ફરકની સાથે અશિઅતુલ લમ્આતે પણ વર્ણવ્યું. જેથી આ હદીષનો અર્થ એ થયો કે તમે જ્યાં પણ હોવ તમારા દુરૂદનો અવાજ મારા સુધી પહોંચે છે. જ્યારે આજે વીજળીની શક્તિ વડે વાયરલેસ તથા રેડીયોના થકી (અને હવે તો TV મોબાઈલ થકી) લાખો માઈલોના અવાજો સાંભળી લેવામાં આવે છે, તો જો નબુવ્વતની શક્તિ વડે દુરૂદનો અવાજ સાંભળી લેવામાં આવે

તો શું નડી શકે છે ?! યાકૂબ علیہ السلامએ સેંકડો માઈલથી યૂસુફ علیہ السلامના પહેરણની ખુશ્બુ પામી. સુલૈમાન علیہ السلامએ ત્રણ માઈલથી કીડીનો અવાજ સાંભળ્યો, જ્યારે આજ સુધી કોઈ શક્તિ કીડીનો અવાજ (નજીકથી પણ) નથી સાંભળી શકી, તો આપણા હુઝૂર ﷺ પણ દુરૂદ પઢનારાઓનો અવાજ જરૂર સાંભળે છે.

*"તેમનાથી જ રિવાયત છે ફર્માવે છે કે રસૂલૂલ્લાહ ﷺએ ફર્માવ્યું, કે તેનું નામ ધૂળમાં રગદોળાય જેની પાસે મારો ઝિક્ર થાય અને મારા પર દુરૂદ ન પઢે.[1] તેનું નામ ધૂળમાં રગદોળાય જેના પર રમઝાન આવે, પછી તેની બખ્શિશથી પહેલાં પસાર થઈ જાય. તેનું નાક ધૂળમય બને જેની સામે તેનાં માબાપ અથવા એમનામાંથી એક વૃધ્ધાવસ્થા પામે અને તેને જન્નતમાં ન પહોંચાડો.[2]" (તિર્મિઝી)*

**૧.** એટલે કે **એવો મુસલમાન ઝલીલો ખાર (બેઈજ્જત) થઈ જાય જે મારું નામ સાંભળીને દુરૂદ ન પઢે.** અરબીમાં આ બદદુઆથી મુરાદ નારાઝગીનું પ્રદર્શન થાય છે, ખરેખર બદદુઆ મુરાદ નથી. આ હદીષના આધારે અમુક ઉલમાએ ફર્માવ્યું કે એક જ મજલિસમાં જો કેટલીકવાર હુઝૂરનું નામ શરીફ આવે તો દરેક વખતે દુરૂદ શરીફ પઢવું વાજિબ છે, પણ આ દલીલ કાંઈક કમજોર જેવી છે. કેમ કે "રગિમ અન્ફ" હલકુ વાક્ય છે જેનાથી દુરૂદનું મુસ્તહબ હોવું સાબિત થઈ શકે છે ન કે વાજિબ હોવું. **મતલબ એ છે કે જે વિના મહેનતે દસ રહમતો, દસ દરજા, દસ ગુનાહની માફી હાંસલ ન કરે તે મહાન બેવકૂફ છે.**

**૨.** એટલે તે મુસલમાન પણ ઝલીલોખાર થઈ જાય જે રમઝાનનો મહિનો પામે અને તેનો એહતેરામ તથા એમાં ઈબાદતો કરીને ગુનાહ ન બખ્શાવે. એ જ પ્રમાણે **તે પણ બેઈજ્જત થાય જેણે જવાનીમાં માબાપનો બુઢાપો પામ્યો પછી તેમની ખિદમત કરીને જન્નતી ન બન્યો. વૃધ્ધાવસ્થાનું વર્ણન એટલા માટે કર્યું કે વૃધ્ધાવસ્થામાં ઔલાદની ખિદમતની અધિક જરૂરત હોય છે અને એ સમયની દુઆ ઔલાદનો બેડોપાર કરી દેતી હોય છે.** યાદ રાખશો કે આ ત્રણેવ ચીજો મુસલમાનના માટે ફાયદાકારક છે. કાફિર કોઈ નેકી વડે જન્નતી નથી થઈ શકતો, હા ! અમુક નેકીઓના કારણે તેને ઈમાન લાવવાની તૌફીક મળી જાય છે, અને અમુકની બરકતથી તેનો અઝાબ હલકો થઈ જાય છે.

*"હઝરત અબૂ તલ્હા رضی اللہ عنہથી[1] રિવાયત છે કે એક દિવસે રસૂલુલ્લાહ ﷺ તશરીફ લાવ્યા અને ખુશી આપના ચેહરએ અન્વરમાં હતી. ફર્માવ્યું કે મારી પાસે હઝરત જિબ્રઈલ આવ્યા, અર્ઝ કરી કે આપનો રબ ફર્માવે છે, હે મુહમ્મદ ! શું તમે એના પર રાજી નથી કે તમારો કોઈ ઉમ્મતી તમારા પર એકવાર દુરૂદ ન મોકલે પણ હું તેના પર દસ રહમતો કરું. અને આપનો કોઈ ઉમ્મતી આપ પર સલામ ન મોકલે પણ હું એના પર દસ સલામ મોકલું.[2] (નિસાઈ, દારમી).[3]"*

**૧.** આપનું નામ સહલ ઈબ્ને ઝયદ છે. હઝરત અનસ સોતેલા (મત્રાઈ) પિતા છે. આપના હાલાત અગાઉ વર્ણન થઈ ચૂક્યા.

**૨.** રબના સલામ મોકલવાથી મુરાદ ક્યાં તો ફરિશ્તા થકી તેને સલામ કહેવડાવે છે અથવા આફતો તથા મુસીબતોથી સલામત રાખવું. હુઝૂર ﷺને એ ખુશખબરી એટલા માટે આપવામાં આવી કે **આપને પોતાની ઉમ્મતની રાહતથી ખૂબ જ ખુશી થાય છે, જેવો કે પોતાની ઉમ્મતની તકલીફથી ગમ થાય છે.** આ હદીષ આ આયતની મુઅય્યદ (સમર્થક) છે. **وَلَسَوْفَ يُعْطِيْكَ رَبُّكَ فَتَرْضٰى**

**૩.** આ હદીષને ઈબ્ને હબ્બાને અઝની સહીહમાં, હાકિમે મુસ્તદરકમાં, ઈબ્ને અબી શયબાએ મુસન્નફમાં અને અહમદે પણ રિવાયત કરી. હાકિમની રિવાયતના છેવટમાં છે કે એના પર મેં શુક્રનો સજદો અદા કર્યો.

*"હઝરત ઉબય ઈબ્ને કઅબ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم હું આપના પર ખૂબ જ દુરૂદ પઢું છું, તો દુરૂદ કેટલું નિશ્ચિત કરું ?[1] ફર્માવ્યું, જેટલુ ચાહો ! મેં કહ્યું, ચોથાઈ ? ફર્માવ્યું, જેટલુ ચાહો ! જો દુરૂદ વધારી દો તો તમારા માટે બેહતર છે. મેં કહ્યું, અડધો ? ફર્માવ્યું, જેટલું ચાહો! જો દુરૂદ વધારી દો તો તમારા માટે બેહતર છે. મેં કહ્યું, ૨/૩ હિસ્સો ? તો ફર્માવ્યું જેટલુ ચાહો ! પરંતું જો દુરૂદ વધારી દો તો તમારા માટે બેહતર છે.[2] મેં કહ્યું, હું પૂરો દુરૂદ જ પઢીશ.[3] ફર્માવ્યું, ત્યારે તારા ગમો માટે પૂરતુ થશે અને તમારા ગુનાહ મિટાવી દેશે.[4]" (તિર્મિઝી)*

**૧.** અમુક શરહકર્તાઓએ ફર્માવ્યું કે અહીં સલાતથી મુરાદ દુઆઓ છે. સવાલનો હેતુ એ છે કે મારા માટે હદ નિશ્ચિત કરી દેવામાં આવે કે મારા સર્વ દુરૂદો તથા વઝીફામાં દુરૂદ કેટલુ પઢું અને બાકીના ઝિક્રો દુઆઓ કેટલી ?

**૨.** એટલે કે દુરૂદની અધિકતા નફલ છે, નફલમાં નિશ્ચિત કરવાનો હક્ક઼ બંદાને હોય છે. રાવીના ચોથાઈ કે અડધો ફર્માવવાનો મતલબ એ છે કે તમામ દુરૂદ વઝીફાઓના ત્રીજા ભાગમાં કે અડધામાં દુરૂદ પઢું અને બાકીમાં સર્વ વઝીફા પઢું. જવાબ મળ્યો કે દુરૂદ જેટલુ વધારે એટલુ જ બેહતર છે.

**૩.** એટલે સર્વ દુરૂદ, વઝીફા, દુઆઓ છોડી દઈશ, સૌના બદલે દુરૂદ જ પઢીશ. કેમ કે પોતાના માટે દુઆ માગવાથી બેહતર એ છે કે દરેક સમયે આપને દુઆઓ આપ્યા કરું.

**૪.** એટલે કે જો તમે એવું કરી લીધું તો તમારી દીન તથા દુનિયા બંનેવ સંવરી જશે. દુનિયામાં રંજો ગમ દૂર થશે. આખેરતમાં ગુનાહોની માફી થશે. આના આધારે ઉલમા ફર્માવે છે કે **જે તમામ દુઆઓ વઝીફા છોડીને હમેશાં ખૂબ જ પ્રમાણમાં દુરૂદ પઢયા કરે તો તેને વિના માગ્યે સર્વ કાંઈ મળશે અને દીન તથા દુનિયાની મુશ્કેલીઓ આપોઆપ હલ થશે.** આ હદીષોથી જાણવા મળે છે કે હુઝૂર صلی اللہ علیہ وسلم પર દુરૂદ મોકલવું હક઼ીક઼તમાં રબથી પોતાના માટે ભીખ માગવું છે. આપણા ભીખારી આપણા બાળકોને દુઆઓ આપીને આપણાથી માગે છે. આપણે રબના ભીખારી છીએ જેથી તેના હબીબને દુઆઓ આપીને તેનાથી ભીખ માગીએ. આપણા દુરૂદથી હુઝૂર صلی اللہ علیہ وسلمનું ભલુ નથી થતુ, બલ્કે આપણુ પોતાનુ ભલુ થાય છે. આ તકરીરથી ચકળાલ્વીઓને તે વાંધો પણ ઉઠી ગયો કે જ્યારે હુઝૂર صلی اللہ علیہ وسلم પર દરેક વખતે રહમતોની વર્ષા થઈ રહી છે, તો તેમના માટે રહમતની દુઆ કરવાથી શો ફાયદો ?! શયખ અબ્દુલ હક્ક઼ ફર્માવે છે કે મને અબ્દુલવહહાબ મુત્તક઼ી જ્યારે પણ મદીનાથી વિદાય કરતા તો ફર્માવતા કે **સફરમાં ફર્ઝો પછી દુરૂદથી વધીને કોઈ દુઆ નથી.** પોતાના સર્વ સમયોને દુરૂદમાં ઘેરો અને પોતાને દુરૂદના રંગમાં રંગી લો.

*"હઝરત ફઝાલા ઈબ્ને ઓબૈદ رضی اللہ عنہ થી[1] રિવાયત છે. ફર્માવે છે કે હુઝૂર صلی اللہ علیہ وسلم તશરીફ ફર્મા હતા એવામાં એક માણસ આવ્યો. તેણે નમાઝ પઢી પછી કહ્યું, ઈલાહી ! મને બખ્શી દે અને રહમ કર. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, હે નમાઝી તેં જલ્દી કરી ! જ્યારે તું નમાઝ પઢીને બેસે તો અલ્લાહની હમ્દ કર જેનો તે લાયક છે. અને મારા પર દુરૂદ મોકલ પછી દુઆ કર.[2] ફર્માવે છે કે ત્યારબાદ બીજા શખ્સે નમાઝ પઢી. પછી અલ્લાહની હમ્દ તથા નબી صلی اللہ علیہ وسلم પર દુરૂદ મોકલ્યું. તો નબી صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યુ, હે નમાઝી ! માગ ! ક઼બૂલ થશે ![3] (તિર્મિઝી) અબૂ દાઊદ તથા નિસાઈએ એના જેવી રિવાયત કરી.[4]"*

**૧.** આપ સહાબી, અન્સારી, અવસી છે. કુન્નિયત અબૂ મુહમ્મદ છે. ગઝવએ ઓહદ તથા ખૈબરમાં હાજર રહ્યા. બયઅતે રિદ્વાનમાં શરીક હતા. દમિશ્કમાં વસવાટ રહ્યો. અમીર મુઆવિયહ رضی اللہ عنہની તરફથી ત્યાંના ક઼ાઝી રહ્યા. હિ.સ. ૫૩માં ત્યાં વફાત પામ્યા.

૨. કેમ કે રબ આપનારો છે અને તેના હબીબ ﷺ અપાવનારા તથા વહેંચનારા છે. અથવા એવું કહો કે રબથી માગવું છે તો હુઝૂર ﷺના વસીલાથી માગવાનું છે, જેથી હમ્દ તથા સલાત પછી માગો.

૩. આ પરથી જાણવા મળ્યું કે કોઈ દુઆ હમ્દ તથા સલાત વિના ક઼બૂલ નથી થતી, આ બંનેવ દુઆની ક઼બૂલિયતની શર્તો છે. ૪. એ જ પ્રમાણે એને ઈબ્ને ખુઝૈમા, હાકિમ તથા ઈબ્ને હબ્બાને નકલ કરી. તિર્મિઝીએ એને સહીહ કહી.

*'હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہથી રિવાયત છે કે હું નમાઝ પઢી રહ્યો હતો અને નબી ﷺ અને અબૂબક્ર તથા ઉમર આપની સાથે હતા.[૧] જ્યારે હું બેઠો તો અલ્લાહની હમ્દથી શરૂઆત કરી, પછી નબી ﷺ પર દુરૂદ. પછી મેં મારા માટે દુઆ કરી, તો નબી ﷺએ ફર્માવ્યું, માગી લે ! આપવામાં આવશે. માગી લે ! આપવામાં આવશે.[૨]'' (તિર્મિઝી)*

૧. એટલે કે હઝરત નમાઝથી ફારિગ થઈને મસ્જિદમાં જ બેઠેલા હતા. હું નવાફિલ વગેરે પઢી રહ્યો હતો, કેમ કે હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ અલગ ફર્ઝ પઢતા ન હતા. જમાઅતથી પઢતા હતા. જાણવા મળ્યું કે નમાઝ બાદ મસ્જિદમાં થોડુક રોકાવું સુન્નત છે. ૨. આ પરથી અમુક મસ્અલા જાણવા મળ્યા : એક એ કે **નમાઝ બાદ દુઆ માગવી સુન્નત** છે. બીજુ એ કે દુઆમાં ક્રમ એવો હોવો જોઈએ કે પ્રથમ હમ્દે ઈલાહી કરે, પછી દુરૂદ શરીફ પઢે, પછી પોતાના ગુનાહોની માફી ચાહે. જેવું અમુક રિવાયતોમાં છે, પછી દુઆ માગે. શામીએ ફર્માવ્યું કે દુઆ દરમિયાન વારંવાર દુરૂદ શરીફ પઢતો રહે. દુરૂદોથી ભરેલી દુઆ ઈન્શાઅલ્લાહ ! રદ નથી થતી.

## (વિભાગ : 3) الفصل الثالث

*''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જેને પસંદ હોય કે એને પૂરુ માપ મળે[૧] તો જ્યારે અહલે બયત પર દુરૂદ મોકલે તો કહે, ઈલાહી ! ઉમ્મી નબી હુઝૂર મુહમ્મદ પર[૨] અને મુસલમાનોની માઓ એટલે હુઝૂરની બીવીઓ પર અને એમની ઔલાદ પર અને અહલે બયત પર[૩]રહમત મોકલ જેવી રીતે આલે ઈબ્રાહીમ પર તેં રહમત મોકલી.[૪]તું હમ્દ તથા બુઝુર્ગીવાળો છે. (અબૂ દાઊદ)*

૧. એટલે કે દુરૂદનો પૂરો સવાબ મળે અને દુઆ પૂર્ણપણે ક઼બૂલ થાય તેમજ દરેક મુરાદ હાંસલ થાય. ૨. હુઝૂર ﷺ નબી પણ છે અને ઉમ્મી પણ છે. નબીનો અર્થ છે ગયબની ખબરો આપનાર અથવા ઉમ્મતની ખબર રાખનાર, અથવા બેકસો (લાચારો)ની ખબર લેનાર અથવા શાનવાળો. આ શબ્દ બિતાઅ્થી બન્યો અથવા નબુવ્વતથી. શરીઅતમાં ''નબી'' તે ઈન્સાન છે જેના પર વહી કરવામાં આવે. તબ્લીગનો હુકમ હોય કે ન હોય. સંબંધિત છે, માના અર્થમાં, અથવા અસલમાં હુઝૂરના ઉમ્મી હોવાનો એ અર્થ છે કે આપ ઉમ્મુલકુર્રા એટલે કે મક્કા મઅઝ્ઝમાના રહેવાસી છે. મક્કા મોઅઝ્ઝમા સર્વ જમીનોનું મૂળ (કેન્દ્ર) છે, જેથી ઉમ્મુલ કુર્રા કહેવાય છે અથવા એ કે આપ કોઈનાથી શિખ્યા વિના માના પેટથી આલિમ, આરિફ બિલ્લાહ પેદા થયા, અથવા એ કે આપ ઉમ્મુલ કિતાબ એટલે લોહે મહફૂઝના આલિમ તથા હાફિઝ છે. આપ ઘણા શાનદાર માના ફરઝંદ છે કે આમિના ખાતૂન જેવી મા ન કોઈ થઈ ન કોઈ થાય. (رضی اللہ عنہا) સૈયદના આમિના ખાતૂનના ફઝાઈલ અમારી કિતાબ ''તફસીરે નઈમી'' ભાગ–૧માં જુઓ.

૩. આ અતફ તફસીરી છે કેમ કે હુઝૂર ﷺની બીવીઓ અને ઔલાદ જ તો અહલે બયત છે. હુઝૂર ﷺની સર્વ બીવીઓ ઈજ્જત તથા એહતેરામ અને નિકાહની હુર્મતના લેહાઝથી મુસલમાનોની માઓ છે. જો કે એમનાથી પર્દો વાજિબ છે, એમના વારસાની પાત્રતાવાળી નથી, એમની ઔલાદ સાથે ઉમ્મતનો નિકાહ જાઈઝ છે, એટલે કે તેઓ બહેનો નથી. ૪. આલે ઈબ્રાહીમમાં હુઝૂર પણ સામેલ છે, જેથી આ કલમમાં પણ હુઝૂર પર દુરૂદ થયું. –*(ક્રમશઃ)*

## શરહે હદાઈકે બખ્શિશ
ભાગ-૨

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન ક઼ાદરી (લાહોર)
:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

*તેરા ખાએં તેરે ગુલામોંસે ઉલઝે – હય મુન્કિર અજબ ખાને ગુર્રાનેવાલે*

**'યા એબાદી' ! કહ કે હમકો શાહને**
**અપના બંદા કર લિયા, ફિર તુઝકો ક્યા**

**અર્થાત :** કુર્આન મજીદમાં અલ્લાહના હુકમથી قُلْ یٰعِبَادِیَ الَّذِیْنَ اَسْرَفُوْا عَلٰۤی اَنْفُسِهِمْ لَا تَقْنَطُوْا مِنْ رَّحْمَةِ اللّٰهِ ؕ આપ ફર્માવી દો, હે મારા બંદાઓ ! જેમણે પોતાની જાનો પર જુલ્મ કર્યા છે, અલ્લાહની રહમતથી મહરૂમ ન થઈ જાવ, બેશક ! અલ્લાહ તઆલા (તમારા) સર્વ ગુનાહ માફ ફર્માવી દેશે. અને આપણા આકા઼ તથા મૌલા ﷺએ "હે મારા બંદાઓ ! (યા એબાદી !)" ફર્માવીને અમને તેમના બંદા (ગુલામ, નોકર) કરી લીધા છે, તો હે નજદી ! તું કેમ હસદમાં બળી રહ્યો છે ! તારું એમાં શું કામ ! ન તું તેમનો ગુલામ છે ન તો તે તારા આકા઼ ! ન તો તું તેમને પોતાના આકા઼ માનવા તૈયાર છે, નહીં તો એવું શાથી કહેતો કે, "તારો ડંડો એમનાથી અધિક ફાયદો પહોંચાડી શકે છે." (અસ્તગફિરુલ્લાહ !) જેમ કે નજદીએ લખ્યું છે. અને રોઝએ અક઼દસને શહીદ કરવાનો તો તમામ નજદી વહાબીઓએ ફત્વો જારી કરી દીધો છે ! જ્યારે કે અમારો તો અકી઼દો છે કે :–

*સરકાર કા ફયઝ નિરાલા દેખા–હર ચીઝમેં નૂર શહેવાલા દેખા*
*હૈ અર્શસે ફર્શ તક ઉસીકા જલ્વા–જબ ગૌર કિયા મદીનેવાલા દેખા*

**દેવ કે બંદોંસે કબ હૈ યહ ખિતાબ**
**તૂ ન ઉનકા હૈ ન થા, ફિર તુઝકો ક્યા**

**અર્થાત :** યા એબાદી ! (હે મારા બંદાઓ !)નું સંબોધન ખુદાના બંદાઓને છે ન કે દેવના બંદાઓ (દેવબંદીઓ)ને, જેમણે ન કદી પહેલાં પોતે પોતાને અબ્દે મુસ્તફા સ્વીકાર્યા ન અત્યારે કરી રહ્યા છે, ન ભવિષ્યમાં સ્વીકાર કરવાની ઉમ્મીદ છે.

જેઓ એટલા પ્રકારમાં જિદ્દી તથા પૂર્વગ્રહવાળા હોય કે મદીના પાક તથા બગદાદ પાકથી ચીડાયને અલ્લાહ સિવાય અન્યને પાક કહેવાનું પણ શિર્ક કહી દે ! જ્યારે કે ખાવા, કપડાં, જમીન અને હજારો ચીજોને હજારો વખતે પોતાના મોઢેથી પાક કહે છે, પણ મદીના તથા બગદાદને પાક કહેવાની વાત આવે તો કહે છે કે અમારા મૌલાના પાક બોલવું ગૈરુલ્લાહને માટે શિર્ક કહે છે ! એવાઓને ખુદા તથા ખુદાના રસૂલ સાથે શું સંબંધ ?! એવા તો દેવના જ બંદા હોય શકે છે, તો એઓ ક્યારે માન્ય કરશે કે કોઈ મહોબ્બતમાં અલ્લાહના મહબૂબ ﷺને આ પ્રમાણે કહે ?!

*શાહા તેરી રહમતકા ઈશારા હો જાએ – રોશન મેરે બખ્તકા સિતારા હો જાએ*
*ઈસ સાનેઅ મુત્લક઼ કો જો આયી હૈ પસંદ – વો શક્લ મેરી આંખકા તારા હો જાએ*

હે નજદી બદબખ્ત ! તારા વિશે તો મારા આક઼ાએ કેટલી સદીઓ પહેલાં જ ફર્માવી આપ્યું છે : لا یعودون فیه حتی یعود السهم الی فوقة "તેઓ દીનથી એવા નીકળી જશે. અને પરત નહીં આવી શકે જેવી રીતે તીર કમાનથી નીકળી ગયા પછી પરત નથી આવતું." *(કન્ઝુલ ઉમ્માલ, ૪/૩૪)* જેથી ભવિષ્યમાં પણ કોઈ ઉમ્મીદ નથી કે તું મુસ્તફા ﷺની ગુલામીમાં પરત આવી શકે જાણે તુ અઝલથી અબદ સુધી અલગ છે. આ તારી બદનસીબી નથી તો શું છે ?! હે સોચનેકી બાત ઈસે બાર બાર સોચ !

**દશ્તે ગરદૂ પેશે તયબહકા અદબ**
**મક્કા સા થા યા સિવા ફિર તુઝકો ક્યા**

**અર્થાત** : અને હે ગુસ્તાખ નજદી ! જ્યારે તું મક્કાવાળા તથા મદીનાવાળા (મક્કી–મદની) આક઼ાની અઝમતનો જ મુન્કિર છે તો પછી તને શું હક્ક઼ છે કે એ બહષોમાં પડે કે મક્કા અફઝલ છે કે મદીના ?! અને મદીનાના મેદાન તથા રણો અફઝલ છે. આ વધારે શાનવાળુ છે કે તે ?! તારે એની સાથે શું લેવા દેવા ?! આ વિષય તો ઈશ્ક઼ો મહબ્બતવાળાઓનો છે અને અદબ તથા એહતેરામવાળાઓનો છે જેનાથી તારો દામન પૂરેપૂરો ખાલી છે. તારાથી મોટો બદનસીબ કોણ હશે.

**નજદી મરતા હૈ કે ક્યૂં તા'ઝીમ કી**
**યહ હમારા દીન થા ફિર તુઝકો ક્યા**

**અર્થાત** : આ નજદી બાકીનું સર્વ કાંઈ સહન કરી શકે છે, બલ્કે શરાબ, ઝિના જેવી લઅનતો પર પણ એને એટલો ગુસ્સો નથી આવતો જેટલો કે મેહફિલે મીલાદ (જે સરાસર તાઝીમે મુસ્તફા ﷺ માટે થાય છે) પર એને એવો ગુસ્સો આવે છે કે ગુસ્સાથી પાગલ થઈ જાય છે અને સળગીને ક઼બાબ બની જાય છે. અરે ! જાલિમ ! તું જા જહન્નમમાં (قل موتوا بغيظكم "તેમને કહી દો કે મરી જાવ પોતાના ગુસ્સામાં.") આ તો અમારો દીન તથા અક઼ીદો છે, તું શા માટે મરવા પડયો છે અને તને કેમ સાપ સુંઘી ગયો છે ?!

**એક અજબની હિકાયત** : મૌલાના મુહમ્મદ શેર સાહબ "સુન્ની ઉલમાકી હિકાયત"માં લખે છે કે :

ઈ.સ. ૧૯૫૪માં જ્યારે હું હજના માટે ગયો અને સરવરે આલમ ﷺના હુઝૂર હાજર થયો તો મેં જોયું કે નજદી સિપાહી રોઝા શરીફની જાળીને ચૂમવાનુ તો શિર્ક સમજે જ છે, તેઓ મસ્જિદની દીવાલને ચૂમવાથી પણ રોકે છે ! અને આશ્ચર્ય એ વાત પર થયું કે મસ્જિદની દીવાલને ચૂમવાથી તો રોકે છે પણ મસ્જિદના નજદી ઈમામના હાથ લોકો ચૂમતા હતા એમાં તેમને શિર્ક નજર નથી આવ્યું !

એક દિવસે અસરની નમાઝ બાદ હું ખૂબ જ ભીડભાડમાં મસ્જિદના મેહરાબને અડીને ઉભો રહીને બારગાહે રિસાલતમાં સલામ અર્ઝ કરી રહ્યો હતો. મારા એક સાથીએ મસ્જિદની દીવાલને ચૂમી લીધી. મસ્જિદનો નજદી ઈમામ મેહરાબમાં બેઠો હતો અને તેની સાથે જ એક નજદી સિપાહી બેઠો હતો. તે સિપાહીએ તરત જ મારા સાથીને ધમકાવ્યો અને કહ્યું, حاجی! ھذا حرام "હાજી ! આ હરામ છે !" મેં તે જ વખતે એ સિપાહીને સંબોધીને કહ્યું : اَلنَّاسُ یُقَبِّلُوْنَ یَدَالْاِمَامِ لِمَ لَا تَمْنَعُهُمْ "લોકો જ્યારે મસ્જિદના ઈમામનો હાથ ચૂમે છે તો એ વખતે તમે

તેમને કેમ નથી રોકતા ?" નજદી સિપાહીએ મને જોયો કે આ કોઈ અરબી બોલવાવાળો પાકિસ્તાની છે, તો કહેવા લાગ્યો : هُوَيَدُالْعَالِمْ "આ તો આલિમનો હાથ છે !" મેં કહ્યું : وَهٰذَا جِدَارُ مَسجِدِ النَّبِیِّ "અને આ મસ્જિદે નબવીની દીવાલ છે." તે બોલ્યો : هٰذَا حَجَرٌ وَمَدَرٌ "આ પથ્થર તથા માટી છે." તો મેં જવાબ આપ્યો : وَهُوَ لَحْمٌ وَعَظْمٌ "અને તે ગોશ્ત તથા હાડકાં છે !" એના પર તે અન્ય તો કાંઈ ન કહી શક્યો, હા ! એવું કહ્યું : رُحْ رُحْ "ચાલ ! ચાલ !" તો મેં પણ કહ્યું, اَنْتَ رُحْ "તું પણ ચાલ !"

**દેવ તુઝસે ખુશ હૈ ફિર હમ ક્યા કરેં**
**હમસે રાઝી હૈ ખુદા ફિર તુઝકો ક્યા**

**અર્થાત** : શૈતાન જો પોતાના ચેલાઓ (નજદીઓ)થી ખુશ છે તો થતો રહે, અમારે શું ?! અને અમારો ખુદા પોતાના મહબૂબ ﷺના સદકાથી અમારા પર ખુશ છે તો તારે શું ?! તને તે મુબારક અમને આ મુબારક !

*યહ બળે કરમ કે હૈ ફૈસલે – યહ બળે નસીબકી બાત હૈ*

રાષ્ટ્રગીતના સન્માનમાં ઉભા થઈ જવાનું તમારા મુકદ્દરમાં આવ્યું અને સલાતો સલામના માટે ઉભા થવાનું અમારા નસીબમાં છે.

નજદી હુકૂમતની વર્ષગાંઠ "ઈદુલ વતની" ધૂમધામથી મનાવવી એ તમારું મુકદ્દર, અને અમારા આકા ﷺની મીલાદે પાકના દિવસે જશ્ન મનાવીને فلیفر حوا તથા واما بنعمة ربک فحدث એ અમલ કરવો અમારું નસીબ છે.

**એક આશ્ચર્યજનક બનાવ** : અલ્લામા ઈકબાલ ટાઉન નશતર બ્લોકમાં કારી હુસૈન રિફાઈના મકાન પર કુવૈતના માજી વઝીર અને રિફાઈ સિલસિલાના રૂહે રવાં હઝરત સૈયદ હાશિમ રિફાઈએ મૌલાના અબ્દુલ હકીમ શરફ કાદરી, મુફ્તી મુહમ્મદ, મુફ્તી મુહમ્મદખાન કાદરી અને અન્ય કેટલાય ઉલમાની મૌજૂદગીમાં (આ આજિઝ ગુલામ હસન કાદરી પણ ત્યાં હાજર હતો) હાજી મુહમ્મદ ઈસ્હાક મર્હૂમ (દારોગાવાળા)ના સાહબઝાદા અબ્દુર્રઝ્ઝાક સાહબની ઝબાનથી એક બનાવ સંભળાવ્યો (કેમ કે શયખની ભાષા અરબી છે, તેમણે ચાહ્યું કે સર્વ લોકો સમજી જાય અને વળી આ બનાવ ખુદ અબ્દુર્રઝ્ઝાક સાહબ સાથે ઉપસ્થિત થયો એટલા માટે એમની જ ઝબાન વડે સંભળાવ્યો) જેથી હાજી અબ્દુર્રઝ્ઝાક સાહબે વર્ણવ્યું કે હું જ્યારે પ્રથમ વાર સઊદિયા ગયો તો મારા એક જાણવાવાળાએ મને કેટલોક સામાન આપ્યો કે મારા ફલાણા દોસ્તને પહોંચાડી આપજો. મેં ચેક ન કર્યું કે એમાં શું શું છે ? જિદ્દાથી મક્કા અને મક્કાથી મદીના ગયો તો કેટલાક સિપાહી પોલીસ સ્ટેશન લઈ ગયા (વિના કારણે) મારો સામાન ખોલ્યો તો એ સામાનમાંથી જે મેં કોઈનો ઉઠાવેલો હતો એક સ્ત્રીની નગ્ન તસ્વીરો નીકળી. તસ્વીર શું નીકળી કે મારા પગો નીચેથી જમીન સરકી ગઈ ! દિલમાં વિચાર્યું કે હવે બચી શકીશ નહીં ! સઊદિયામાં તો આ મામલામાં સાંભળ્યું છે કે ખૂબ જ સખ્તી કરે છે. (જો કે પોતાના ઘરોમાં તેઓ સર્વ કાંઈ કરે છે !) જેથી હું વારંવાર ઓફિસરનો ચહેરો તાકતો કે હમણા મને સજાનો હુકમ સંભળાવશે. ઓફિસર સમજી ગયો કે હું આટલા પ્રમાણમાં કેમ ડરી ગયો છું. તેણે તસ્વીર મારા ખિસ્સામાં રાખી દીધી અને કહ્યું, એને છોડ ! મને એ બતાવ કે મેહફિલે મીલાદ જાઈઝ છે કે નાજાઈઝ ?! મારા આશ્ચર્યનો પાર ન રહ્યો અને જે હું પ્રથમ વાત ભૂલીને એ

વિચારમાં પડી ગયો કે યા અલ્લાહ ! આ લોકો કેટલા જાલિમ છે કે આટલો મોટો ગુનોહ એની એમને ત્યાં કોઈ વાત જ નથી ! અને જો દુનિયામાં કોઈ ગુનોહ છે તો એમને ત્યાં મેહફિલે મીલાદ જ સૌથી મોટો ગુનોહ છે.

**દેવ કે બંદોંસે હમકો ક્યા ગરઝ ?!**
**હમ હૈં અબ્દુલ મુસ્તફા ફિર તુઝ કો ક્યા**

**અર્થાત** : હે દેવના બંદાઓ ! (દેવબંદીઓ !) અમારે તમારાથી ન કોઈ કામ છે અને ન તો તમો અમારા કામના છો. બલ્કે તમો ગુસ્તાખીએ રસૂલ ﷺના કારણે કોઈ કામના નથી રહ્યા. (રાજકીય તૌર પર શક્તિ મળી જવી કોઈ એવી વાત નથી, કેમ કે છેવટે ફિરઔન, નમરૂદ, યઝીદ પણ તો આ જ દુનિયામાં રાજ કરી ગયા છે. મક્કાના કુરૈશઓએ મક્કા પર હુકૂમત નથી કરી ? દૌલત આવી જવી એ કોઈ કમાલની વાત નથી. છેવટે ان قارون کان من قوم موسیٰ કુર્આનમાં નથી પઢયું ?!) તમો જેના ચાહો બનો અમારે તમારી સાથે શું લેવા દેવા ! અને અમે તો અમારા પ્યારા મુસ્તફા ﷺના બંદા તથા ગુલામ છીએ પછી તમારો અમારાથી શો સંબંધ ?!

**તેરી દોઝખસે તો કુછ છીના નહીં**
**ખુલ્દમેં પહૂંચા 'રઝા' ફિર તુઝકો ક્યા**
*(ખુલ્દ = જન્નત)*

**અર્થાત** : જો મને (ગદાએ દરે ખૈરુલ વરા, અબ્દુલ મુસ્તફા અહમદ રઝાને) અલ્લાહ તઆલાએ પોતાના મહબૂબ ﷺની મદહ સરાઈ (પ્રશંસા કરવા)ના કારણે જન્નત અતા કરી આપી છે તો તું માથુ પીટીને શા માટે રહી ગયો છે ?! હું કાંઈ તારા ઘર (દોઝખ)માં જઈને તારું કાંઈ લૂટી લાવ્યો છું ? ખુદા તને હમેશાં ત્યાં રાખે, અને પોતાના મહબૂબના સદકામાં મને હમેશાં અહીં રાખે. આ ખુદાઈ ફૈંસલો છે અને :

*યહ બળે કરમ કે હૈ ફૈસલે – યહ બળે નસીબકી બાત હૈ*

## દયાદરામાં ઉર્સે તાજુશ્શરીઆ મનાવાયો !

**દયાદરા** : ખાતે **ઉર્સે હુઝૂર તાજુશ્શરીઆ મુફતી અખ્તર રઝા અઝહરી** علیہ الرحمۃ والرضوان નિમિત્તે ૬ શવ્વાલ હિ.સ. ૧૪૪૫ તા. ૧૬–૦૫–૨૦૨૪ જુમેરાતના અસર બાદ ખત્મે યાસીન શરીફ મુખ્તારુલ મસાજિદ–દયાદરામાં રાખવામાં આવેલ, કુલ શરીફ બાદ દુઆ થઈ પછી ન્યાઝ વહેંચાઈ હતી.

## ઉર્સે પીરો મુર્શિદ મનાવાયો

**વાઘોડિયા** : જિ. વડોદરા ખાતે તા. ૧૫–૫–૨૦૨૪ બુધવારે ઈશાની નમાઝ બાદ ઉર્સે તાજુશ્શરીઅહનો કાર્યક્રમ રાખ્યો હતો. પેશ ઈમામ સૈયદ ઈમ્તિયાઝ અલી બાપુએ તિલાવત કરી. વિવિધ નઅતખ્વાં હઝરાતે મુખ્તસર નઅતે રસૂલ તથા મનકબતે તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہ રજૂ કરી. ત્યાર બાદ ઈમામ સાહબે હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہની જિંદગી પર મુખ્તસર બયાન કરી હાજરીનના દિલ ઈશ્કે રસૂલ તથા ઈશ્કે રઝા તથા ઈશ્કે તાજુશ્શરીઅહથી તરબોળ કરી દીધાં. સલાતો સલામ બાદ ન્યાઝ ખવડાવવામાં આવી. *–(રજૂ.) રાણા હિદાયતહુસૈન કાદરી રઝવી*

**બરકાતે ખ્વાજા માસિકનું**
**વાર્ષિક લવાજમ ફક્ત : રૂા. ૩૦૦/–**

:: Bank of Baroda ::
A/c. No. **34620100000303**
Razvi Kitab Ghar, IFSC:BARB0DAYADR

Phonepay/Googlepay/Paytm
Mo. 94274 64411
WhatsApp No. **Mo.9664521477**

# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

(રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન)

# ફવાઈદુલ ફવાદ

## દિલોના ફાયદા

ભાગ-૧ (૩૪ મજલિસો)

મલ્ફૂઝાતે સુલ્તાનુલ મશાઈખ હઝરત ખ્વાજા નિઝામુદ્દીન અવલિયા મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہ

સંપાદક : હઝરત ખ્વાજા અમીર હસન અલા સંજરી દહેલ્વી رحمۃ اللہ علیہ

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

### સત્તરમી મજલિસ

### ★ લોકોને ખાવા ખવડાવવાની ફઝીલત ★

આ જ મહીનાની ૨૫મી તારીખ પીર (સોમવાર)ના રોજ કદમબોસીની દોલત મળી. ખાવા ખવડાવવાની ફઝીલતની ચર્ચા ચાલી. ઝબાન મુબારકથી ઈર્શાદ થયો કે લોકોને ખાવા ખવડાવવું ઘણી સારી ચીજ છે. એ દરમ્યાન ફર્માવ્યું કે ખ્વાજા અલી ફરઝંદે ખ્વાજા બુઝુર્ગ શયખ રૂકનુદ્દીન (અલ્લાહ એ સૌને કયામતમાં ખૈર સાથે ઉઠાડે) તાતારી કાફિરોના હુમ્લામાં ગિરફતાર થયા. તેમને ચંગેઝખાનની સામે લઈ ગયા. (આ મુહર્રમ હિ. ૬૧૭, ઈ.સ. ૧૨૨૦નો બનાવ છે. તારીખે બનાકતી તેહરાન, મિસર, પેજ—૩૬૬) એ જ ખાનદાનના મુરીદોમાંથી એક શખ્સ ત્યાં હાજર હતો. તે દરબારમાં પહોંચ ધરાવતો હતો. જ્યારે તેણે ખ્વાજા અલીને ગિરફતાર જોયા તો પરેશાન થઈ ગયો. દિલમાં વિચારવા લાગ્યો કે તેમની મુક્તિની શું તરકીબ થાય અને તેમનો ઉલ્લેખ ચંગેઝખાન સામે કઈ હેસિયતથી કરું ?! જો કહું છું કે આ મહાન બુઝુર્ગ અને કરામતવાળા ખાનદાનથી છે, તો એને શું ખબર પડે ! અને જો તેમની ઈતાઅત તથા ઈબાદતનો ઉલ્લેખ કરું છું તો એ પણ અસરકર્તા ન થશે. ટૂંકમાં એ કે ઘણા વિચાર મંથન પછી ચંગેઝખાનની સામે ગયો અને કહ્યું, આ શખ્સનો બાપ ઘણો જ બુઝુર્ગ માણસ હતો, મખ્લૂકને ખાવા ખવડાવતો હતો, તેને મુક્તિ આપવી જોઈએ. ચંગેઝખાને પૂછયું કે, પોતાના માણસોને ખાવા આપતો હતો કે ગૈરોને ? તે શખ્સે કહ્યું, ગૈર લોકોને, પોતાના માણસોને તો સૌ ખવડાવે છે. પણ તેનો બાપ આમ લોકોને ખાવા ખવડાવતો હતો. ચંગેઝખાન એ વાતથી ખુશ થઈ ગયો અને બોલ્યા કે તે આદમી કેટલો નેક હોય છે જે ખુદાની મખ્લૂકને ખાવા આપે છે. પછી એ જ વખતે હુકમ આપ્યો કે તેને મુક્ત કરી આપવામાં આવે, અને ખિલ્અત પણ અર્પણ કરી અને માફી માગી. ત્યારબાદ ખ્વાજા ઝિકુલ્લાહ બિલ્ખૈરએ ફર્માવ્યું કે ખાવા ખવડાવવું સર્વ મઝહબોમાં પસંદીદા છે.

### ★ ખાસ લોકોની દિલના ખતરા પર પણ પકડ થાય છે ★

ત્યારબાદ "ખતરા" (દિલમાં ખયાલ આવવું), "અઝીમત" તથા ફેઅલ"નો ઉલ્લેખ કર્યો. ફર્માવ્યું, પ્રથમ "ખતરો" છે કે પ્રથમ માણસના દિલમાં કોઈ ચીજનો (ખયાલ) આવે છે. ત્યારબાદ "અઝીમત" એટલે એ ખયાલ પર દિલ જામી જાય છે. ત્યારબાદ

"ફેઅલ" (કામ, અમલ) છે, એટલે એ અઝીમત (ઈરાદા)ને અમલ સુધી પહોંચાડે છે. ત્યારબાદ ફર્માવ્યું કે અવામ (આમ લોકો)ને જ્યાં સુધી તેઓ કામ કરી ન લે (ખુદા તરફથી) પકડવામાં નથી આવતા, પરંતું ખાસ લોકોની ખતરા (દિલના ખયાલ) પર જ પકડ થઈ જાય છે. લોકોએ જોઈએ કે દરેક હાલતમાં ખુદાની તરફ વળેલા રહે, કેમ કે "ખતરો" (દિલી ખયાલ) તથા "અઝીમત" (ખયાલ પર દિલનું જામવું) અને "ફેઅલ" (એટલે ખયાલ પર અમલ) એ સૌ રબ તઆલાનાં પેદા કરેલ છે. દરેક સ્થિતિમાં રબ તઆલાની પનાહ માગે. ત્યારબાદ ફર્માવ્યું કે શયખ અબૂ સઈદ અબુલ ખૈર رحمۃ اللہ علیہ ફર્માવતા હતા કે કોઈ ખતરો મારા દિલમાં એવો નથી ગુજર્યો કે તેના ફેઅલ (અમલ)ની તોહમત મારા પર ન લાગી હોય, જો કે એ અમલ કદાપિ મેં કરેલો ન હતો. ત્યાં સુધી કે એકવાર કોઈ કામિલ તથા સાચા દુરવેશ તેમની ખાનકાહમાં આવ્યા. શયખ અબૂ સઈદ અબુલ ખૈરે તેમની મઅરેફતનો કમાલ જોયો અને સમજી ગયા કે તે કામિલ મર્દ છે. ઈફતાર વખતે પોતાની પુત્રીને કહ્યું કે પાણીનો કૂજો તેમની સામે લઈ જાવ. છોકરી જો કે નાની હતી પણ પૂરા અદબ તથા અત્યંત એહતેરામ સાથે પાણી એ દુરવેશ સામે લઈ ગઈ. શયખ અબૂ સઈદને પુત્રીનો અદબ ખૂબ જ સારો લાગ્યો, અને દિલમાં કહેવા લાગ્યા કે તે કેવો ખુશનસીબ માણસ હશે જેના નિકાહમાં આ છોકરી જશે ! જ્યારે આ ખયાલ એમના દિલમાં આવ્યો તો હસન મોઅઝ્ઝિનને જે ખાનકાહના ખાદિમ હતા તેમને તેમણે બજારમાં મોકલ્યા અને કહ્યું કે જાવ ! ખબર લાવો કે શહેરમાં શું ચર્ચા છે ? હસન મોઅઝ્ઝિન બહાર ગયા અને પરત આવીને શયખને કહ્યું કે બજારમાં આજે મેં એક એવી વાત સાંભળી કે કોઈ કાનમાં એને સાંભળવાની શક્તિ નથી. શયખ બોલ્યા કે કહો ! હસને જવાબ આપ્યો કે એ વાત મારી જીભ પર કેવી રીતે આવશે ?! શયખે હુકમ આપ્યો કે જે કાંઈ તમે સાંભળ્યું છે તે કહી આપો ! હસન મોઅઝ્ઝિને કહ્યું કે બજારમાં એક શખ્સ બીજાને કહેતો હતો કે શયખ અબૂ સઈદ ચાહે છે કે ખુદ પોતાની પુત્રી સાથે શાદી કરી લે. શયખ હસ્યા અને બોલ્યા કે, મારા આ ખયાલ પર જ મારી પકડ થઈ ગઈ !

જ્યારે ખ્વાજા رحمۃ اللہ علیہએ આ હિકાયત પૂરી કરી તો બંદાએ અરજ કરી કે આ હિકાયતથી જાણવા મળ્યું કે શયખ અબૂ સઈદ અબુલ ખૈર પોતાના સમયના બંદાઓમાં સૌથી નેક બખ્ત થઈ ગયા ? ફર્માવ્યું, હા ! અને બંદાની આ વાત પર તારીફ કરી.

## ★ તૌબા પર અડગતાની અસર ★

પછી તૌબા પર અડગતાનું વર્ણન આવ્યું. ઝબાન મુબારકથી આદેશ થયો કે જો એક શખ્સ શરાબથી તૌબા કરે છે તો અનિવાર્યપણે તેના જૂના સાથી તથા મિત્રો તેનો વિરોધ કરે છે અને દરેક વખતે શરાબ પીવા માટે તેને એ જગાએ બોલાવે છે જ્યાં તેમણે મજા માણી હતી અને કોશિશ કરે છે કે તે ફરી શરાબ પીએ. અને આ વાત એ વખતે થાય છે જ્યારે એના દિલમાં કાંઈક અંશે લગાવ રહી ગયો હોય. અને જો તૌબા કરનાર દિલને એ ખયાલથી સંપૂર્ણપણે સાફ કરી લે છે તો કોઈ મિત્ર કે સાથી તેનો વિરોધ નથી કરી શકતો. તૌબાની સચ્ચાઈની સાબિતી તેના સાથીઓ અને મિત્રોનો સાથ છૂટવું હોય છે. ત્યારબાદ ફર્માવ્યું કે જે કોઈનો ઉલ્લેખ કોઈ ગુનાહ અને કોઈ ફિસ્ક઼ સાથે લોકો જીભ પર લાવે છે, એ ત્યારે થાય છે કે કાંઈક અંશે એનું દિલ એ ફિસ્ક઼ તથા ગુનાહ પ્રતિ આકર્ષિત હોય છે. પરંતું જ્યારે તૌબા કરનાર પોતાના દિલને સંપૂર્ણપણે એ અયોગ્ય કામથી ફેરવી લે છે તો પછી કોઈ પણ એ જુર્મ તથા ગુનાહ સાથે એનો ઉલ્લેખ

નથી કરતો. આ સઘળી વાત તૌબાની અડગતાની દલીલ છે. એટલે કે જ્યાં સુધી તૌબા કરનાર તૌબા પર અડગ છે તો ન તેની ચર્ચા કોઈ ગુનાહની સાથે કરી શકે છે ન ફિસ્કની સાથે એનું નામ જીભ પર લાવી શકે છે. અલ્બત્ત, એ ગુનાહ તથા એ ફિસ્કની તરફ આકર્ષિત હશે તો જરૂર ઝબાન પર એનો ઉલ્લેખ ફિસ્કો ફુજૂર સાથે લાવશે.

પછી હૈદરઝાદા عَلَیۡہِ الرَّحۡمَۃُ وَ الرِّضۡوَانُની ચર્ચા ચાલી, ઝબાન મુબારકથી ઈર્શાદ થયો કે તે એક સાહિબે હાલ દુરવેશ હતા. જે જમાનામાં ચંગેઝખાનનો હંગામો થયો. કાફિરોએ હિંદુસ્તાનની વાટ પકડી. એ દિવસોમાં તેમણે એક દિવસ મુરીદો તરફ સંબોધન કરતાં કહ્યું કે મોગલોથી બચીને ભાગો કેમ કે તેઓ સવાર થઈ જશે. તેમને પૂછવામાં આવ્યું કે કેવી રીતે ? ફર્માવ્યું, તેઓ એક દુરવેશને પોતાની સાથે લાવી રહ્યા છે, અને ખુદ તે દુરવેશની પનાહમાં આવી રહ્યા છે. મેં આલમે બાતિનમાં એ દુરવેશ સાથે કુશ્તી કરી અને તેણે મને જમીન પર પછાડી દીધો. હવે હક઼ીક઼ત એ છે કે તેઓ ગાલિબ આવી (છવાય) જશે, જેથી તમે લોકો ભાગો. ત્યારબાદ ખુદ એક ગુફામાં ચાલ્યા ગયા અને ગાયબ થઈ ગયા. અંજામ એ જ થયો જે તેમણે કહ્યું હતું......

પછી એ વાતની ચર્ચા ચાલી કે જિંદગી એ છે કે દુરવેશ ખુદાના ઝિક્રમાં મશગૂલ રહે. ત્યારબાદ ફર્માવ્યું કે એક બુઝુર્ગ હતા તેમને મીરા ગિરામી કહેતા હતા. કોઈ દુરવેશને એ આરઝૂ થઈ કે તેમની ઝિયારત માટે આવે. અને એ દુરવેશની એ કરામત હતી કે જે ખ્વાબ પણ જોતા તે સાચો પડતો. એ ખ્વાબની તાબીર એ જ તદ્દન થતી જે ખ્વાબમાં જોયું હોતુ. ત્યાં સુધી કે એકવાર તેમને મીરા ગિરામીને મળવાની તલબ જાગી. મીરા ગિરામી જ્યાં હતા ત્યાં જવા રવાના થયા. રસ્તામાં કોઈ મંઝિલ પર ઉતર્યા અને સૂઈ ગયા તો તેમણે ખ્વાબમાં સાંભળ્યું કે મીરા ગિરામી મરી ગયા. જ્યારે સવાર થઈ તો ઉઠયા અને બોલ્યા કે અફસોસ ! આટલો રસ્તો તેમને મળવા માટે પર પાડયો અને એ તો મૃત્યુ પામ્યા, હવે શું કરવું જોઈએ ?! વિચાર્યું કે ખૈર ! ચાલુ છું કે જે સ્થળે એ હતા ત્યાં તેમની કબરની ઝિયારત કરું. જ્યારે એ સ્થળે પહોંચ્યા જ્યાં મીરા ગિરામી હતા તો બધાને પૂછવા લાગ્યા કે મીરા ગિરામીની કબર ક્યાં છે ? સૌએ કહ્યું કે એ તો જીવંત છે, તેમની કબર વિશે કેમ પૂછો છો ?! તો આ દુરવેશ આશ્ચર્યમાં પડી ગયા કે મારો ખ્વાબ જૂઠો કેવી રીતે થઈ ગયો ? છેવટે મીરા ગિરામીની પાસે હાજર થયા અને સલામ કરી. મીરા ગિરામીએ સલામનો જવાબ આપ્યો અને કહ્યું, હે ખ્વાજા ! અર્થના એતબારથી તમારો ખ્વાબ સાચો હતો, કેમ કે હું સતત ખુદાની યાદમાં મશગૂલ રહું છું પણ એ રાતે ગૈરમાં મશગૂલ થયો, જેથી એ નિદા આલમમાં કરી દેવામાં આવી કે મીરા ગિરામી મૃત્યુ પામ્યો. અલ્લાહ બેહતર જાણનાર છે. *(ક્રમશઃ)*

---

પેજ નં.૩૯ નું ચાલુ.. "હું આ શખ્સ (યહ્યા બિન મુઈન)ની નમાઝે જનાઝા પઢવા જઈ રહ્યો છું જે મારી હદીષોમાંથી જૂઠને દૂર કરતો હતો."

*(તહઝીબુત્તહઝીબ, ૬/૧૮૨, મત્બઅ દારે અહયાઉત્તરષુલ અરબી)*

સારાંશ કે આપ ઈસ્લામી જગતની એક ખૂબ ઉચ્ચ હસ્તી હતા. ઈલ્મો ફઝ્લવાળા આપની બારગાહમાં ઝબીને નિયાઝ ઝુકાવતા (નિયામંદીમાં માથુ નમાવતા) અને આપની ઈલ્મી મહાનતાનો સ્વીકાર કરતા. અને આપને ઈમામુલ જરહ વ તઅદીલ સ્વીકાર કરતા. આપની જરહ વ તઅદીલ (હદીષની તેહક઼ીક઼ તથા પરખ)નો ખુશીપૂર્વક સ્વીકાર કરતા. હદીષની ખિદમતના કારણે આપને એ શરફ (મહાનતા) હાંસલ થયો કે આપના વિસાલના સમયે આપનો જનાઝો એ ચારપાઈ પર રાખવામાં આવ્યો જેના પર રસૂલે અકરમ ﷺનું શરીર મુબારક રાખવામાં આવ્યું હતું. *(સંપૂર્ણ)*

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# કાનૂને શરીઅત

(ભાગ-૨)

**લેખક : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ

**અનુવાદક : મર્હૂમ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી**

## મુઝારબતનું બયાન

આ વેપારમાં એક પ્રકારની ભાગીદારી છે કે એક તરફ માલ હોય અને એક તરફ કામ. માલ આપનારને રબ્બુલમાલ અને કામ કરનારને મુઝારિબ અને માલિકે જે કંઈ આપ્યું તેને રાસુલમાલ (મુદ્દલ) કહે છે અને જો તમામ નફો રબ્બુલ માલનેઆપવાનુ નક્કી થયું હોય તો એને ઈબ્ઝાઅ કહે છે અને જો કુલ કામ કરવાવાળા માટે નક્કી થયો હોય તો કર્જ છે (કહેવાશે). આ પ્રકારના સોદાની લોકોને હાજત છે. કેમ કે ઈન્સાન અલગ અલગ પ્રકારના હોય છે. કેટલાક માલદાર (હોય) છે, કેટલાક ગરીબ હોય છે. કેટલાક પૈસાદારોને કામ કરવાની આવડત નથી હોતી. વેપારના રીત રિવાજથી માહિતગાર નથી હોતા, જ્યારે કેટલાક ગરીબો કામ કરવાનું જાણે છે પણ તેમની પાસે પૈસા નથી હોતા. પરિણામે વેપાર કઈ રીતે કરે ? આવા પ્રકારના સોદામાં મસ્લેહત એ છે કે અમીર અને ગરીબ બંનેને ફાયદો પહોંચે, માલવાળાઓને પૈસા આપીને અને ગરીબને એના રૂપિયાથી કામ કરીને.

**મસ્અલા** : મુઝારબત માટે કેટલીક શરતો છે :–

**(૧)** મુદ્દલ કિંમતના પ્રકારમાંથી હોય. જો ઉરૂઝના પ્રકારની હોય તો મુઝારબત સહીહ નથી. પૈસાને મુદ્દલ નક્કી કર્યા અને તે ચલણમાં હોય (ચાલતો હોય) તો મુઝારબત સહીહ છે. એ રીતે જ્યાં સુધી ચલણમાં હોય ત્યાં સુધી નિકલની એક આનીઓ, બે આનીઓ મુદ્દલ બની શકે છે. જો પોતાની કોઈ ચીજ કામ આપીને એમ કહ્યું કે આને વેચી દો અને જે પૈસા મળે તેનાથી મુઝારબતની રીતે કામ કરો. એણે તે ચીજને રૂપિયા અથવા અશરફીમાં વેચી કામ કરવાનુ શરૂ કર્યું તો એ મુઝારબત સહીહ છે.

**(૨)** મુદ્દલ માલૂમ હોય; જો એના તરફ ઈશારો કરી કહેવામાં આવ્યું હોય, પાછળથી નફાની વહેંચણી કરતી વખતે મુદ્દલ બાબતે મતભેદ પડયો તો ગવાહોથી જે સાબિત કરી આપે તેની વાત વિશ્વાસપાત્ર ગણાશે. જો બંનેના ગવાહ હોય તો રબ્બુલ માલના (માલ આપનારના) ગવાહ વિશ્વાસપાત્ર ગણાશે અને જો કોઈની પાસે પણ ગવાહ ન હોય તો સોગંદપૂર્વક મુઝારિબની વાત વિશ્વાસપાત્ર ગણાશે.

**(૩)** મુદ્દલ જાહેર હોય એટલે કે નક્કી કરેલ હોય. કર્જ ન હોય જે અનિશ્ચિત તથા જેને અદા કરવાની જિમ્મેદારી વાજિબ હોય છે. જો મુઝારબત કર્જની સાથે થઈ અને તે કર્જ મુઝારબત પર હોય અર્થાત એને કહી દેવામાં આવ્યું કે તમારા જિમ્મે જે મારા રૂપિયા છે (તમારા પર મારું કર્જ છે) એનાથી કામ કરો તો એ મુઝારબત સહીહ નથી. જે કંઈ ખરીદશે તેનો માલિક મુઝારિબ ગણાશે અને જે કંઈ કર્જ હશે તે એના જિમ્મે રહેશે અને જો બીજા પાસે કર્જ (લેવું) હોય. દા.ત. એમ કહયું કે ફલાણા પાસે મારા આટલા રૂપિયા લેણું છે એને વસૂલ કરી એનાથી મુઝારબતની રીતે વેપાર કરો એ મુઝારબત જાઈઝ છે. જો કે એ રીતે કરવું મકરૂહ છે. અને જો એમ કહ્યું હતું કે ફલાણા પાસે મારું લેણું છે એને વસૂલ કરી પછી એનાથી કામ કરો. એણે કુલ

રૂપિયા મેળવતા પહેલાં જ કામ કરવું શરૂ કર્યું તો જામિન (થયો) ગણાશે. એટલે કે જો બરબાદ થઈ જાય, ગુમ થઈ જાય તો જામિનગીરી આપવી પડશે અને જો એમ કહ્યું હતું કે એની પાસેથી રૂપિયા વસૂલ કરો અને કામ કરો. તેણે કુલ રૂપિયા વસૂલ કરતા પહેલા જ શરૂ કર્યું તો જામિન (થયો) ગણાશે નહીં અને જો એમ કહ્યું હતું કે મુઝારબત પર કામ કરવા માટે એની પાસેથી રૂપિયા વસૂલ કરો તો કુલ (રકમ) વસૂલ કરતા પહેલાં કામ શરૂ કરવાની ઈજાઝત નથી (નહીં ગણાય) અર્થાત જામિન દેવો પડશે. *(બહર, દુર્રે મુખ્તાર વગેરે)*

**મસ્અલા** : એવું કહ્યું કે મારે માટે ઉધાર ગુલામ ખરીદો, પછીથી વેચો અને એની જે કિંમત મળે તેનાથી મુઝારબતની રીતે કામ કરો. એણે ગુલામ ખરીદ્યો અને પછીથી વેચ્યો અને કામ કર્યું. આ રીત જાઈઝ છે. ગાસિબ યા અમીન અથવા જેને વકીલ બનાવી રૂપિયા આપ્યા હતા તેને એવું કહ્યું કે મારો માલ જે કંઈ તમારી પાસે છે એનાથી મુઝારબતની રીતે કામ કરો, નફો અડધો અડધો (વહેંચીશું) એ જાઈઝ છે. (બહર) **(૪)** મુઝારિબને પૂરેપૂરી મુદલ (રકમ) આપવામાં આવે અર્થાત મુદલ પર એનો પૂરો કબ્જો હોવો જોઈએ. માલ આપનારનો બિલ્કુલ કબ્જો ન રહેવો જોઈએ. **(૫)** બંને વચ્ચે નફાની વહેંચણી સ્પષ્ટ હોય. એટલે કે અડધો અડધો અથવા ૨/૩ અથવા ૧/૩ ભાગ અથવા ૧/૪ ભાગ. નફામાં એવી રીતનો હિસ્સો નક્કી ન કરવો જેનાથી ભાગીદારી તૂટી પડવાનો સંભવ હોય. દા.ત. એમ કહયું (નક્કી) કે સો રૂપિયા નફો લઈશ. એમાં બની શકે છે કે કુલ નફો જ સો રૂપિયા થાય અથવા એનાથી ઓછો થાય તો નફામાં બીજાના ભાગે શું ? અથવા એમ કહે કે અડધો નફો લઈશ અને ઉપરથી વધારાના દસ રૂપિયા લઈશ. એમાં એવું પણ બની શકે છે કે કુલ નફો દસ જ રૂપિયા થાય તો બીજો માણસ (ભાગીદાર) શું મેળવશે ? **(૬)** દરેકના ભાગની સ્પષ્ટતા (જાણકારી) હોવી જોઈએ. પરિણામે એવી શરત કે જેના કારણે નફામાં જહાલત પેદા થતી હોય (તે) મુઝારબતને ફાસિદ કરી દે છે (દા.ત. એવી શરત કરવામાં આવે કે તમને અડધો અથવા ત્રીજા ભાગનો નફો આપવામાં આવશે. એટલે કે બંનેમાંથી કોઈ એક વાત (હિસ્સો) નક્કી કરવામાં ન આવી બલ્કે રદ કરવાની વાત કરે છે) અને જો એ શરતથી નફામાં જહાલત પેદા ન થતી હોય તો તે શરત જ ફાસિદ છે. મુઝારબત સહીહ છે. દા.ત. જે કંઈ નુકસાન થશે તેની જવાબદારી મુઝારિબના શિરે રહેશે અથવા તો બંનેના શિરે નાખવામાં આવશે). **(૭)** મુઝારિબને નફો આપવાની શર્ત હોય (જો મુદલમાંથી કંઈ આપવાની શરત કરી અથવા મુદલ અને નફામાં બંનેમાંથી દેવાની શર્ત કરવામાં આવી તો મુઝારબત ફાસિદ થઈ જશે. *(બહર વ દર)*

**મસ્અલા** : મુઝારબત માટે એવો હુકમ છે કે જ્યારે મુઝારિબને માલ આપવામાં આવ્યો ત્યારે તે અમીન કહેવાશે અને જ્યારે એણે કામ શરૂ કર્યું તો એ વકીલ ગણાશે અને જ્યારે કંઈ નફો મળ્યો તો એ ભાગીદાર (ગણાશે) છે. અને માલ આપનારના હુકમ (આદેશ) વિરૂધ્ધ કંઈ કર્યું તો બીજાનો હક્ક મારનાર કહેવાશે. જો મુઝારબત ફાસિદ થઈ ગઈ તો તે મજદૂર (મહેનત કરનાર) ગણાશે અને ઈજારો પણ ફાસિદ થશે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : મુઝારબતમાં જે કંઈ નુકસાન થાય છે તે માલ આપનારનું થાય છે. જો એ એવું ઈચ્છતો હોય (માલ આપનાર) કે નુકસાન મુઝારિબને થાય તો એણે તમામ રૂપિયા મુઝારિબને કર્જ તરીકે આપી દેવા અને એક રૂપિયો ભાગીદારીના સંચાલન રૂપે આપે. અર્થાત એના તરફના કુલ રૂપિયા જે એણે કર્જ પેટે લીધા અને

એક રૂપિયો, અને ભાગીદારી એવી રીતે કરી કે કામ બંને કરશે અને નફામાં બરાબરના (સરખે સરખા) ભાગીદાર રહેશે, અને કામ કરતી વખતે એકલા કર્જદારે જ કર્યું, માલ આપનારે કંઈ ન કર્યું તો એમાં કોઈ વાંધો નથી. કેમ કે જો માલ આપનાર કામ ન કરે તો એનાથી ભાગીદારી તૂટતી નથી. હવે જો વેપારમાં નુકસાન થયું તો જાહેર છે કે એનો તો એક જ રૂપિયો છે, બાકીના તમામ કર્જદારના છે એને જ નુકસાન થશે. માલ આપનારને તો શું નુકસાન ? કેમ કે એણે તો જે કંઈ કર્જદારને આપ્યું તે તો કર્જ તરીકે આપેલું છે તે તો એનાથી વસૂલ કરશે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : જો મુઝારબત ફાસિદ થાય તે ઈજારો (મુઝારબતને બદલે ઈજારો) થઈ જાય છે. એટલે કે મુઝારિબને જે નફો આપવાનો નક્કી કર્યો હતો તે એને નહીં મળે, બલ્કે મહેનતાણું મળશે. ભલે એ કામમાં નફો મળ્યો હતો કે નહીં. પરંતુ એ જરૂરી છે કે જેટલો નફો એને મુઝારબતમાં મળી શકત તેના કરતાં મહેનતાણું વધારે ન હોવું જોઈએ. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : ફાસિદ મુઝારબતમાં પણ મુઝારિબ પાસે જે માલ રહે છે તે અમાનત રૂપે રહે છે. જો કંઈ નુકસાન થવા પામે તો એનો બદલો આપવાની જવાબદારી એની નથી. જેવી રીતે સહીહ મુઝારબતમાં બદલો આપવાની જવાબદારી નથી હોતી. બીજો માલ આપ્યો અને બધો નફો પોતાના માટે કોઈ શર્ત નક્કી કરી રાખી લીધો જેને ઈબ્ઝાઅ કહેવામાં આવે છે, એમાં પણ એની પાસે જે માલ છે તે અમાનત કહેવાશે. હલાક થઈ જાય તો જામિન (જવાબદારી) નથી (એનો જામિન નથી). *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : મુઝારિબ એવું કામ નથી કરી શક્તો જેમાં નુકસાન થતું હોય અને એવું કામ પણ નથી કરી શકતો કે જે વેપારીઓ ન કરતા હોય. એવા વાયદાથી પણ વેચી શકતો નથી કે જે વાયદા મુજબ વેપારીઓ વેચતા ન હોય. જો બે માણસોને ભેગા કરી મુઝારિબ કર્યા છે તો જ્યાં સુધી બીજા સાથીદારની રજા ન લે ત્યાં સુધી એકલો ખરીદ વેચાણ કરી શકતો નથી. *(બહર)*

**મસ્અલા** : જો ફાસિદ વેચાણથી કોઈ ચીજ ખરીદી જેમાં કબ્જો કરવાથી માલિકી પ્રાપ્ત થતી હોય તો વાંધો નથી અને તે ચીજ મુઝારબત જ કહેવાશે. અને દગાબાજીથી (કોઈ ચીજ) ખરીદી તો એમાં ઈખ્તેલાફ છે અને તે ચીજ ફક્ત મુઝારિબની માલિકીની થશે. જો કે માલિકે એમ કહ્યું હોય કે તમારી રીતે કામ કરો અને જો દગાબાજીથી વેચી નાખી તો મુખાલેફત વિરોધ નથી. *(બહર)*

**મસ્અલા** : માલ આપનારે શહેર, સમય અથવા વેપારનો પ્રકાર નક્કી કરી દીધો હોય અર્થાત એમ કહ્યું હોય કે આ શહેરમાં યા આ સમયે ખરીદ વેચાણ કરજો અથવા ફલાણા પ્રકારનો વેપાર કરજો તો મુઝારિબે એની પાબંદી કરવી લાઝિમ છે. એનાથી ખિલાફ કરી શકશે નહીં. અને એ રીતે જો વેચનારે ખરીદનારનો ઉલ્લેખ કરીને એમ કહ્યું હોય કે ફલાણી દુકાનેથી ખરીદજો અથવા ફલાણા ફલાણાને વેચજો તો એનાથી ખિલાફ પણ કરી શકશે નહીં, ભલે આ બધી પાબંદી તેણે મુઝારિબત નક્કી કરતી વેળા અથવા રૂપિયા આપતી વખતે ન કરી હોય અને પાછળથી આ બધી પાબંદીઓ વધારી દીધી હોય. હા ! જો મુઝારિબે એ સોદો ખરીદી લીધો અને પછીથી કોઈ પ્રકારની પાબંદી એના શિરે નાખે. દા.ત. એમ કે ઉધાર ન વેચશો અથવા બીજી જગ્યાએ ન લઈ જશો વગેરે વગેરે તો પાબંદીનો અમલ કરવા માટે મુઝારિબ બંધાયેલો નથી. પરંતુ જ્યારે માલ વેચાય જાય અને રોકડમાં મુદલ મળી જાય તો માલ આપનાર તે વખતે પાબંદી (શરતો) લગાડી શકે છે અને મુઝારિબે એની પાબંદી કરવી

લાઝિમ છે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા :** મુઝારિબે કોઈ એવા માણસ જોડે ખરીદ વેચાણ કર્યુ જેના બારામાં ગવાહી મકબૂલ ન (ગણાતી) હોય. દા.ત. પોતાના બાપ, બેટા યા પત્નીથી. જો એ વેચાણ વ્યાજબી કિંમતે થયું હોય તો જાઈઝ છે, નહીંતર નહીં. *(આલમગીરી)*

**મસ્અલા :** બંનેમાંથી ગમે તે એકનું મૃત્યુ થવાથી મુઝારબત ખત્મ થઈ જાય છે. બંનેમાંથી ગમે તે એક મજનૂ (પાગલ) થઈ જાય અને ગાંડપણ મુતાબિક હોય તો મુઝારબત રદ થઈ જશે. પરંતુ મુઝારબતનો માલ જો સામાનની શકલમાં હોય અને મુઝારિબ મૃત્યુ પામ્યો તો એનો વારસદાર એ બધા માલને વેચી નાખે અને જો માલિક મૃત્યુ પામ્યો અને વેપારનો માલ રોકડમાં હોય તો મુઝારિબ એમાં (કોઈ) ફેરફાર કરી શકશે નહીં અને જો સામાનની શકલમાં હોય તો એને સફરમાં લઈ જઈ શકતો નથી, વેચી શકે છે. *(હિદાયા, દુર્રે મુખ્તાર)*

**મસ્અલા :** મુઝારિબ મૃત્યુ પામ્યો અને મુઝારબતના માલનો પતો નથી મળતો કે માલ ક્યાં છે તો એ મુઝારિબની જિમ્મેદારી છે, એણે છોડેલા વારસામાંથી વસૂલ કરવામાં આવશે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા :**મુઝારિબ મૃત્યુ પામ્યો, એના માથે કર્જ છે પરંતુ મુઝારબતનો માલ જાહેર છે, લોકો જાણે છે કે આ ચીજો મુઝારબતની છે, લેણદારો એ માલમાંથી પોતાનુ લેણું વસૂલ કરી શકશે નહીં, બલ્કે મુદ્દલ અને નફાનો હિસ્સો માલ આપનાર લેશે અને નફામાં જે હિસ્સો મુઝારબતના ભાગે આવે છે તેમાંથી લેણદાર પોતાનું લેણું લઈ શકે છે. *(રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા :** મુઝારબતના માલમાં જે નુકસાન થશે તેની ગણતરી નફામાંથી થશે. (નફામાંથી નુકસાન કપાશે). મુદ્દલમાંથી નુકસાન કાપવામાં આવશે નહીં. દા.ત. સો રૂપિયા હતા, વેપારમાં વીસ રૂપિયા નફો થયો અને દસ રૂપિયાનું નુકસાન થયું તો દસ રૂપિયા નફામાંથી બાદ કરવામાં આવશે. એટલે કે હવે દસ રૂપિયા જ નફાના બાકી રહયા. જો નુકસાન નફા કરતાં વધારે હોય તો દા.ત. વીસ રૂપિયા નફાના છે અને પચાસ રૂપિયાનું નુકસાન થયું છે તો એ નુકસાન મુદ્દલમાં થશે. મુજારિબ પાસેથી તમામ કે અડધુ નુકસાન લઈ શકાશે નહીં. કેમ કે તે અમીન (અમાનતદાર) છે અને અમીનની જિમ્મેદારી નથી. ભલે એ નુકસાન મુઝારિબના કોઈ કામથી થયું હોય. હા ! જો જાણી બુઝીને ઈરાદાપૂર્વક એણે નુકસાન કર્યુ હોય દા.ત. કામની વસ્તુ હતી તેને ઈરાદાપૂર્વક નીચે પટકીને તોડી નાખી તો એનો બદલો ચૂકવવો પડશે. કેમ કે એમ કરવાની એને ઈજાઝત ન હતી. *(હિદાયા, દુર્રે મુખ્તાર)*

**મસ્અલા :** મુઝારબતમાં નફાની વહેંચણી ત્યારે જ સહીહ ગણાશે જ્યારે કે માલ આપનારને મુદ્દલ ચૂકવી દેવામાં આવે. મુદ્દલ આપતાં પહેલાં નફાની વહેંચણી બાતિલ છે. અર્થાત માની લો કે મુદ્દલ રકમ હલાક થઈ ગઈ તો નફાને પાછો ફેરવી મુદ્દલ પૂરી કરે અને ત્યાર બાદ જે કંઈ બચે તેની વહેંચણી (નક્કી કર્યા મુજબ) કરી લે. દા.ત. એક હજાર મુદ્દલ રકમ મુઝારિબ પાસે રહી કે જેનાથી ફરીવાર વેપાર કરશે એ રકમ હલાક થઈ ગઈ. કામ શરૂ કરતાં પહેલાં હલાક થઈ ગઈ કે પાછળથી (હલાક થઈ). ગમે તેમ પણ મુઝારિબે પાંચસો રૂપિયા માલ આપનારને પાછા આપી દેવા અને જો ખર્ચાઈ ગયા હોય તો પોતાની પાસેથી આપી દે. કેમ કે એ રકમ અને માલ આપનારે (પાંચસો) લીધા છે તે (બંને મળીને) મુદ્દલ ગણી લેવામાં આવશે અને નફો હલાક થયો એમ ગણવામાં આવશે. જો બે હજાર નફાના હતા, જેમાંથી એક એક હજાર બંનેએ લીધા, ત્યાર બાદ મુદ્દલ હલાક થઈ ગઈ તો એક હજાર જે માલિકને મળ્યા છે એને મુદ્દલ ગણવામાં આવે અને મુજારિબની પાસે જે એક હજાર છે તે નફાના છે એમાંથી પાંચસો માલ આપનારને (માલિકને) પાછા આપી દે. *(આલમગીરી) –(ક્રમશઃ)*

# અવામી ગલતફેહમિયાં ઔર ઉનકા શરઈ હલ

(નજમી દારુલ ઈફતા-આમોદ)

હપ્તો : ૨૯

**૦૯. હજરે અસ્વદકા બોસા દેનેકે લિયે લોગોંકો ધક્કે દેના ઔર ઓરતોંકા મર્દો કે અંદર ઘુસ જાના કૈસા હે ?**

યક઼ીનન હજરે અસ્વદકા બોસા દેના બળી સઆદતમંદી ઔર નેક બખ્તી કી બાત હે લેકિન અવામ મેં યે ગલત તરીક઼ા રાઈજ હે કે હજરે અસ્વદ કા બોસા દેનેકે લિયે એક દૂસરે કો ધક્કા દેતે હૈં ઔર ખૂદકો ભી ઔર દૂસરોં કો ભી તકલીફ પહોંચાતે હૈં ઔર સમજતે હૈં કે ઈસ મેં કોઈ હરજ નહીં, હાલાંકે એક મુસ્તહબ કામ કે લિયે એક દૂસરે કો ધક્કા દેના ઔર તકલીફ પહોંચાના શરઅન જાઈઝ નહીં. ઈસી તરહ ઓરતોં કો દેખા જાતા હે કે હજરે અસ્વદ કા બોસા દેને કે લિયે મર્દો કે દરમિયાન ઘુસ જાતી હે ઔર એક દૂસરે કો ધક્કા દેતી હે, જો કે શરઅન નાજાઈઝ હે, લિહાઝા તમામ મર્દો ઓરત કો ઈસ બાત કા ખયાલ રખના ઝરૂરી હે.

"બહારે શરીઅત" મેં હે :

"મયસ્સર હો સકે તો હજરે અસ્વદ પર દોનોં હથેલિયાં ઔર ઉનકે બીચ મેં મુંહ રખકર યૂં બોસા દો કે આવાઝ ન પૈદા હો, તીન બાર ઐસા હી કરો યે નસીબ હો તો કમાલે સઆદત હે. યક઼ીનન ! તુમ્હારે મેહબૂબ વ મૌલા મુહમ્મદ રસૂલુલ્લાહ ﷺને ઉસે બોસા દિયા ઔર રૂએ અક઼દસ ઉસ પર રખા. ઝહે ખૂશ નસીબી કે તુમ્હારા મુંહ વહાં તક પહોંચે ઔર હુજૂમ (ભીળ) કે સબબ ન હો સકે તો ન ઔર કો ઈઝા દો, ન આપ દબો કુચલો બલ્કે ઈસકે ઈવઝ હાથ સે છૂકર ઉસે ચૂમ લો ઔર હાથ ન પહોંચે તો લકળી સે છૂકર ઉસે ચૂમલો ઔર યે ભી ન હો સકે તો હાથોં સે ઉસકી તરફ ઈશારા કરકે ઉન્હેં બોસા દે દો." *(બહારે શરીઅત, જિલ્દ : ૧, હિસ્સા : ૬, સફહા : ૧૦૯૬)*

"ઉસી બહારે શરીઅત" મેં દૂસરી જગહ હે :

"બા'ઝ ઓરતોં કો મૈં ને ખૂદ દેખા કે નિહાયત બે બાકી સે સઈ કરતી હૈં કે ઉનકી કલાઈયાં ઔર ગલા ખુલા રહેતા હે ઔર યે ખયાલ નહીં કે મક્કાએ મુઅઝઝમા મેં મઅસિયત કરના નિહાયત સખ્ત બાત હે કે યહાં જિસ તરહ એક નેકી લાખ કે બરાબર હે યૂહીં એક ગુનાહ લાખ ગુનાહ કે બરાબર બલ્કે યહાં તો યહાં કઅબએ મુઅઝ્ઝમા કે સામને ભી વોહ ઈસી હાલત સે રેહતી હે બલ્કે ઈસી હાલત મેં તવાફ કરતે દેખા, હાલાં કે તવાફ મેં સતરકા છુપાના અલાવા ઉસી ફર્ઝે દાઈમી કે વાજિબ ભી હે તો એક ફર્ઝ દૂસરે વાજિબ કે તર્ક સે દો ગુનાહ કિયે. વોહ ભી કહાં બૈયતુલ્લાહ કે સામને ઔર ખાસ તવાફ કી હાલત મેં, બલ્કે બા'ઝ ઓરતેં તવાફ કરને મેં ખુસૂસન હજરે અસ્વદકો બોસા દેને મેં મર્દો મેં ઘુસ જાતી હૈં ઔર ઉનકા બદન મર્દો કે બદન સે મસ હોતા રહેતા હે મગર ઉનકો ઈસકી કુછ પરવા નહીં, હાલાં કે તવાફ યા બોસએ હજરે અસ્વદ વગૈરહુમા ષવાબ કે લિયે કિયા જાતા હે મગર વોહ ઓરતેં ષવાબકે બદલે ગુનાહ મોલ લેતી હૈં. લિહાઝા ઈન ઉમૂર કી તરફ હુજ્જાજ કો ખુસૂસિયત કે સાથ તવજ્જોહ કરની ચાહિયે ઔર ઉનકે સાથ જો ઓરતેં હોં ઉન્હેં બતાકીદ ઐસી હરકાત સે મના કરના ચાહિયે." *(બહારે શરીઅત, જિલ્દ : ૧, હિસ્સા : ૬, સફહા : ૧૧૧૦)* વધુ પેજ **૪૩** પર.

**અઝ : હઝરત મુફતી સાબિર નજમી મિસ્બાહી** (સદર મજલિસે કઝા ઈદારા શરઈય્યહ-ભરૂચ, C/o. દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ, જિ. ભરૂચ)

تذكرة الاولياء

# તઝકેરતુલ અવલિયા
# હઝરત رحمۃ اللہ علیہ અબૂ તુરાબ બખ્શી ના હાલાત તથા ખૂબીઓ

**આપનો મર્તબો દર્શાવતા બનાવો :** આપ ખુરાસાનના મહાન મર્તબાવાળા બુઝુર્ગોમાંથી થયા છે. ન કેવળ એ બલ્કે ચાલીસ હજ કરીને સાથોસાથ લાંબા અરસા સુધી કદી આરામ નથી કર્યો, બલ્કે એકવાર સજદાની હાલતમાં બયતુલ્લાહની અંદર ઊંઘ આવી ગઈ અને ખ્વાબમાં જોયું કે ઘણી બધી હૂરો આપના તરફ ધ્યાનિત છે, પરંતું આપે ફર્માવ્યું કે મને તો ઝિક્રે ઈલાહીથી ફુરસદ જ નથી હું તમારી તરફ કેવી રીતે ધ્યાનિત થઈ શકુ છું ! પરંતું હૂરોએ કહ્યું કે આપની અમારા તરફ ધ્યાન ન કરવાની ખબર બીજી હૂરોને પડશે તો તેઓ અમારી મજાક ઉડાડશે. એ સાંભળીને જન્નતના દરવાને જવાબ આપ્યો કે એ અત્યારે તદ્દન ધ્યાન નહીં કરે, તેમની સાથે તો બસ કયામતના દિવસે જ મુલાકાત થઈ શકશે. ઈબ્ને જિલાઅ્નો કૌલ છે કે મેં અગણિત બુઝુર્ગોથી નિયાઝમંદીનો શરફ હાંસલ કર્યો છે પરંતું મારી નજરમાં ચાર બુઝુર્ગો કરતાં મહાન મર્તબાવાળા કોઈ બુઝુર્ગ નથી ગુજર્યા. અને એમનામાં પ્રથમ દરજો હઝરત અબૂ તુરાબનો છે. પછી જે સમયે આપ મક્કા મોઅઝ્ઝમા પહોંચ્યા તો ખૂબ ખૂશો ખુર્રમ (ખુશી આનંદમાં) હતા. અને જ્યારે મેં પૂછયું કે ખાવાની શું વ્યવસ્થા છે ? ક્યારેક બસરા, ક્યારેક બગદાદ અને કદીક અહીં ખાય લઉં છું.

**આપના હાલાત :** જ્યારે પોતાના ચાહકોમાં કોઈ અયબ જોતા તો ખુદ તૌબા કરતાં કરતાં મુજાહિદાતમાં વધારો કરી આપતા અને ફર્માવ્યા કરતા કે મારી જ નહૂસતના કારણે એનામાં આ અયબ પેદા થયો. અને મુરીદોને ફર્માવ્યા કરતા કે રિયા (દેખાડવા)નું કોઈ કામ ન કરશો. એક વખત આપના કોઈ મુરીદ પર એક મહીનાનો ફાકો પસાર થઈ ગયો અને તેણે ઈઝતેરારી હાલતમાં તરબૂચાની છાલની તરફ હાથ વધારી દીધો, તો આપે ફર્માવ્યું કે આવી સ્થિતિમાં તને તસવ્વુફ હાંસલ નથી થઈ શકતો, કેમ કે મેં તો ખુદાથી એ અહદ કર્યો છે કે મારો હાથ હરામ ચીજની તરફ ન વધશે. ફર્માવ્યું કે આખા જીવનમાં એકવાર જંગલમાં મને ઈંડુ રોટલી ખાવાની ખ્વાહિશ થઈ અને હું રસ્તો ભૂલીને એક એવી જગાએ જઈ પહોંચ્યો જ્યાં કેટલાક કાફલાવાળાઓ શોર મચાવી રહ્યા હતા, અને મને જોઈને લપેટાઈને કહેવા લાગ્યા કે એણે આપણો સામાન ચોર્યો છે અને આવું કહીને મારા પર સતત લાકડીઓથી વાર કરતા રહ્યા. પરંતું એક વૃધ્ધે મને ઓળખી કાઢીને લોકોને કહ્યું કે એ ચોરી નથી કરી શકતા, આ ઘણા જ મહાન બુઝુર્ગ છે. એ સાંભળીને સૌ માફી માગવા લાગ્યા તો મેં કહ્યું કે મને તકલીફની ફરિયાદ એટલા માટે નથી કે આજે મારા નફ્સને ખૂબ જ ઝિલ્લતનો સામનો થયો. પછી એ વૃધ્ધે પોતાના ઘરે લઈ જઈને મારી સામે ઈંડુ રોટલી રાખી એને ખાવામાં મને કાંઈક ખચકાટ થયો તો ગયબી નિદા આવી કે તને ખ્વાહિશની સજા મળી ગઈ હવે ખાવા ખાય લે પણ તારા નફ્સની ખ્વાહિશ સજા પામ્યા વિના કદી પૂરી નહીં થાય.

એકવાર આપ ઈરાદતમંદો (મુરીદો) સાથે જંગલમાં સફર કરી રહ્યા હતા કે સૌને પીવા તથા વુઝૂ કરવા માટે પાણીની જરૂરત ઉભી થઈ, અને સૌએ આપને અર્ઝ કરી. જેથી આપે જમીન પર એક રેખા

❒ **અઝ :** *હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર رحمۃ اللہ علیہ* ❒ **અનુવાદક :** *પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી*

તાણી દીધી જ્યાંથી એ જ વખતે એક નહેર વહેતી થઈ ગઈ.

હઝરત અબુલ અબ્બાસ رضی اللہ عنہما થી નકલ થયેલ છે કે હું એકવાર રણમાં આપની સાથે હતો. તો આપના એક મુરીદે તરસની શિકાયત કરી. જેથી જેવો આપે જમીન પર પગ માર્યો તેવું જ એક ઝરણુ જાહેર થયું. પછી બીજા મુરીદે અર્ઝ કરી કે હું તો પ્યાલામાં પાણી પીવાનો ઈચ્છુક છું. અને આપે એની ફર્માઈશ પર જ્યારે જમીન પર હાથ માર્યો તો ખૂબ જ ખૂબસૂરત સફેદ રંગનો પ્યાલો નીકળી આવ્યો અને બયતુલ્લાહ સુધી તે પ્યાલો અમારી સાથે રહ્યો.

આપે હઝરત અબુલ અબ્બાસને પૂછયું કે આપના મુરીદોની કશ્ફ તથા કરામતના વિશે શું રાય છે ? તેમણે કહ્યું કે ખૂબ જ ઓછા લોકો એના પર યક઼ીન રાખે છે. આપે કહ્યું કે એ ચીજોને સહીહ ન સમજનાર કાફિર છે. (વલીઓની કરામતો કુર્આન હદીષથી સાબિત છે.)

**આપના આદેશો** : આપ ફર્માવ્યા કરતા હતા કે એકવાર મેં જંગલમાં અંધારી રાતે એક ખૂબ જ ભયાનક કદાવર હબ્શીને જોઈને પૂછયું કે તમે જિન છો કે ઈન્સાન છો ? તેણે મને વળતો એ સવાલ કર્યો કે તમે કાફિર છો કે મુસલમાન ? અને જ્યારે મેં કહ્યું કે મુસલમાન છું. તો તેણે કહ્યું કે મુસલમાન તો ખુદા સિવાય કોઈનાથી નથી ડરતો. એ વખતે મને યક઼ીન થઈ ગયું કે આ ગયબી ચેતવણી છે. ફર્માવ્યું કે એકવાર મેં એક શખ્સને સવારી વિના તથા માર્ગના ભાથા વિના જંગલમાં સફર કરતો જોઈને ખયાલ કર્યો કે આનાથી વધુ ખુદા પર કોઈને એતબાર નથી હોઈ શકતો અને જ્યારે મેં તેની બેસરો સામાની વિશે સવાલ કર્યો તો તેણે જવાબ આપ્યો કે ખુદાને સાથે રાખવાવાળા માટે કોઈ ચીજની જરૂરત નથી હોતી. ફર્માવ્યું કે મેં ત્રીસ વરસો સુધી ન કોઈનાથી કાંઈ લીધુ અને ન આપ્યું. લોકોએ અર્ઝ કર્યુ કે એની સ્પષ્ટતા કરી આપો. તો આપે કહ્યું કે એક શખ્સે મને દાવત આપી પરંતું મેં કબૂલ ન કરી. અને એ જુર્મમાં સતત ૧૪ દિવસો સુધી ફાકાકશી કરતો રહ્યો. ફર્માવ્યું કે સાદિક઼ (સાચો) બંદો તે જ છે જે અમલથી પહેલાં જ અમલની લિજ્જત મેહસૂસ કરે અને ઈખ્લાસ એક એવો અમલ છે જેમાં ઈબાદતની લિજ્જત સમાયેલી છે. ફર્માવ્યું કે ત્રણ ચીજોથી મહોબ્બત લગાવ નુકસાનકર્તા છે : પ્રથમ નફસથી, બીજુ જિંદગીથી, ત્રીજુ દોલતથી. ફર્માવ્યું કે સુકૂન તથા રાહત તો કેવળ જન્નતમાં જ મળી શકે છે. ફર્માવ્યું કે વાસિલે ઈલલ્લાહ થવા માટે સિત્તેર દરજાઓ છે અને એમનામાં સૌથી ઉચ્ચ દરજો તવક્કુલ છે અને અદના દરજો ઈજાબત (સ્વીકૃતિ). અને તવક્કુલનો ભાવાર્થ એ છે કે ખુદાની દૈન પર શુક્ર અદા કરે અને ન આપવા પર સબ્ર કરે. પરંતું દરેક સમયે તેની યાદમાં ગુમ રહે. ફર્માવ્યું કે ખુદાએ ઉલમાને કેવળ હિદાયત માટે પેદા કર્યા છે. ફર્માવ્યું કે, ગના (માલદારી)નો ભાવાર્થ એ છે કે દરેક ચીજથી બેપરવા, બે નિયાઝ થઈ જવું છે અને ફક્ર (ગરીબી)નો અર્થ જરૂરતમંદ થવું છે.

**બેનિયાઝીની હાલત** : કોઈએ આપને અર્ઝ કરી કે જો આપની કોઈ હાજત હોય તો ફર્માવી દો. આપે જવાબ આપ્યો કે મને તો ખુદાથી પણ હાજત નથી, એટલા માટે કે હું તો તેની રઝા પર ખુશ છું કે જે હાલમાં ચાહે રાખે. ફર્માવ્યું કે દુરવેશને જે મળી જાય એ જ એનું ખાણુ છે, અને જેનાથી શરીર ઢાંકી શકાય એ જ લિબાસ છે, અને જે જગાએ વસે એ જ મકાન છે.

**આપની વફાત** : આપનો ઈન્તેક઼ાલ બસરાના રણમાં થયો અને ઈન્તેકાલના વરસો પછી જ્યારે ત્યાંથી કોઈ કાફલો પસાર થયો તો જોયું કે આપ હાથમાં લાકડી લઈને કિબ્લા રૂ ઉભેલા છે અને હોઠ સૂકા છે, તેમ છતાં કોઈ જંગલી જાનવર આપની પાસે ફરકતુ ન હતું.

# ઈસ્લામી અખ્લાક઼ તથા આદાબ

**લેખક : સદરુશ્શરીઅહ હઝરત અલ્લામા અમજદઅલી આઝમી** رحمۃ اللہ علیہ

કાર્યાલય **હપ્તો : ૧૭**

''બહારે શરીઅત'' (લેખક : હઝરત સદરુશ્શરીઅહ رحمۃ اللہ علیہ)ના કુલ ૨૦ ભાગ છે. ગુજરાતીમાં કેવળ ૧૦ ભાગો છપાયેલા છે જે અમારે ત્યાં મળે છે. **''ઈસ્લામી અખ્લાક઼ો આદાબ''** એ ''બહારે શરીઅત''નો ૧૬મો ભાગ છે જે ખૂબ જ ઉમદા હદીષો તથા મસાઈલ ધરાવે છે. **મૌલાના મુહમ્મદ નઈમ અમજદી (બાકરોલ)** સાહબે એનો લગભગ ૧/૨ ભાગ ગુજરાતી કરીને આપેલ હતો જેને અત્યારે પ્રકાશિત કરવાનું નસીબ થયું છે. ઈન્શાઅલ્લાહ ! પૂરો ૧૬મો ભાગ અનુવાદ કરીને પ્રસિધ્ધ કરીશું જે ઈસ્લામી જિંદગી જીવવા ચાહનાર માટે દીવાદાંડી સમાન છે જે ઈન્સાનને બાઅખ્લાક઼ તથા સભ્ય ઈન્સાન બનાવવા મદદરૂપ થશે. –*તંત્રી*

**મસ્અલા–૨૪** : કોઈએ કહ્યું, ફલાણાને મારા સલામ કહી દેજો. તેના ઉપર સલામ પહોંચાડવી વાજિબ છે અને જ્યારે તેણે સલામ પહોંચાડી તો જવાબ આપે કે પહેલાં આ પહોંચાડવાવાળાને તેના પછી એને જેણે સલામ મોકલી એટલે કે કહે ''વ અલયક વ અલયહિસ્સલામ'' *(આલમગીરી)*

આ સલામ પહોંચાડવી તે સમયે વાજિબ છે જ્યારે તેણે પોતે તેની જિમ્મેદારી લીધી હોય એટલે કે કહી દીધું હોય કે ''હા'' તારી સલામ કહી દઈશ કે આ સમયે સલામ તેની પાસે અમાનત છે જે તેનો હક્ક઼દાર છે તેને આપવો જ પડશે, નહીંતર વદીયતની મંઝિલમાં છે કે તેના પર જરૂરી નથી કે સલામ પહોંચાડવા ત્યાં જાય. આ જ રીતે હાજીઓથી લોકો કહે છે કે હુઝૂર અક઼દસ ﷺના દરબારમાં મારા સલામ અર્ઝ કરી દેજો, આ સલામ પહોંચાડવી વાજિબ છે. *(રદ્દુલ મુહતાર)*

**મસ્અલા–૨૫** : પત્રમાં સલામ લખેલ હોય છે તેનો પણ સલામ આપવો વાજિબ છે અને અહીંયા જવાબ બે પ્રકારના થશે : (૧) એ કે જીભથી જવાબ આપવો (૨) બીજો પ્રકાર એ કે સલામનો જવાબ લખીને મોકલે. (દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર) પરંતું કેમ કે સલામનો જવાબ આપવો તરત જ વાજિબ છે. જેવું કે ઉપર દર્શાવેલ છે તો તરત જ લેખિત જવાબ નહીં થાય જેમ કે સામાન્ય રીતે આવું જ થાય છે કે પત્રનો જવાબ તરત જ લખવામાં નથી આવતો. આમ જ થોડુ મોડુ થઈ જાય છે તો જીભથી જવાબ તરત જ આપી દે જેથી કરીને મોડુ થવાનો ગુનોહ ન થાય. એટલા માટે જ અલ્લામા સૈયદ અહમદ તહતાવીએ આવી જગ્યાએ ફર્માવ્યું وَالنَّاسُ عَنْهُ غَافِلُوْنَ એટલે કે લોકો આનાથી બે ધ્યાન છે. આ'લા હઝરત કુદ્દેસ સિર્રહુ જયારે પત્રોને પઢતા હતા તો પત્રમાં જો અસ્સલામુ અયલકુમ લખેલ હોય તો તેનો જવાબ જીભથી આપીને આગળનો વિષય પઢતા.

**મસ્અલા–૨૬** : સલામની મીમને સાકિન કહી એટલે કે **સલામ્ અલયકુમ** કહ્યું જેવું કે ઘણા જાહિલો આ જ રીતે કહે છે અથવા **સલામુ અલયકુમ,** મીમને પેશની સાથે કહે આ બંનેવ પ્રકારોમાં જવાબ વાજિબ નથી કે આ સલામ સુન્નત નથી. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)*

**મસ્અલા–૨૭** : પહેલી વાર કોઈએ કહ્યું **અલયકુમસ્સલામ** અથવા **અલયકસ્સલામ** તો તેનો

જવાબ નથી. હદીષમાં છે કે આ મુડદાની દુઆ છે.

**મસ્અલા–૨૮** : સલામ એટલા અવાજમાં કહે કે જેને સલામ કહી છે તે સાંભળી લે અને એટલો અવાજ ન હોય તો જવાબ આપવો વાજિબ નથી. સલામના જવાબમાં પણ તેટલો અવાજ હોય કે સલામ કરનારો સાંભળી શકે અને એટલી ધીમી અવાજે જવાબ આપ્યો કે તે સાંભળી ન શક્યો તો વાજિબ સાકિત ન થયો. અને તે બહેરો છે તો એની સામે હોઠને હલાવે કે તેની સમજમાં આવી જાય કે જવાબ આપી દીધો છીંકના જવાબનો પણ આ જ હુકમ છે. *(બઝ્ઝાઝિયા)*

**મસ્અલા–૨૯** : આંગળી અથવા હથેળીથી સલામ કરવી મના છે. હદીષમાં છે કે આંગળીઓથી સલામ કરવી યહૂદીઓનો તરીકો છે અને હથેળીથી ઈશારો કરવો નસરાનીઓનો.

**મસ્અલા–૩૦** : અમુક લોકો સલામના જવાબમાં હાથ અથવા માથાથી ઈશારો કરે છે, બલ્કે કેટલાક તો આંખોના ઈશારાથી જવાબ આપે છે, આ રીતે જવાબ ન થયો તેમને જીભથી જવાબ આપવો વાજિબ છે.

**મસ્અલા–૩૧** : અમુક લોકો સલામ કરવાના સમયે ઝુકી જાય છે. આ ઝુકવું જો રુકૂઅની હદ સુધી હોય તો હરામ છે અને તેનાથી ઓછુ હોય તો મકરૂહ છે.

**મસ્અલા–૩૨** : આ જમાનામાં કેટલાય પ્રકારની સલામો લોકોએ પેદા કરી લીધી છે તેમાંથી સૌથી ખરાબ એ છે કે કેટલાક લોકો કહે છે ''બંદગી અર્ઝ'' આ શબ્દ ક્યારેય ન કહે. કેટલાક લોકો ''આદાબ અર્ઝ'' કહે છે, જો કે એમાં એટલી બુરાઈ નથી પરંતુ સુન્નતની વિરૂદ્ધ છે. કેટલાક લોકો તસ્લીમ અથવા તસ્લીમાત અર્ઝ કહે છે. આને સલામ કહી શકાય છે કે આ સલામના જ અર્થમાં છે. અુમક લોકો કહે છે, ''સલામ'' આ પણ સલામ છે. કુર્આન મજીદમાં છે કે ફરિશ્તાઓ જયારે હઝરત ઈબ્રાહીમ علیہ السلام ની ખિદમતમાં ઉપસ્થિત થયા ''فَقَالُوْا سَلٰمًا'' તેમણે આવીને સલામ કરી તેના જવાબમાં હઝરતે ઈબ્રાહીમ علیہ السلام એ પણ ''સલામ'' કહી. એટલે કે કોઈએ કહ્યું, સલામ તો સલામ કહેવાથી જવાબ થઈ જશે. કેટલાક લોકો એવી જાતના છે કે તે પોતે તો સલામ શું કરશે, પણ તેમને સલામ કરવામાં આવે તો ગુસ્સે થાય છે ! કહે છે કે શું મને તું તારી બરાબરનો સમજે છે ?! એટલે કે કોઈ ગરીબ માણસ સુન્નત મુજબ સલામ કરે તો એને પોતાની શાન (પ્રતિષ્ઠા) વિરૂધ્ધ સમજે છે. અને અમુક તો ચાહે છે કે તેમને આદાબ અર્ઝ કહેવામાં આવે ! અથવા ઝુકીને હાથથી ઈશારો કરવામાં આવે. અને અમુક તો અહીં સુધી બેખૌફ છે કે શું અમને પીંજારા, વણકર સમજી રહ્યા છો ! અલ્લાહ તઆલા તેમને હિદાયત આપે અને તેમની આંખો ખોલે.

**મસ્અલા–૩૩ : કોઈના નામની સાથે (અ઼લૈહિસ્સલામ) કહેવું કે એ અંબિયા તથા ફરિશ્તાઓ علیہم السلام ની સાથે ખાસ છે. દા.ત. મૂસા علیہ السلام, ઈસા علیہ السلام, જિબ્રઈલ علیہ السلام. નબી અને ફરિશ્તાની સિવાય બીજાના નામની સાથે કહેવામાં ન આવે.**

**મસ્અલા–૩૪** : ઘણી જગ્યાએ એવી પરંપરા છે કે નાનો જ્યારે મોટાને સલામ કરે છે તો જવાબમાં કહે છે, જીવતા રહો ! આ સલામનો જવાબ નથી બલ્કે આ જવાબ જાહિલિયતમાં કાફિરો કહેતા હતા. તે કહેતા કે حَيَّاكَ اللّٰهُ (હ઼ય્યાકલ્લાહ) ઈસ્લામે બતાવ્યું કે જવાબમાં **વઅલયકુમુસ્સલામ** કહેવામાં આવે.

## મુસાફો, મુઆનેકો, બોસો અને ક઼યામ

**હદીષ–૧** : ઈમામ અહમદ વ તિર્મિઝી વ ઈબ્ને માજાએ બરાઅ્ બિન આ઼ઝિબ رضی اللہ عنہ થી રિવાયત કરી છે કે નબીએ કરીમ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, જયારે બે

મુસલમાન ભેગા મળીને મુસાફો કરે છે તો અલગ થતા પહેલાં જ તેમની મગફેરત થઈ જાય છે. અને અબૂ દાઊદની રિવાયતમાં છે કે **જ્યારે બે મુસલમાન મળે અને મુસાફો કરે અને અલ્લાહની તારીફ કરે, ઈસ્તિગફાર કરે તો બંનેવની મગફેરત થઈ જશે.**

**હદીષ-૨** : બયહકીએ શોઅબુલ ઈમાનમાં બરાઅ્ બિન આ઼ઝિબ رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે શખ્સ બપોર પહેલાં ચાર રકાત (ચાશતની નમાઝ) પઢે તો જાણે કે તેણે શબેક઼દ્રમાં પઢી અને બે મુસલમાનો મુસાફો કરે તો કોઈ ગુનોહ બાકી નહીં રહે, બધા જ ખંખેરાઈ જશે.

**હદીષ-૩** : સહીહ બુખારીમાં ક઼તાદાથી રિવાયત છે કે કહે છે મેં અનસ رضی اللہ عنہથી પૂછયું, શું અસ્હાબે રસૂલુલ્લાહ ﷺમાં મુસાફાનો રિવાજ હતો ?! કહ્યું, હા !

**હદીષ-૪** : ઈમામ માલિકે અતા ખુરાસાનીથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, **એકબીજાથી મુસાફો કરો દિલમાંથી કપટ જતો રહેશે અને એકબીજાને હદિયો આપ્યા કરો મહોબ્બત પેદા થશે અને દુશ્મની નીકળી જશે.**

**હદીષ-૫** : ઈમામ અહમદે અનસ رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જ્યારે બે મુસલમાનોએ મુલાકાત કરી અને એકબીજાનો હાથ પકડી લીધો (મુસાફો કર્યો) તો અલ્લાહ તઆલાના ઝિમ્મામાં એ હક્ક઼ છે કે તેમની દુઆને હાજર કરી દે અને હાથ જુદો ન થાય એટલામાં તેમની મગ઼ફેરત થઈ જવા પામે. અને **જે લોકો ભેગા મળીને અલ્લાહ તઆલાનો ઝિક્ર કરે છે અને ફક્ત અલ્લાહ તઆલાની રઝામંદી સિવાય બીજો કોઈ હેતુ ન હોય તો આસ્માનમાંથી અવાજ આપનાર અવાજ આપે છે, ઉભા થઈ જાવ ! તમારી મગફેરત થઈ ગઈ ! તમારા ગુનાહોને નેકીઓથી બદલી નાખવામાં આવ્યા.**

**હદીષ-૬** : તિબ્રાનીએ સલમાન رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, મુસલમાન ભાઈ જ્યારે પોતાના મુસલમાન ભાઈની મુલાકાત કરે છે અને હાથ પકડે (મુસાફો કરે) તો બંનેવના ગુનાહ એ રીતે ખરી જાય છે જેવી રીતે તોફાનના દિવસે સૂકાઈ ગયેલા વૃક્ષોનાં પાદડાં અને તેમના ગુનાહ માફ કરી દેવામાં આવે છે ભલે સમુદ્રના ફીણના બરાબર હોય.

**હદીષ-૭** : ઈબ્ને નજજારે ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, **જે મુસલમાન પોતાના ભાઈથી મુસાફો કરે અને કોઈના દિલમાં એકબીજાથી દુશ્મની ન હોય તો હાથ જુદા થતા પહેલાં અલ્લાહ તઆલા બંનેવના પાછલા ગુનાહો માફ કરી દેશે અને કોઈ પોતાના ભાઈની તરફ મહોબ્બતની નજરે જુએ તેના દિલમાં અથવા સીનામાં દુશ્મની ન હોય તો નજર હટતા પહેલાં બંનેવના પાછલા ગુનાહ માફ કરી દેવામાં આવશે.**

**હદીષ-૮** : ઈમામ અહમદ વ તિર્મિઝીએ અબૂ ઉમામા رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, બીમારની ઈયાદત (ખબર લેવી)એ છે કે તેના કપાળ પર અથવા હાથ પર હાથ મૂકીને પૂછે કે તબીઅત કેવી છે અને પૂરી તહિય્યત એ છે કે મુસાફો કરે.

**હદીષ-૯** : તિર્મિઝીએ અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે એક શખ્સે અર્ઝ કરી કે યા રસૂલુલ્લાહ ! ﷺ કોઈ શખ્સ પોતાના ભાઈ અથવા દોસ્તથી મુલાકાત કરે તો શું તેના માટે ઝુકી જાય ? ફર્માવ્યું, નહીં ! તેણે કહ્યું, તો શું તેનાથી બાઝી જાય અને બોસો લે ?

ફર્માવ્યું, નહીં ! તેણે કહ્યું, તો શું તેનો હાથ પકડીને મુસાફો કરે ? ફર્માવ્યું, હા !

**હદીષ-૧૦** : અબૂ દાઊદે રિવાયત કરી કે એક શખ્સે અબૂઝર رضی اللہ عنہથી પૂછયું, શું તમે જયારે હુઝૂર ﷺથી મળતા હતા તો હુઝૂર ﷺ તમારાથી મુસાફો કરતા હતા ? તો એમણે કહ્યું, મેં જયારે પણ મુલાકાત કરી તો હુઝૂર ﷺએ મુસાફો કર્યો. એક દિવસ હુઝૂર ﷺએ માણસને મોકલ્યો. હું ઘરમાં ન હતો જયારે આવ્યો તો મને બતાવવામાં આવ્યું, હું ઉપસ્થિત થયો તે સમયે હુઝૂર તખ્ત પર હતા મને દબાવી લીધો તો એ ઘણુ જ સારું હતું ! ઘણું જ સારુ હતું !

**હદીષ-૧૧** : સહીહ બુખારી વ મુસ્લિમમાં અબૂ હુરૈરહ رضی اللہ عنہથી મરવી છે કે હું રસૂલુલ્લાહ ﷺની સાથે હઝરત ફાતિમા رضی اللہ عنہاના ઘરે ગયો. હુઝૂરે હઝરત હસન رضی اللہ عنہ વિશે પૂછયું કે તે અહીંયા છે ? થોડીવાર પછી તે દોડતા દોડતા આવ્યા અને હુઝૂરે તેમને ગળે લગાવ્યા અને તે પણ બાઝી પડયા. પછી ફર્માવ્યું, **હે અલ્લાહ ! હું આને મહેબૂબ રાખું છું, તું પણ એને મહેબૂબ રાખ અને એને મહેબૂબ બનાવી લે, જે એમને મહેબૂબ રાખે.**

**હદીષ-૧૨** : ઈમામ અહમદે યઅલા رضی اللہ عنہથી રિવાયત કરી. કહે છે હઝરત હસન અને હુસૈન رضی اللہ عنہما દોડીને રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં આવ્યા. હુઝૂરે તેમને ચિપકાવી લીધા અને ફર્માવ્યું, ઔલાદ કંજૂસી અને બુઝદિલીનો સબબ હોય છે.

**હદીષ-૧૩** : તિર્મિઝીએ ઉમ્મુલ મોમિનીન આઈશા رضی اللہ عنہاથી રિવાયત કરી કે ઝૈદ બિન હારિષા رضی اللہ عنہ જયારે મદીનામાં આવ્યા ત્યારે હુઝૂર ﷺ મારા મકાનમાં તશરીફ ફર્મા હતા. તેમણે આવીને દરવાજો ખખડાવ્યો, હુઝૂર કપડાં ઘસેડતા નગ્ન એટલે વગર ચાદર ઓઢે ચાલી પડયા. વલ્લાહ ! મેં આથી પહેલાં ક્યારેય પણ હુઝૂર ﷺને નગ્ન એટલે કે ચાદર ઓઢયા વગર કોઈની પાસે જતા નથી જોયા અને ન તેના પછી ક્યારેય આવી રીતે જોયા. હુઝૂરે તેમને ગળે લગાડયા અને બોસો આપ્યો.

**હદીષ-૧૪** : અબૂ દાઊદે ઉસૈદ બિન હુઝૈર رضی اللہ عنہથી રિવાયત કરી કે એક અન્સારી શખ્સ જેમની તબીઅતમાં મઝાહ (રમૂજીપણુ) હતો. તે વાતો કરી રહ્યા હતા અને લોકોને હસાવી રહ્યા હતા. નબીએ કરીમ ﷺએ એક લાકડીથી તેમની કમરમાં ગોદો કર્યો. તેમણે હુઝૂર ﷺથી અર્ઝ કરી, મને આનો બદલો આપો. હુઝૂર ﷺએ ફર્માવ્યું, બદલો લઈ લો ! તેમણે કહ્યું, હુઝૂરે કમીસ પહેરી રાખેલ છે, મારા શરીર પર કમીસ નથી. હુઝૂર ﷺએ કમીસ હટાવી લીધી તો તે ચોંટી ગયા અને તેમનાં પાસાને બોસો આપ્યો અને કહ્યું કે મારો મક્સદ આ હતો. (બદલો લેવાનો હેતુ ન હતો)

**હદીષ-૧૫** : અબૂ દાઊદ વ બયહકીએ આમિર બિન શઅબીથી મુરસલન રિવાયત કરી કે નબીએ કરીમ ﷺએ જઅફર બિન અબૂ તાલિબ رضی اللہ عنہનું સ્વાગત કર્યું અને તેમનાથી ગળે મળ્યા (મુઆનિકા કર્યો) અને બંનેવ આંખોની વચ્ચે બોસો આપ્યો.

**હદીષ-૧૬** : અબૂ દાઊદે ઝારેઅ رضی اللہ عنہથી રિવાયત કરી કે જયારે કબીલા અબ્દુલ કૈસનુ કુટુંબ હુઝૂર ﷺની ખિદમતમાં આવ્યું હતું ત્યારે પણ તે પ્રતિનિધિમંડળમાં જ હતા. કહે છે કે જયારે અમે મદીનામાં પહોંચ્યા તો અમારી મંઝિલોથી જલ્દી જલ્દી હુઝૂર ﷺની ખિદમતમાં ઉપસ્થિત થતા અને હુઝૂર ﷺના દસ્તે મુબારક અને પગ મુબારકને બોસો આપતા.

**હદીષ-૧૭** : અબૂ દાઊદે ઉમ્મુલ મોમિનીન આઈશા رضی اللہ عنہاથી રિવાયત કરી કે હઝરત ફાતિમા رضی اللہ عنہا જયારે હુઝૂર ﷺની ખિદમતમાં હાજર થતાં

તો હુઝૂર ﷺ તેમની તરફ ઉભા થઈ જતા અને તેમનો હાથ પકડતા અને તેમને બોસો આપતા પછી પોતાની જગ્યાએ બેસાડતા. અને હુઝૂર ﷺ તેમને ત્યાં તશરીફ લઈ જતા તો તે ઉભાં થઈ જતાં અને હુઝૂર ﷺના હાથને પકડી લેતાં અને બોસો આપતાં અને પોતાની જગ્યાએ બેસાડતાં.

**હદીષ-૧૮** : અબૂ દાઊદે બરાઅ્ رضی اللہ عنہથી રિવાયત કરી કે જ્યારે અબૂબક્ર સિદ્દીક્ رضی اللہ عنہ શરૂ શરૂમાં મદીના આવ્યા હતા ત્યારે હું તેમની સાથે તેમને ત્યાં ગયો. હઝરત આઈશા رضی اللہ عنہا તાવમાં આડા પડેલાં હતાં. હઝરત અબૂબક્ર તેમની પાસે ગયા અને પૂછયું, બેટી કેવું છે ?! અને તેમના ગાલ પર બોસો આપ્યો.

**હદીષ-૧૯** : તિર્મિઝીએ સફવાન બિન અસ્સાલ رضی اللہ عنہથી રિવાયત કરી કે બે યહૂદી હુઝૂર ﷺની ખિદમતમાં ઉપસ્થિત થયા અને સવાલ કર્યો કે ઉઘાડી નવ નિશાનીઓ કઈ છે ? હુઝૂર ﷺએ ફર્માવ્યું : (૧) અલ્લાહની સાથે કોઈને શરીક કરો (૨) ચોરી ન કરો (૩) ઝિના ન કરો (૪) જેની જાનને અલ્લાહે હરામ કરી તેને ના હક્ક્ કત્લ ન કરો (૫) અને જે જુર્મથી મુક્ત હોય તેને બાદશાહની પાસે કત્લ માટે ન લઈ જાવ (૬) જાદૂ ન કરો (૭) વ્યાજ ન ખાવ (૮) પરહેઝગાર સ્ત્રી પર ઝિનાનો આક્ષેપ ન મૂકો (૯) લડાઈના દિવસે મોઢું ફેરવીને ન નાસો અને ખાસ કરીને તમે યહૂદીઓના શનિવારના સંબંધે હદથી આગળ ન વધો. જ્યારે હુઝૂર ﷺએ આવુ ફર્માવ્યું તો એમણે હુઝૂર ﷺના હાથ અને કદમોને બોસો આપ્યો.

**હદીષ-૨૦** : અબૂ દાઊદે અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہથી રિવાયત કરી, કહે છે કે અમે હુઝૂર ﷺની નિકટ ગયા અને હાથને બોસો આપ્યો.

**હદીષ-૨૧** : સહીહ બુખારી વ મુસ્લિમમાં અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી મરવી છે કે જ્યારે બની કુરેઝા પોતાના કિલ્લા પરથી સઅદ બિન મુઆઝ رضی اللہ عنہના હુકમ પર ઉતર્યા. હુઝૂર ﷺએ સઅદ رضی اللہ عنہની પાસે એક માણસ મોકલ્યો અને તે ત્યાંથી નજીકમાં હતા. જ્યારે મસ્જિદની પાસે આવી ગયા તો હુઝૂર ﷺએ અન્સારથી ફર્માવ્યું, પોતાના સરદારની પાસે ઉભા થઈને જાવ.

**હદીષ-૨૨** : બયહક઼ીએ શોઅબુલ ઈમાનમાં અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત કરી. કહે છે કે રસૂલુલ્લાહ ﷺ મસ્જિદમાં બેસીને અમારી સાથે વાતો કરતા. જ્યારે હુઝૂર ઉભા થતા અમે પણ ઉભા થઈ જતા અને એટલીવાર સુધી ઉભા રહેતા કે હુઝૂર ﷺને જોઈ લેતા કે અમુક અઝવાજે મુતહ્હરાતના મકાનમાં તશરીફ લઈ ગયા.

**હદીષ-૨૩** : તિર્મિઝી વ અબૂ દાઊદે મુઆવિયા رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, **જેની એવી ખુશી હોય કે લોકો મારી તાઝીમ માટે ઉભા રહે તે પોતાનું ઠેકાણુ જહન્નમમાં બનાવી લે.**

**મસ્અલા-૨૪** : કોઈએ કહ્યું, ફલાણાને મારા સલામ કહી દેજો. તેના ઉપર સલામ પહોંચાડવી વાજિબ છે અને જ્યારે તેણે સલામ પહોંચાડી તો જવાબ આપે કે પહેલાં આ પહોંચાડવાવાળાને તેના પછી એને જેણે સલામ મોકલી એટલે કે કહે "વ અલયક વ અલયહિસ્સલામ" *(આલમગીરી)*

આ સલામ પહોંચાડવી તે સમયે વાજિબ છે જ્યારે તેણે પોતે તેની જિમ્મેદારી લીધી હોય એટલે કે કહી દીધું હોય કે "હા" તારી સલામ કહી દઈશ કે આ સમયે સલામ તેની પાસે અમાનત છે જે તેનો હક્ક઼દાર છે તેને આપવો જ પડશે, નહીંતર વદીયતની મંઝિલમાં છે કે તેના પર જરૂરી નથી કે સલામ પહોંચાડવા ત્યાં જાય. આ જ રીતે હાજીઓથી લોકો કહે છે કે હુઝૂર અક્દસ ﷺના દરબારમાં મારા સલામ અર્ઝ કરી દેજો, આ સલામ પહોંચાડવી વાજિબ છે. *(રદ્દુલ મુહતાર)* -*(ક્રમશઃ)*

મસ્અલા-૬

# શફાઅત તથા કિતાબ સુન્નતની રોશનીમાં

અઝ : મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી બરકાતી
(સદર : દારુલ ઈફતા જામિઆ અશરફિયા-મુબારકપુર)
અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી

## (૨) મહોબ્બત

જેની પાસે સિફારિશ કરવામાં આવી છે તેને સિફારિશીથી મહોબ્બત હોય, મહોબ્બતનો તકાઝો એ છે મહબૂબની રઝા જોઈ (રાજીપો) ચાહવી અને દરેક રીતે તેને ખુશ કરવું મંજૂર હોય છે. દિલ તૂટવાના તથા રંજના સબબો તેનાથી દૂર રાખવામાં આવે છે. કેમ કે મુહિબ્બ મહબૂબના દિલ તૂટવાના, બલ્કે દોસ્ત દોસ્તોનું દિલ દુઃખવવાને માન્ય રાખનારા નથી હોતા. મહોબ્બત કરનારા મહબૂબના દિલને તકલીફ પહોંચાડવાને માન્ય નથી કરતા, તેમની ફર્માઈશ કૂબૂલ કરે છે અને તેમની સિફારિશ કૂબૂલ કરે છે. અને મોટાભાગે તેમની સિફારિશ કૂબૂલ કરવામાં એ બાબત ખયાલમાં નથી હોતી કે જો તેમની સિફારિશ સ્વીકારવામાં ન આવી તો તે ગુસ્સામાં આવીને તેમને રંજમય કરી શકે છે અથવા ગુસ્સામાં આવીને તેમનાં દિલોને સદમો પહોંચાડી શકે છે, કેમ કે દિલદારી મહોબ્બતનો તકાઝો છે અને મહબૂબની વાત માની લેવી આ ખૂબી (સિફત) માટે અનિવાર્ય છે. આ હાલ એ શખ્સથી પૂછવામાં આવી શકે છે જે મહોબ્બત ધરાવતો હોય. આ હકીકત અકલન તથા નકલન સાબિત છે.

અકલી ષબૂત (સાબિતી) તો વર્ણન થઈ ચૂકી. નકલી સાબિતી જુઓ : હુઝૂર સૈયદે આલમ ﷺ ફર્માવે છે : "ઘણા બધા ધૂળમય વાળોવાળા ખાકસાર જેમની પાસે બે પૂરાણી ચાદરો સિવાય કાંઈ ન હોય અને જેમને કોઈ મહત્વ આપવામાં આવતુ ન હોય. એવા હોય છે કે અલ્લાહ તઆલાના હક્કમાં કસમ ખાય તો અલ્લાહ તઆલા તેમની કસમ પૂરી કરી આપશે." *(જામેઅ તિર્મિઝી, ૪/૪૪૬, અબ્વાબુલ મનાકિબ.......)*

એટલે કે અલ્લાહ તઆલા તેમની દિલદારી કરશે, અને જે વાતની તેમણે કસમ ખાધી છે તેને પૂરી કરી આપશે અને તેમની ખ્વાહિશ રદ નહીં કરે.

વિચાર કરો ! આ "દિલદારી" એ મહોબ્બતનો તકાઝો છે, નહીં તો એ ખાકસાર અલ્લાહ તઆલાને કયો રંજ કે નુકસાન પહોંચાડી શકે છે ?!

હા ! બારગાહે યઝદીના મહબૂબોની શાન એ છે જે હદીષે કુદસીમાં આવેલી છે : (અર્થ) "જ્યારે હું એ બંદાને મહબૂબ બનાવી લઉં છું તો હું તેના કાન થઈ જઉં છું જેનાથી તે સાંભળે છે. તેની આંખ થઈ જઉં છું જેનાથી તે જુએ છે. તેના હાથ થઈ જઉં છું જેનાથી તે પકડે છે, તેના પગ થઈ જઉં છું જેનાથી તે ચાલે છે. (અને એક રિવાયતમાં છે) તેની જીભ થઈ જઉં છું જેનાથી તે બોલે છે. (એટલે કે એનાં અંગો મારી કુદરતના ઉદ્‌ભવ સ્થાન (મઝહર) અને મારી રઝાનાં પાબંદ થઈ જાય છે) આ હદીષે કુદ્સીના આધારે અલ્લાહના મહબૂબોનો કુર્બ (નઝદીકી), ઈજ્જત તથા તેમની મહબૂબિયતના આધાર પર ઈમાન લાવવું જોઈએ.

આ પ્રસ્તાવના પછી સાંભળો ! અલ્લાહ તઆલાની બારગાહમાં સર્વ મખ્લૂક માણસ હોય કે ફરિશ્તા, નબી હોય કે ઉમ્મતી, બાદશાહ હોય કે ખાદિમો, જ્યાં સુધી બંદગીને સંબંધ છે એક સમાન નિસ્બત ધરાવે છે. કોઈને કોઈ લેહાઝથી તેની માલિકી તથા સત્તામાં ભાગીદારી અને તેના ઈરાદા તથા અખત્યારમાં વિરોધ અથવા તેના હુકમ અને ફેઅલ (કાર્ય)માં મુકાબલાની શક્તિ નથી. તે જે ચાહે છે કરે છે. જે રીતે ચાહે છે તેના મુજબ ફેંસલો કરે છે અને જે રીતે તેનો ઈરાદો હોય છે એના મુજબ ફેંસલો કરે છે. અને જે પ્રમાણે તેનો ઈરાદો હોય છે કાયનાતમાં ફેરફાર કરે છે. તેનો ન કોઈ ભાગીદાર છે, ન બરોબરીયો, ન

મદદગાર છે ન કારસાઝ. તેને કોઈ વઝીરની સહાય, કોઈ મદદગારની મદદની જરૂરત નથી. કોઈની રઝા (રાજીપા) તથા ખુશ્નુદીથી તેની માલિકીમાં રોનક નથી વધી જતી ન તો કોઈની નારાજીથી તેની હુકૂમતના કારખાનામાં ખલેલ પેદા થાય છે.

હા ! તેણે પોતાની મખ્લૂકને વિવિધ મર્તબાઓ તથા મક઼ામો આપીને પેદા કરેલ છે. તેમના મર્તબા તથા દરજાઓમાં ઘણો તફાવત રાખ્યો છે. અમુકને બરગુઝીદા (ચહીતા) અને બારગાહે કુદ્દસના મુકર્રબ બનાવ્યા અને અમુકને મરદૂદ, ઝલીલ તથા ગુમરાહ કર્યા. બંને પ્રકારોમાં વિવિધ મર્તબા તથા વિવિધ દરજાઓ રાખ્યા અને પોતાની બારગાહના મુકર્રિબીનને (નજીકનાઓને) તેમના દરજાઓના પ્રમાણે મક઼ામ તથા મર્તબા અતા કર્યા. એમાંથી દરેકને તેના મર્તબા પ્રમાણે ઈજ્જત તથા કરામત અતા કરી. તેમનામાંથી દરેકને બારગાહે ઈલાહીમાં જેટલી ઈજ્જત, કુર્બ તથા મહોબ્બત હાંસલ છે તેના પ્રમાણે તેમનાથી સંબંધિત લોકો તથા તેમનો વસીલો પકડનારાઓની દીની તથા દુનિયવી હાજતોના બારામાં તેમની સિફારિશ કબૂલ ફર્માવે છે અને પોતાની બારગાહના મુકર્રબીન (નિકટતાવાળાઓ)ને તેમના મર્તબાઓના પ્રમાણે ઈજાઝત અતા કરે છે કે પોતાના સંબંધીઓ તથા નિસ્બતવાળાઓના માટે દુનિયા તથા આખેરતમાં મુસીબત તથા અઝાબથી દૂર કરવા અને ફાયદાની પ્રાપ્તિ માટે સિફારિશ કરે, આ ઈઝ્ઝત અફઝાઈ (સન્માન) થકી તેમને મખ્લૂક઼માં વિશિષ્ટ બનાવે છે.

એટલા માટે મોટાભાગના લોકો બંને જહાનની દરેક હાજતોમાં તેમનાથી શફાઅત તથા સિફારિશના તલબગાર બને છે. અને તે મુકર્રબીન (ખુદાની નઝદીકીવાળાઓ)ની શફાઅતના ફયઝથી પોતાના મક઼સદોમાં કામયાબ થયા અને થાય છે અને થશે. તેમની શફાઅત મોટાભાગે મક઼બૂલ થાય છે, વાણી તથા વર્તન વડે તેમને તકલીફ પહોંચાડનારા અને બેઅદબી કરનારા મોટાભાગના લોકો અલ્લાહ તઆલાના અઝાબમાં ગિરફતાર થઈને દીન તથા દુનિયાને બર્બાદ કરી ચૂક્યા અને કરે છે અને કરશે.

કેમ કે બારગાહે ઈલાહીમાં મુક઼ર્રબીન (રબના કુર્બવાળાઓ)ની ઈજ્જત તથા મોભો, તેમની શફાઅત તથા તેમના સવાલની મક઼બૂલિયતનો સબબ છે એટલા માટે બીજા લોકો કરતાં સાલેહીનની દુઆઓ અધિક મક઼બૂલ છે. જો કોઈ શખ્સ દુશ્મનીની રીતે આ વાત ન માને, અથવા બદઅક઼ીદગીના લીધે તેને શંકા ઉદ્ભવે તો તેણે સિહાહની કિતાબોમાં હુઝૂર ﷺની સીરતનો અભ્યાસ કરવો જોઈએ જેથી તેને માલૂમ થાય કે જે હઝરાતે હુઝૂર ﷺથી દુઆની ગુઝારિશ કરી અથવા શફાઅતની દરખાસ્ત કરી તેઓ દુનિયા તથા આખેરતમાં ખૈરાત તથા બરકતોથી માલામાલ થયા અને જે લોકોએ તેમને તકલીફ પહોંચાડી તથા બેઅદબી કરી તેઓ બર્બાદીઓના શિકાર બન્યા અને જહન્નમના નીચલા તબક઼ાઓમાં દાખલ થયા.

જ્યારે શફાઅતનો અર્થ સિફારિશ છે અને બારગાહે ઈલાહીમાં શફાઅત મંજૂર થવાનો એ મતલબ નથી કે કોઈને તેના તકદીરના કારખાના પર પ્રભુત્વ હાંસલ હોય અથવા સિફારિશ કરનારનું દિલ તૂટવાના કારણે તેની સત્તામાં ખલેલની સંભાવના હોય અથવા તેને નુકસાન લાગુ થવાનો અથવા લાભ જતો રહેવાનો કે રંજો ગમ લાગુ થવાનો અંદેશો હોય (હાશા વ કલ્લા ! આ કોઈનો અક઼ીદો નથી) બલ્કે શફાઅત મકબૂલ થવાનો મતલબ એ છે કે અલ્લાહ તઆલાએ મહોબ્બતવાળાઓ તથા ઈતાઅતવાળાઓ (આજ્ઞાંકિતો)ને મોઘામાં મોઘાં ઈનામો ઈકરામથી નવાઝયા છે અને તેમના દરજાઓ અન્ય મખ્લૂક઼ કરતાં બુલંદ ફર્માવીને તેમને પોતાના બારગાહના મુક઼ર્રબ (નજીકના) બનાવ્યા છે.

આપણે અહલે હક઼્ક઼ એહલે સુન્નત વ જમાઅત આ સ્પષ્ટતા પ્રમાણે : ★ શફાઅત બિલ્ ઈઝ્ન અને ★ શફાઅત બિલ્ વજાહત ★ શફાઅત બિલ્ મહબ્બતના માનનારા છીએ અને કિતાબ તથા સુન્નતની દલીલોથી એને સાબિત કરીએ છીએ અને સલફ (પૂર્વજ બુઝુર્ગો) તથા ખલફ (પાછલા બુઝુર્ગો) પણ એના પર છે. –*(સંપૂર્ણ)*

ઈસ્લામના
મુજદ્દિદો વિશે વર્ણન

બીજી સદીના મુજદ્દિદ ૩

# ઈમામે જરહો તઅદીલ યહ્યા ઈબ્ને મુઈન رحمۃ اللہ علیہ

**(હિ.સ. ૧૮૫ થી ૨૩૭)**

*(કાર્યાલય)*

જ્યારે બિદઅતીઓએ હદીષોના ઝખીરાઓમાં મૌઝૂઅ (મનઘડત) રિવાયતો દાખલ કરવાની નાપાક કોશિશ કરી તો મુહદ્દિષીને કિરામ તેમનો સામનો કરવા તૈયાર થઈ ગયા. ઈમામ ઈબ્ને મુઈન તો કાયદેસર રીતે મૌઝૂઅ હદીષો લખી લેતા પછી તેમને દિરાયત (બુધ્ધિ) તથા રિવાયતની કસોટી પર રાખતા અને મનઘડત હદીષોને ભઠ્ઠીમાં નાખી દેતા. આપ ખુદ ફર્માવે છે, "મેં જૂઠા રાવીઓથી એક મોટો ઝખીરો જમા કર્યો, ત્યારબાદ મેં મારી ભઠ્ઠી ગરમ કરી તેના વડે ખૂબ જ ઉમદા રોટીઓ પકાવી લીધી. *(વફયાતુલ અઅયાન, ૫/૧૧૫, મત્બઅ દારુલ કુતુબિલ ઈલ્મિયા, બૈરૂત, લબનાન)*

ઈમામ અહમદ ઈબ્ને હંબલ رضی اللہ عنہ (ફર્માવે છે, અમે જે જમાનામાં સન્આ, યમનમાં હદીષ પઢવામાં મશગૂલ હતા અને મારા સાથીઓમાં યહ્યા ઈબ્ને મુઈન પણ હતા. એક દિવસે મેં જોયું કે આપ એક ખૂણામાં બેસીને કાંઈક લખી રહ્યા છે. જો કોઈ સામે આવતુ તો તેને છુપાવી લેતા. પૂછવા પર જાણવા મળ્યું કે હઝરત અનસ બિન માલિકની તરફ સંબંધિત "અબાન"ની રિવાયતથી જે બનાવટી હદીષોનો સંગ્રહ જોવા મળે છે તેને નકલ કરી રહ્યા છે. મેં કહ્યું, તમે જૂઠી રિવાયતોને નકલ કરી રહ્યા છો ?! આપે જવાબ આપ્યો કે હું તો એટલા માટે લખી રહ્યો છું કે તેને મોઢે યાદ કરી લઉં. મને ખબર છે કે એ સૌ મનઘડત રિવાયતો છે. મારો મક્સદ એ છે કે હવે પછી જો કોઈ રિવાયતોમાં "અબાન"ની જગાએ ષિક્હ (સચ્ચાઈ, તક્વામાં ઉચ્ચ એવા) રાવીનું નામ લઈને ગુમરાહ કરશે તો હું એ રાઝને ફાશ (ઉઘાડુ) કરીશ. *(તહઝીબુત્તહઝીબ, ૨/૧૮૧)*

ઈમામ ઈબ્ને મુઈનને આ વિષય (ફન)માં એટલી કાબેલિયત હાંસલ હતી કે એક નજરમાં હદીષનું સહીહ હોવાનો કે ખામીવાળી હોવાનો ફેંસલો કરી આપતા હતા, જ્યારે કે અન્ય મોટા મોટા મુહદ્દિષોનું ત્યાં સુધી ગુમાન પણ નથી ગુજરતુ. જેવું કે અબૂ સઈદથી નકલ થયેલ છે, "અમે લોકો જ્યારે કોઈ મુહદ્દિષની બારગાહમાં હાજરી આપતા જે હદીષો એમની કિતાબોમાં લખેલી હોતી તેને અમે સહીહ સમજી લેતા, પણ જ્યારે એ જ રિવાયતો ઈબ્ને મુઈનની સામે રજૂ કરવામાં આવતી તો પ્રથમ નજરે જ ગલતીઓને ભાંપી લેતા, અને ગલતી એટલી બારીક હોતી કે જો તેઓ અમને ધ્યાન ન અપાવતા તો અમને સમજમાં પણ ન આવતી" *(તહઝીબુત્તહઝીબ, ૨/૧૮૧)*

ઈમામ અહમદ ફર્માવે છે, "અલ્લાહ તઆલાએ એક એવો શખ્સ પેદા કરી આપ્યો છે જે જૂઠાઓની જૂઠી વાણીઓને બહાર પાડી દે છે, તે ઈબ્ને મુઈન છે." *(તહઝીબુત્તહઝીબ, ૨/૧૮૧)*

**અસ્માઉર્રિજાલની વિદ્યા (ફન) :** અસ્માઉર્રિજાલની વિદ્યા હદીષનો અડધો ઈલ્મ છે, એમાં પણ આપને સંપૂર્ણ મહારત હાંસલ હતી. આ વિદ્યામાં એ માલૂમ પડે છે કે હદીષના રાવીઓ કોણ છે ? તેમનો વંશવેલો અને રહેવાસી ક્યાંના છે ? જન્મ ક્યારે થયો ? યાદ શક્તિ, દીનદારી અને તક્વો કયા દરજાનો છે ? તેમના અક્રીદા શું છે ? આપ પૂરાણા તથા અર્વાચીન દરેક પ્રકારના રાવીઓના હાલ જાણતા હતા.

આ વિદ્યામાં આપની વિધ્વતા તથા મહારતનો સ્વીકાર મહાન મહાન ઈમામોએ કર્યો છે.

ઈમામ અહમદ બિન હંબલ અને એક મુહદ્દિષ અબ્દુલ ખાલિક઼ બંનેવ મગાઝીની હદીષો સાંભળવા માટે યાકૂબ બિન ઈબ્રાહીમની પાસે જતા હતા. એ જમાનામાં યહ્યા ઈબ્ને મુઈન બસરામાં રહેતા હતા. એક દિવસે ઈમામ અહમદ બિન હંબલે ફર્માવ્યું, કાશ ! અબૂ ઝકરિયા અહીં હોતા. અબ્દુલ ખાલિક઼ે કહ્યું, જો હોત તો પણ શું કરત ?! ઈમામ અહમદ બિન હંબલે ફર્માવ્યું, "તે ખતાને ઓળખી લે છે. *(તહઝીબુત્તહઝીબ, ૨/૧૮૧)*

અમ્ર નાક઼િદે કહ્યું, "અમારા સાથીઓમાં યહ્યા બિન મુઈનથી વધીને કોઈ અસ્નાદનો ઈલ્મ ધરાવતો ન હતો. કોઈ એમની સામે અસ્નાદને ઉલટ પલટ કરીને વર્ણન કરવાની હિંમત ધરાવતો ન હતો.

*(તહઝીબુત્તહઝીબ, ૨/૮૦)*

અહમદ બિન હંબલે ફર્માવ્યુ : ઈબ્ને મુઈન અમારા રિજાલના સૌથી મોટા આલિમ હતા.

*(તહઝીબુત્તહઝીબ, ૨/૮૦)*

**હક્ક઼ગોઈ તથા સાવધાનીમાં ચુસ્તી :** રાવીઓ પર નક઼્દ તથા જરહ (તેહક઼ીક તથા પરખ) ખૂબ જ મહત્વનું કામ છે. એમાં સંપૂર્ણ સાવધાની વર્તવાની જરૂરત હોય છે. એના બારામાં દુનિયવી પ્રતિષ્ઠા તથા સગાઈ સંબંધનો લેહાઝ નથી રાખવામાં આવતો. હદીષના રિજાઅની તેહક઼ીક઼ તથા પરખના સમયે એ પણ લક્ષમાં રહે કે પૂર્વગ્રહ દખલ ન દે. યહ્યા ઈબ્ને મુઈન આ મામલામાં ખૂબ જ સાવધાન તથા હક્ક઼ ગો હતા. જૂઠા બયાનની સ્પષ્ટતા અને તેહક઼ીક઼ તથા પરખના સમયે કેવળ શરીઅતે મુતહ્હરાની રક્ષા અને તેના રસૂલ ﷺની રઝાનો લેહાઝ હોય. જેવું કે તેમના કલામ (વાત)થી જાહેર થાય છે કે આપ અલ્લાહ તઆલાથી આ દુઆ કરતા હતા, "હે અલ્લાહ ! જો મેં કોઈ એવા શખ્સનું જૂઠ઼ુ બયાન જાહેર કર્યું હોય જે એને પાત્ર નથી તો તું મારી મગફેરત ન કરતો." *(તહઝીબુત્તહઝીબ, ૨/૮૦)*

આપ બીજા થકી હદીષ રિવાયત કરવામાં અત્યંત સાવધાની રાખતા, ખુદ ફર્માવે છે : "હું કોઈ હદીષ વર્ણન કરું છું, પણ એ ડરથી રાતની ઊંઘ ઉડી જાય છે કે ક્યાંક રિવાયતમાં ગલતી ન થઈ ગઈ હોય." *(તારીખે બગદાદ, ૧૪/૧૮૮, મત્બઅ દારુલ કુતુબિલ ઈલ્મિયા, બૈરૂત)*

**વફ઼ાત :** આપની હયાતે મુબારકા ઝુહદ તથા વરઅનો નમૂનો હતી. વિવિધ વખતે હરમૈન શરીફૈનની ઝિયારતથી મુશર્રફ થયા. આખરી વાર હજના મોક઼ા પર મદીના મુનવ્વરા તશરીફ લાવ્યા. કાફલાવાળાઓ સાથે પરત થવાનો ઈરાદો હતો. રાતમાં ખ્વાબ જોયો કે એક મુનાદી (ગયબી પોકાર કરનાર) કહી રહ્યો છે, "હે અબૂ ઝકરિયા ! મારા પડોશથી પરત થવાનો ઈરાદો ધરાવો છો ?!" ત્યારબાદ રોકાવાનો ઈરાદો કરી લીધો. ત્રણ દિવસ બાદ ઈલ્મો ફનના આસ્માનના આફતાબે હિ.સ. ૨૩૩માં આ ફ઼ાની દુનિયાને અલવિદા કહી આપી અને આખરી આરામગાહ જન્નતુલ બક઼ીઅમાં દફન થઈ જન્નત નશીન થઈ ગયા.

આપને એ મર્તબો હાંસલ છે કે જે ચારપાઈ પર હુઝૂરે અન્વર ﷺનું શરીર મુબારક રાખવામાં આવ્યું હતું તેના પર આપનો જનાઝો રાખવામાં આવ્યો. એ શાનની સાથે જનાઝો ઉઠાવવામાં આવ્યો કે એક મુનાદી એલાન કરતો રહેતો હતો કે આ તે શખ્સનો જનાઝો છે જે રસૂલુલ્લાહ ﷺની પ્રતિ સંબંધિત જૂઠી રિવાયતોને દૂર કરતો હતો. જેમ કે તારીખે બગદાદમાં દર્શાવેલ છે."*(તહઝીબુત્તહઝીબ, ૨/૯૦)*

આપની કરામતોમાંથી એક મહાન કરામત એ છે કે આપની વફ઼ાતના દિવસે એક બુઝુર્ગે ખ્વાબમાં જોયું કે સરકારે દો આલમ ﷺની સાથે તશરીફ લઈ જઈ રહ્યા છે, અને કહી રહ્યા છે : વધુ પેજ **૨૦** પર.

# નરમ મિજાઝી તથા દિલ નવાઝીના ફાયદા

✻ રજૂકર્તા : પટેલ શબ્બીર અલી રઝવી *(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)* ✻

આજકાલ આપણા સમાજમાં કૌટુંબિક ક્ષેત્રે, વ્યવસાયિક ક્ષેત્રે, સંસ્થાકીય ક્ષેત્રે, રાજકીય ક્ષેત્રે, દરેક વહેવારના ક્ષેત્રે આપણે રસૂલુલ્લાહ ﷺના નરમીના સબકોને અભરાઈ પર ચઢાવીને, આપસમાં દરગુઝરની વૃત્તિ તથા સબ્ર તથા રહમદિલી કે સહનશક્તિ, સંયમ કે માફ કરવાની વૃત્તિને ત્યજી બેઠા છીએ, ઈલ્લા માશા અલ્લાહ ! અને આ બાબતો કેવળ જાહિલ અવામમાં જ નહીં પણ એજ્યુકેટેડ તથા પોતાને સભ્ય કહેડાવતા લોકો બલ્કે દીનદાર જ નહીં દીનના ખાદિમ કહેવાતા લોકોમાં પણ ઈંટનો જવાબ પથ્થરથી આપવાની વૃત્તિ તથા વાત વાતમાં ભડકો થઈ જઈને આપસમાં સંબંધોની તોડફોડ કરી નાખવાની વૃત્તિનો અનુભવ આપણે કરતા રહીએ છીએ અને તેના વિનાશક પરિણામો પણ આપણે જોતા રહીએ છીએ. આવો ! આ બાબતે રસૂલુલ્લાહ ﷺનાં ફર્માનો તથા નરમ વલણોને જોઈએ અને આપણી આદતો બદલીએ જેનાથી સામાજિક તથા કૌટુંબિક તથા ધાર્મિક બધી રીતે અમ્નો અમાન તથા પ્રગતિ તથા ખુશનુમા માહોલમાં જીવી શકીએ.

*(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)*

ઈન્સાની તબીઅતો નરમ પણ હોય છે અને સખત પણ. કુદરતનો કાનૂન છે કે ચીજો નરમીથી જ એકબીજા સાથે જોડાય છે, ચાહે ચીજો હોય કે માનવ દિલો. માનવોને માનવો સાથે જોડવા હોય અથવા તેમના રબની સાથે જોડવા હોય, એ કામ દિલોમાં રહમત, આર્દ્રતા તથા નમ્રતા પેદા કર્યા વિના શક્ય નથી. અલ્લાહે પોતાના નબી ﷺની નરમ દિલીને પોતાની રહમત ઠરાવી અને સખ્ત દિલી તથા કટુવર્તાવને માનવ સંબંધોનો દુશ્મન ઠરાવ્યું. ફર્માવ્યું :

فَبِمَا رَحْمَةٍ مِّنَ اللّٰهِ لِنْتَ لَهُمْ ۚ وَلَوْ كُنْتَ فَظًّا غَلِيْظَ الْقَلْبِ لَا نْفَضُّوْا مِنْ حَوْلِكَ

"આ અલ્લાહની મોટી રહમત છે કે આપ એ લોકો માટે ખૂબ જ નરમ મિજાઝ છો. જો ક્યાંક આપ તુંડમિજાઝી અને કઠણ હૃદયી હોત તો એ સૌ આપની આસપાસથી વિખેરાઈ જાત." *(સૂ. આલે ઈમરાન, ૩, ૧૫૯)*

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે નબી કરીમ ﷺએ ફર્માવ્યું, નરમી જે ચીજમાં હોય છે તેને સજાવી દે છે અને જે ચીજથી નરમી અલગ કરી લેવામાં આવે છે તેને કદરૂપી બનાવી દે છે."

*(મુસ્લિમ, હદીષ : ૨૫૯૪, મજમઉઝ્ ઝવાઈદ, ૮/૧૮)*

## ★ અલ્લાહ નરમી કરવાને પસંદ કરે છે ★

હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہاની રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "અલ્લાહ નરમી કરે છે અને નરમી કરવાને પસંદ કરે છે અને નરમ વલણ પર જેટલું આપે છે એટલું સખ્તી કરવા પર નથી આપતો. *(મુસ્લિમ, હદીષ નં. ૩૫૯૩, બુખારી, હદીષ નં. ૬૯૨૭)*

હઝરત આઈશા رضی اللہ عنہاથી જ મરવી એક અન્ય હદીષના પ્રમાણે, જે નરમીથી વંચિત રહ્યો તે ભલાઈથી મેહરૂમ રહ્યો. *(મોઅજમે તિબ્રાની, હદીષ નં. ૨૪૪૯)*

એક હદીષના પ્રમાણે હુઝૂર ﷺએ ત્રણ ખાસિયતો પર રહમતના સાયા અને જન્નતમાં પ્રવેશની ખુશખબરી સંભળાવી : (૧) કમજોર પર

આસાની તથા નરમી કરવી. (૨) મા બાપ સાથે મહેરબાની કરવી (૩) ગુલામ પર એહસાન કરવું. *(તિર્મિઝી, હદીષ નં. ૨૪૯૪)*

રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, શું હું તમને એ શખ્સ ન બતાવું જેના પર આગ હરામ છે, તે શખ્સ જે લોકોથી નજીક હોય, સુકૂન તથા વક઼ારવાળો, નરમ વર્તાવવાળો, અને આસાની કરનારો છે. *(તિર્મિઝી, હદીષ નં. ૨૪૪૮)*

હઝરત આઈશા رضی اللہ عنہاના જણાવ્યાનુસાર હુઝૂરે અકરમ ﷺ મોટાભાગે આસાની કરવાની અને સખ્તી ન કરવાની નસીહત કરતા હતા. *(બુખારી)*

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہની રિવાયત મુજબ હુઝૂર ﷺએ ફર્માવ્યું, નરમી એ ખૈરો બરકત છે જ્યારે કે આદત તથા દસ્તૂર વિરૂધ્ધ બોલવું બદબખ્તી છે. *(બયહક઼ી, હદીષ નં. ૭૭૨૨)*

## ★ શક્ય ત્યાં સુધી સજા લાગુ કરવાનું ટાળો ★

આપણા અહલે દીનને ત્યાં કોઈ જુર્મની સજા આપવા માટે જેટલી બેતાબી જોવા મળે છે તે હુઝૂર ﷺને ત્યાં નથી જોવા મળતી. સજા લાગુ કરવામાં જેટલી હદે ગુંજાઈશ હોતી ત્યાં સુધી હુઝૂર ﷺ નરમીનો રવૈયો અપનાવતા. જો કોઈનાથી એવું કોઈ કૃત્ય થઈ જતું તો તેને તૌબા કરવાની અને જોનારાઓને પર્દાપોશીની નસીહત કરતા અને શક્ય ત્યાં સુધી સજાને ટાળતા.

ઈબ્ને માજહની હદીષ છે કે, "સજાઓને ટાળો જ્યાં સુધી તેને ટાળવાની શક્યતા પામો." તિર્મિઝીની હદીષમાં છે કે, "જો કોઈ આરોપીના માટે સજાથી બચવાનો કોઈ રસ્તો નીકળે છે તો તેને છોડી આપો, કેમ કે **હાકિમનું માફ કરી દેવામાં ગલતી કરી જવું એ એનાથી બેહતર છે કે તે સજા આપવામાં ગલતી કરી જાય."**

## ★ કમજોર વર્ગના લોકોને સમાનતાનો એહસાસ અપાવવું ★

શરીઅતના હુકમોને લાગુ પાડવામાં પણ હુઝૂર ﷺ નરમી તથા મહેરબાની (શફક઼ત)ની રીતે વર્તતા. કમજોર વર્ગના લોકોને સમાનતાનો એહસાસ અપાવીને તેમના દિલને ખુશ કરવુ એ હુઝૂર ﷺની રોજનીશી હતી. હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે એક લોંડીએ હુઝૂર ﷺ સાથે વાત કરવા ચાહ્યું, પરંતુ નબુવ્વતના જલાલ (પ્રભાવ)થી ગભરાય ગઈ. એ જોઈને નબી કરીમ ﷺએ આપે ફર્માવ્યું, "ગભરાવ નહીં ! હું એ માનો પુત્ર છું જે સૂકવેલો ગોશત ખાયા કરતાં હતાં." *(ઈબ્ને માજહ, હદીષ નં. ૩૩૦૨)* મતલબ કે હું પણ એક માણસ જ છું. પહેલાંના જમાનામાં ગોશતને બાફીને સૂકવી દેતા હતા.

ઈંટનો જવાબ પથ્થરથી આપવાનો રિવાજ લોકોમાં જોવા મળે છે, જ્યારે કે કુર્આનના મુજબ તો બુરાઈને ભલાઈથી ટાળવાનું છે અને બુરાઈને બદલે બેહતરીન ભલાઈ સાથે વર્તાવ કરવામાં આવે તો દુશ્મનના દિલમાં પણ નરમી પેદા થઈ જાય છે.

اِدْفَعْ بِالَّتِیْ هِیَ اَحْسَنُ فَاِذَا الَّذِیْ بَیْنَكَ وَ بَیْنَهٗ عَدَاوَةٌ كَاَنَّهٗ وَلِیٌّ حَمِیْمٌ﴿۳۴﴾

"હે સાંભળનાર ! બુરાઈને ભલાઈથી ટાળી દે તો એ કે તારામાં અને એનામાં દુશ્મની હતી, એવું થઈ જશે જાણે કે ગાઢ મિત્ર." *(સૂ. હા–મીમ સજદા, ૪૧/૩૪)*

## ★ એ કયો વર્તાવ હતો જેનાથી કટ્ટર દુશ્મન દોસ્ત બની ગયા ? ★

ષુમામા ઈબ્ને અસાલ યમામાના ઈલાકાનો મોટો સરદાર હતો. એક જંગમાં સહાબાએ કિરામ તેને ગિરફતાર કરીને મદીના પાક લઈ આવ્યા.

મસ્જિદે નબવીના થાંભલા સાથે તેને બાંધી દેવામાં આવ્યો. હુઝૂર ﷺ જ્યારે નમાઝના માટે આવ્યા તો ષુમામાને તેનો હાલ પૂછયો. તેણે કહ્યું, "કેદી છું, જો આપ સજા આપો તો આપને હક્ક હાંસલ છે, છોડી આપશો તો એક એહસાન ન ભૂલનાર પર એહસાન થશે." બીજી નમાઝમાં હુઝૂર ﷺ આવ્યા. એની સાથે વાત કરી તો ફરી એ જ જવાબ આપ્યો. ત્રીજી વખતે પણ એ જ જવાબ આપ્યો. હુઝૂર ﷺએ તેને છોડી દેવાનો હુકમ આપી દીધો. આ મહેરબાનીની એ અસર થઈ કે તે એક બાગના કૂવા પર ગયો, ગુસલ કર્યું અને આવીને તેણે તૌહીદ તથા રિસાલતની ગવાહી આપી, અને અર્ઝ કરી, **"યા રસૂલલ્લાહ ! ﷺ આજથી પહેલાં આપનો દીન અને આપનું શહેર મારી નજીક સૌથી અધિક નાપસંદીદા હતાં, પરંતું આ ઘડીએ આપની જાત, આપના દીન અને આપના આ શહેરથી વધુ મને કોઈ પ્રિય નથી !"** ત્યારબાદ તે ઉમરા માટે મક્કા ગયા તો ત્યાં કુરૈશે તેમને સાબી (બેદીન) હોવાના ટોણાં માર્યા તો ષુમામાએ તેમને ધમકી આપી કે યમામાથી ઘઉંનો એક દાણો પણ મક્કાવાસીઓને મળશે નહીં. જ્યારે મક્કાવાસીઓ માટે ઘઉં મોકલવાનુ બંધ થઈ ગયું તો તેમણે હુઝૂર ﷺને ઘઉં મોકલવાનુ ફરી ચાલુ કરાવવા દરખાસ્ત કરી. જેથી હુઝૂર ﷺએ ષુમામા رضی اللہ عنہને ફરી ઘઉં મોકલવાનુ ચાલુ કરવા કહ્યું, તો તેમણે હુઝૂર ﷺના હુકમથી તેમને ઘઉં આપવાનું શરૂ કરી આપ્યું. આ તે નરમ વલણનું પરિણામ હતું જે હુઝૂર ﷺએ પોતે અખત્યારવાળા હોવા છતાં એક મજબૂર માણસ સાથે અપનાવ્યું હતું. (હુઝૂર ﷺ ધારત તો દુશ્મન સમજી કત્લ કરી આપત પણ આપે નરમી વર્તી.)

*(બુખારી, કિતાબુલ મગાઝી, સીરતે ઈબ્ને હિશામ, ૨/૪૨૦)*

## ★ આવી ઉદારતા કોઈ નબી જ કરી શકે ! ★

દિલોમાં નરમી જેવી રીતે સદ્‌વર્તાવ કરવાથી પેદા થાય છે, એવી જ રીતે માલી નવાઝિશોથી પણ સામેવાળાનાં દિલ નરમ પડે છે. ઈસ્લામના દુશ્મન ઉમૈયા બિન ખલફનો પુત્ર સફવાન દરેક જંગમાં મુસલમાનો વિરૂધ્ધ આગળ આગળ રહ્યો, ત્યાં સુધી કે ફતહે મક્કાના પ્રસંગે જ્યારે અબૂ સુફયાન સહિત મોટાભાગના કુરેશે હુઝૂર ﷺની અમાનને સ્વીકારી લીધી તો એ સમયે પણ સફવાન બિન ઉમૈયા અન્ય કેટલીક વ્યક્તિઓ સાથે મુકાબલામાં આવ્યો. અમુક લાશો પડયા પછી સફવાન તથા અન્ય તેના સાથી ભાગી ગયા. ફતહ પછી તેના કાકાના પુત્ર સહાબીયે રસૂલ હઝરત ઉમૈર બિન વહબ رضی اللہ عنہએ તેના માટે બારગાહે રિસાલતથી અમાન માગી તો હુઝૂર ﷺએ તેને અમાન આપી દીધી તો તેણે કહ્યું કે હું ઈસ્લામ સ્વીકારીશ નહીં, મને ચિંતન વિચારણા માટે બે મહીના આપવામાં આવે. હુઝૂર ﷺએ ફર્માવ્યું, "તને ચાર મહીનાની મોહલત છે !" થોડા દિવસો બાદ જ ગઝવએ હુનૈન થયો. તે મુસલમાન થયો ન હતો પણ બનૂ હવાઝિન વિરૂધ્ધ કુરૈશી વંશના સબબે તેમની સાથેના જંગમાં હુઝૂર ﷺનો સાથ આપ્યો. માલે ગનીમતમાંથી હુઝૂર ﷺએ તેને સો ઊંટ આપ્યાં. આ લુત્ફો કરમ અને નવાઝિશને જોઈને તે પોકારી ઉઠયો, **"આવી ઉદારતા કોઈ નબી જ કરી શકે છે ! હું ગવાહી આપુ છું કે આપ અલ્લાહના રસૂલ છો."** *(મોઅત્તા ઈમામ માલિક, સિયરુસ્સહાબા, ૨/૯૩૨)*

એક બદ્દુ (ગામડાવાસી)એ એક વાદી (બે પહાડો વચ્ચેનું મેદાન)માં ચરનારી બકરીઓનું ઝુંડ આકા કરીમ ﷺથી માગ્યું તો આપે તેની ખ્વાહિશ

મુજબ તે ઝુંડ તેને અર્પણ કરી આપ્યું. તેને લઈને તે પોતાના કબીલામાં પહોંચ્યો અને લોકોને કહ્યું, ભાઈઓ ! ઈસ્લામ સ્વીકારી લો ! ખુદાની કસમ ! મુહમ્મદ (ﷺ) એટલુ આપે છે કે જાણે તેમને ગરીબી કે ફાકા પડવાની બીક જ નથી !

*(મુસ્લિમ, હદીષ નં. ૨૩૧૨)*

એક ગામડાવાસી સરદાર અક્રઅ બિન હાબિસે હુઝૂર ﷺને જોયા કે આપ હસન તથા હુસૈનને ચૂમી રહ્યા છે. તેમણે આશ્ચર્યથી પૂછયું "આપ બાળકોને ચૂમો પણ છો ! અલ્લાહની કસમ ! મેં મારાં બાળકોને કદી નથી ચૂમ્યાં !" આપે ફર્માવ્યું, "જો તમારા દિલથી અલ્લાહે રહમત છીનવી લીધી છે તો હું શું કરી શકું છું !"

## ★ સત્તાવાળા પ્રજા સાથે કઈ રીતે વર્તે એનું માર્ગદર્શન ★

સત્તાધારીઓ, સરકારી અધિકારીઓ તથા ઓફિસરો ગવર્નમેન્ટી કારોબાર ચલાવવા માટે સખ્તી કરવાને પોતાનો અધિકાર સમજે છે. એનાથી ઉલ્ટુ હુઝૂરે અકરમ ﷺ પોતાના અમલદારોને નરમીનો હુકમ આપતા હતા. ઝકાતના આમિલોને ફર્માવ્યા કરતા કે જ્યારે કોઈનાથી ઝકાત વસૂલ કરો તો તેના બેહતરીન માલમાંથી ન લો બલ્કે કમતરમાંથી કબૂલ કરી લો.

સરકારી અધિકારીઓ પબ્લિકની જાસૂસી કરવાને પોતાનો હક્ક સમજે છે જ્યારે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "અમીર (સરદાર) જ્યારે પબ્લિકની અંદર શંકા કુશંકાઓની શોધખોળ કરવા લાગે છે તો તેમને બગાડીને રાખી દે છે." *(અબૂ દાઊદ)*

હઝરત મુઆવિયહ رضی اللہ عنہ રાવી છે કે મેં નબી પાક ﷺને ફર્માવતાં સાંભળયું કે, "જો તમે લોકોના છુપા હાલાત માલૂમ કરવા પ્રયત્નો કરશો તો તેમને બગાડી નાખશો અથવા કમસે કમ બગાડની નજીક પહોંચાડી દેશો." *(અબૂ દાઊદ)*

## ★ મસ્જિદના ઈમામને પણ નમાઝમાં નરમીની નસીહત ! ★

મસ્જિદના ઈમામને નરમીની નસીહત કરી. આ બાબતે હુઝૂરે અકરમ ﷺ ફર્માવે છે કે એ નમાઝ પઢાવતી વેળા એ લક્ષમાં રાખે કે તેની પાછળ કમજોર તથા અશકતો પણ છે, અને સ્ત્રીઓ તથા બાળકો પણ. જેમ કે આપે ફર્માવ્યું, "મારો જીવ ચાહે છે કે લાંબી નમાઝ પઢાવું પરંતું એ ખયાલથી નમાઝ ટૂંકાવી દઉં છું કે મારી પાછળ ઘરડા પણ છે અને સ્ત્રીઓ પણ જેમની હાંડલીઓ સળગી રહી હશે, બાળકો રડી રહ્યાં હશે." *(બુખારી)*

## ★ કરજદાર પર નરમી કરવાથી જન્નત મળી ! ★

નબી પાક ﷺએ હિદાયત કરી કે કરજદારથી તકાદો કરવામાં નરમી અપનાવવામાં આવે. હદીષના પ્રમાણે **એક શખ્સ કેવળ એ કારણે જન્નતમાં ચાલ્યો ગયો કે તે લોકોને કરજ આપતો હતો અને જ્યારે ઉઘરાણીની તારીખ આવી જતી તો પોતાના કામ કરનારાઓને કહેતો કે જો તે આપવામાં મજબૂરી દર્શાવે તો તેને મોહલત આપી દેજો.** *(બુખારી)*

મુસાફરોનો કાફલો હોય અથવા કોઈ ઈસ્લાહી અથવા સામાજિક કલ્યાણ માટેની સંસ્થા કે તેહરીક હોય, તેમાં દરેક પ્રકારના સ્વભાવ, કાબેલિયત તથા શોખવાળી વ્યક્તિઓ એની મેમ્બર હોય છે. કારવાંવાળાઓ (સફરના કાફલાવાળાઓ)નું હમ મંઝિલ તથા હમ મકસદ હોવું જરૂરી છે, પરંતું સૌનું હમ મિજાઝ (સરખા સ્વભાવના) હોવું જરૂરી નથી. કારવાંના અમીરના માટે સર્વ કાબેલિયતવાળા હોવું

જરૂરી નથી, અને ન એ દરેક જગાએ શક્ય છે, અલ્બત્ત એના માટે એવા હોવું જરૂરી છે કે તે વિવિધ સ્વભાવ તથા વિવિધ કાબેલિયતોવાળાઓને સંતુષ્ઠ રાખી શકે, દિલ જોડી શકે અને સાથે લઈને ચાલી શકે. સિધ્ધાંતને પકડી રાખવાના નામ પર સખત વલણ અપનાવનારા અને પોતાના હેઠળનાઓ તથા કર્મચારીઓને દરેક વખતે કઠેરામાં ઉભા રાખવાના શોખિન હઝરાત નજીકમાં જ લોકો માટે બોધ ગ્રહણ કરવાનો નમૂનો બની જાય છે. અખત્યારોના ઉપયોગ માટે તૈયાર રહેતા લોકો જલ્દી જ સંસ્થા કે ઈદારાથી જોડાયેલા પોતાના હાથ નીચેના માણસોને પોતાનાથી બદઝન (નફરત કરતા) કરી બેસે છે. હુઝૂર ﷺ કેવા અમીરે કારવાં હતા એની એક ઝલક જોઈ લો :

**★ વર્ષોના દુશ્મનોને માલે ગનીમતથી માલામાલ કરી દીધા ! ★**

ફતહે મક્કાના મોકા પર મુસલમાન થનારા અબૂ સુફયાન, સફવાન બિન ઉમૈયા, હકીમ બિન હિઝામ, સહલ બિન અમ્ર, હુવૈતબ બિન અબ્દુલ ઉઝ્ઝા, અબૂ જહલના ભાઈ હારિષ બિન હિશામ رضوان الله تعالیٰ علیہم اجمعین ને સો સો અને ત્રણસો ત્રણસો ઊંટ ગઝવએ હુનૈનના માલે ગનીમતમાંથી આપ્યાં. ઈસ્લામની દુશ્મનીમાં એડી ચોટીનું જોર લગાડનારાઓ પર હુઝૂરે અકરમ ﷺની માલી નવાઝિશો જોઈને અન્સારની જીભો પર એ ફરિયાદ આવી ગઈ કે રસૂલુલ્લાહ ﷺએ કુરેશના નવ મુસ્લિમોને પુષ્કળ માલ આપ્યો અને અમને વંચિત રાખ્યા, જ્યારે કે અમારી તલ્વારોએથી હજી સુધી કુરેશનું લોહી ટપકી રહ્યું છે. કોઈએ કહ્યું કે જ્યારે મુશ્કેલ સમય આવે છે તો અમને પોકારવામાં આવે છે અને માલે ગનીમત અન્યોને આપવામાં આવે છે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہએ મદીનાના અન્સારના આ ખયાલો હુઝૂરે અકરમ ﷺને બતાવ્યા તો આપને એ સાંભળીને દુઃખ થયું અને ફર્માવ્યું, અલ્લાહની રહમત થાય હઝરત મૂસા علیہ السلام પર, વિના શંકાએ તેમને તેમની કૌમના તરફથી અધિક તકલીફ આપવામાં આવી અને તેમણે સબ્ર કરી. હુઝૂર ﷺની સૂચના પર જ્યારે સર્વ અન્સાર એક તંબૂમાં ભેગા થઈ ગયા તો આપે અન્સારની વિચાર શૈલી સાંભળી અને પછી ફર્માવ્યું, "હે અન્સાર ! શું એવું નથી કે જ્યારે હું તમારી પાસે આવ્યો ત્યારે તમે ગુમરાહ હતા. અલ્લાહે મારા થકી તમને હિદાયત આપી. તમે મોહતાજ હતા તો અલ્લાહે તમને માલદાર કરી દીધા. તમો આપસમાં દુશ્મનીની આગમાં બળી રહ્યા હતા, મારા ઝરીયા અલ્લાહે તમારાં દિલો જોડી આપ્યાં." સર્વ અન્સારે આ એહસાનોનો સ્વીકાર કર્યો. હુઝૂરે અકરમ ﷺ વાતો કરનારાઓને ગુસ્તાખ ઠરાવીને તેમને ધમકાવી પણ શકતા હતા. પરંતું આપ જાણવા હતા કે અન્સારની આ બેચેની માલની લાલચના કારણે નથી પરંતું તેમને એ દુઃખ હતું કે તે કુરેશ જેમણે મક્કા તથા મદીનામાં હુઝૂર ﷺનું જીવવું મુશ્કેલ કરી આપ્યું હતું, તેઓ આજે આપની નઝરે કરમના પાત્ર બની ગયા છે ! અન્સારે હુઝૂર તથા સહાબા માટે ખૂબ જ કુર્બાનીઓ આપી હતી. જેથી હુઝૂર ﷺએ તેમને ધમકાવવાને બદલે પોતાની જાત પર અન્સારનાં એહસાનો ખુદ બતાવવાનો મનોહર અંદાઝ અપનાવ્યો :

**★ અન્સાર સાથે હુઝૂર ﷺની મહોબ્બતનો હાલ ★**

"ખુદાની કસમ ! હે અન્સાર ! જો તમે ચાહો તો કહી શકો છો કે, હે મુહમ્મદ ! ﷺ જ્યારે તમે કૌમમાં બેયારો મદદગાર હતા ત્યારે અમે તમારી મદદ કરી. તમારી કૌમે તમને રિજેક્ટ કરી દીધા હતા તો અમે તમને ઠેકાણુ આપ્યું. તમે મોહતાજ હતા ત્યારે

અમે તમારી ગમગુસારી (સહાય) કરી. જો તમે આવું કહેતા તો તમારો એ જવાબ સાચો થાત, અને સૌ એનું સમર્થન કરતા.'' અન્સારના એહસાનોનો સ્વીકાર કરીને હુઝૂરે અકરમ ﷺએ તેમનાં દિલ પોતાની મુઠ્ઠીમાં લઈ લીધાં અને પછી કહ્યું, ''હે અન્સાર ! તમે દુનિયાની ટેમ્પરરી દોલતના માટે મુહમ્મદથી નારાજ થઈ ગયા ?! જે મેં નવ મુસ્લિમોને દિલ ખુશ કરવા માટે તેમને આપી છે. હે અન્સાર ! શું તમે એ વાતથી રાજી નથી કે લોકો ઊંટો અને બકરીઓ લઈને પોતાનાં ઘરોએ જાય અને તમે અલ્લાહના રસૂલ (ﷺ)ને પોતાની સાથે લઈને ઘરોએ પરત થાવ ?! ખુદાની કસમ ! જે ચીજને લઈને તમે જશો તે એ ચીજથી બેહતર છે જેને તેઓ લઈને જશે.''

દરેક તરફથી હિચકીઓ ભરેલ અવાજો ઊંચી થઈ ! ''યા રસૂલ્લાહ ! ﷺ અમે રાજી છીએ એ વાત પર કે અમારા હિસ્સામાં અલ્લાહના રસૂલ ﷺ છે.''

હુઝૂર ﷺએ વધુમાં ફર્માવ્યું, ''એ જાતની કસમ ! જેના કબજામાં મુહમ્મદ ﷺની જાન છે ! જો આખી દુનિયા એક રાહ ચાલે અને અન્સાર બીજી રાહ ચાલે, તો હું અન્સારના માર્ગે જ ચાલીશ. તમો અન્સાર મારી ચાદરનો અંદરનો હિસ્સો છો જ્યારે કે બીજા લોકો બહારનો. હે અલ્લાહ ! અન્સાર પર રહમ કર ! તેમના પુત્રો પુત્રીઓ પર રહમ કર.''

રસૂલુલ્લાહ ﷺના આ દિલને લુભાવનારા તથા દિલને સાંત્વન આપનારા સંબોધન દરમ્યાન અન્સાર એટલા પ્રમાણમાં રડયા કે દાઢીઓ આસુંઓથી તર થઈ ગઈ અને તેઓ વારંવાર કહી રહ્યા હતા કે, અમે રાજી છીએ કે અમારા હિસ્સામાં અલ્લાહના રસૂલ ﷺ છે. *(બુખારી તથા ઈબ્ને હિશામ)*

**★ હુઝૂર ﷺના સદવર્તાવથી જૂના દુશ્મન ઈમાન લાવતાં કેવા કુર્બાન થઈ ગયા ?! ★**

નવ મુસ્લિમોના દિલને ખુશ કરવા માટે હુઝૂર ﷺએ જે એહસાનો તથા માલી નવાઝિશો કરી તે લોકોની જિંદગી પર તેમની લાંબા કાળ સુધીની અસરો છવાઈ ગઈ. ઈસ્લામના સૌથી મહાન દુશ્મન અબૂ જહલના પુત્રને આપે અમાન આપી તો તે મુસલમાન થઈ ગયા, અને અર્ઝ કરી, **''યા રસૂલલ્લાહ ! ﷺ જેટલો માલ તથા દોલત હું ખુદાની રાહથી રોકવા માટે ખર્ચ કર્યા કરતો હતો, હવે તેનાથી ડબલ માલ અલ્લાહની રાહમાં ખર્ચ કરીશ. અલ્લાહની રાહથી રોકવાના માટે જેટલી લડાઈઓ મેં લડી છે, હવે એની રાહમાં ડબલ જેહાદ કરીશ.''** *(મોઅત્તા ઈમામ માલિક, મુસ્તદરક, હાકિમ, ૩/૨૪૧)*

ઓમાનમાં ઈર્તેદાદ (ઈસ્લામથી ફરી જવા)ના ફિત્નાના સરદાર લકીત બિન માલિકને હઝરત ઈકરમા رضی اللہ عنہએ કત્લ કરીને લોકોને ઈસ્લામ પર કાયમ કર્યા. ઓમાનના અન્ય કબીલા અને ખાસ કરીને બની મહરાની સરકશીને ખત્મ કરી. યમનના મુર્તદોના સરદારનું જોર તોડયું. શામ (સીરિયા)ના એક જંગમાં દુશ્મનોની સફોમાં બેધડક ઘુસી ગયા. જ્યારે ખાનદાનના લોકોએ તેમને સાવચેત રહેવા કહ્યું તો તેમણે કહ્યું, લાત તથા ઉઝ્ઝા (મૂર્તિઓ) માટે તો હું જાન પર ખેલા કરતો હતો, તો આજે ખુદાના માટે જાન બચાવું ?! ખુદાની કસમ ! એવું નથી થઈ શકતું. *(અસદુલ ગાબા, ૪/૬)*

જંગે યરમૂકમાં જ્યારે મુસલમાનોના કદમ ડગમગી ગયા તો મુસલમાનોને મૌત પર બયઅતની દાવત આપી. ચારસો મુસલમાન તેમની સાથે મરવા મારવા તૈયાર થઈ ગયા, જેમાંથી મોટાભાગના શહીદ થયા. હઝરત ઈકરમા رضی اللہ عنہના બે પુત્રો સખત ઝખ્મી થયા અને ખુદ શહીદ થઈ ગયા. હઝરત ઈકરમા رضی اللہ عنہએ તમામ જંગોમાં બયતુલ માલથી કાંઈ ન લીધું. આપ કુર્આન પર ચહેરો રાખીને કહ્યા કરતા હતા : کتابُ ربی، کتابُ ربی آવું કહેતાં આપ ચોધાર આસુંએ રડતા રહેતા. *(દારમી, પેજ–૨૦૭, મુસ્તદરક, હાકિમ ૩/૩૪૧, તિબરી, પેજ–૨૧૫)*

કુરેશના ખતીબ (પ્રવચનકર્તા) અને હુદૈબિયામાં કુરેશના સફીર (એલચી) હઝરત સહલ બિન અમ્ર رضی اللہ عنہ ફતહે મક્કા પછી મુસલમાન થયા. એમના પુત્ર અબૂ જંદલની સિફારિશ પર હુઝૂર ﷺએ તેમને અમાન આપી. નબી ﷺના વિસાલ બાદ મક્કામાં પણ ઈર્તેદાદ (દીનથી ફરી જવા)ની લહેર ઉઠી ત્યારે આ હઝરત સહલ ઈબ્ને અમ્ર رضی اللہ عنہ જ હતા જેમના પ્રવચને મુર્તદો તથા મુઝબઝબો (ડગુમગુ થનારાઓ)ને ઈસ્લામ પર અડગ કર્યા. જંગે યરમૂકમાં એક દળના સેનાપતિ હતા. પોતાના પૂરા ઘરાનાને એ જંગમાં ફિદા કરી આપ્યું અને પોતે પણ શહીદ થયા.

હઝરત અબૂ સુફયાન رضی اللہ عنہ ફારૂકી યુગમાં પૂરા ખાનદાનની સાથે જંગે યરમૂકમાં શરીક થયા. એમની એક આંખ ગઝવએ તાઈફ તથા બીજી આંખ જંગે યરમૂકમાં ખતમ થઈ ગઈ. *(ઈસ્તીઆબ, ૨/૧૦૭)*

આ અમુક દષ્ટાંતોથી અંદાઝો કરી શકાય છે કે એ હુઝૂરે અકરમ નૂરે મુજસ્સમ ﷺની રહમત તથા મહેરબાની હતી જેના કારણે કુફ્રના મહાન સરદારો ઈસ્લામના રક્ષક બની ગયા. **સાચો કાઈદ (સરદાર) પોતાના હુકમની સામે ગરદનો ઝુકાવવાના બદલે દિલોને ઝુકાવનારો હોય છે.** અંગત કે ખાનદાની મામલાઓ હોય કે આમ પ્રજા પર સત્તા ચલાવવાની હોય, શરીઅતના હુકમોને લાગુ કરવાનું હોય કે સજાઓ લાગુ કરવાનું હોય, આપસમાં લેણદેણનો મામલો હોય કે સંસ્થાઓ તથા તેહરીકોની લીકરશીપ કરવાની હોય, એ સૌ બાબતોને અંજામ આપવામાં નરમી તથા પ્રેમભાવ અને દિલનવાઝીને લક્ષમાં રાખવી જરૂરી છે. *(સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ, જૂન–૨૦૨૩)*

---

પેજ નં.**૨૫** નું ચાલુ..

**૦૭. હજ્જ ઔર ઉમરાહ કે તમામ અરકાન મુકમ્મલ હોને કે બા'દ જબ બાલ કાટનેકા વક્ત આ જાએ તો ક્યા એહરામવાલા ખૂદ અપને યા દૂસરે કે બાલ નહીં કાટ સકતા ?**

યે ગલત ફેહમી અવામ મેં પાઈ જાતી હૈ કે જબ હજ્જ યા ઉમરાહ કે અરકાન મુકમ્મલ હો ગએ ઔર હલક્ કરનેકા વક્ત આ ગયા તો મુહરિમ અપને યા દૂસરે કે બાલ નહીં કાટ સકતા, હાલાં કે શરઅન ઐસા નહીં હૈ. જબ એહરામ સે બાહર નિકલને કા વક્ત આ ગયા તો મુહરિમ ખૂદ અપને બાલ ભી કાટ સકતા હૈ ઔર દૂસરે કે ભી, જૈસા કે "બહારે શરીઅત" મેં હૈ :

"જબ એહરામ સે બાહર હોનેકા વક્ત આ ગયા તો અબ મુહરિમ અપના યા દૂસરેકા સર મૂંડ સકતા હૈ, અગરચે યે દૂસરા ભી મુહરિમ હો." *(બહારે શરીઅત, જિલ્દ : ૧, હિસ્સા : ૬, સફહા : ૧૧૪૨)*

**૦૮. ક્યા કિસી ઝિંદા શખ્સકી તરફસે ઈસાલે ષવાબ કે લિયે ઉમરાહ યા તવાફ હો સકતા હૈ ?**

ઉમૂમન યે તસવ્વુર પાયા જાતા હૈ કે ઈસાલે ષવાબ કે લિયે ઉમરાહ યા તવાફ કરના હો તો સિર્ફ મુર્દા કી તરફ સે હો સકતા હૈ, ઝિંદા કે ઈસાલે ષવાબ કે લિયે ઉમરાહ યા તવાફ નહીં હો સકતા. શરઅન યે સોચ ગલત હૈ. જૈસે મુર્દે કે ઈસાલે ષવાબ કે લિયે ઉમરાહ યા તવાફ કર સકતે હૈં વૈસે હી ઝિંદા કે ઈસાલે ષવાબ કે લિયે ભી કર સકતે હૈં, બલ્કે અપને કિસી ભી નેક કામકા ષવાબ ઝિંદા લોગોં કો બખ્શ સકતે હૈં.

"ફતાવા અમજદિયા" મેં હૈ : "ઈસાલે ષવાબ મુસ્તહબ હૈ ઔર જો કુછ નેક કામ કિયા હો ઔર ઉસકા ષવાબ કિસી કો પહોંચાના ચાહતા હો તો યે દુઆ કરે કે, ઈલાહી ! ઈસે કબૂલ ફરમા ઔર ઈસકા ષવાબ ફુલાં ફુલાં કો પહોંચા, બલ્કે બેહતર યે હૈ કે જમીઅ (તમામ) મુઅમિનીનો મુઅ્મિનાત કો પહોંચાએ. ઉમ્મીદ કે સબકો પૂરા પૂરા ષવાબ મિલે ઔર ઉસકે ષવાબ મેં કોઈ કમી ન હો, બલ્કે સબ કે મજમૂએ કે બરાબર હૈ." *(ફતાવા અમજદિયા, હિસ્સા : ૧, સફહા : ૩૩૬)*

# દાઈનો કુર્આન તથા સાહિબે કુર્આન ﷺ સાથે સંબંધ જરૂરી

**અઝ : હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી** *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)*

કુર્આન મુક઼દ્દસ સર્વ ઈન્સાનો માટે હિદાયતની કિતાબ છે. આ ક્રાંતિકારી કિતાબે કરોડો લોકોને ઈમાનની દોલતથી માલામાલ કર્યા અને એ જ કિતાબે સર્વ દાવત આપનારા (દાઈ) તથા સુધારકો (મુસ્લેહીન)ની દાવત તથા ઈસ્લાહને અસરકારક બનાવી. રસૂલુલ્લાહ ﷺથી લઈને આજ સુધી જેટલા પણ ક઼ૌમ તથા મિલ્લતના સુધારકો તશરીફ લાવ્યા સૌનો સંબંધ કુર્આન તથા સાહિબે કુર્આન ﷺ સાથે મજબૂત રહ્યો, એટલા માટે કે શૈતાનના ધોકા તથા નફસની શરારતોથી છૂટકારો પામવો આસાન નથી, જ્યાં સુધી કે કોઈ મજબૂત શક્તિવાન વસીલો આપણી પાસે ન હોય. આપણી નેક બખ્તી છે કે આપણી પાસે કુર્આને કરીમ એવો શક્તિશાળી વસીલો છે જે શૈતાનના ધોકા તથા પ્રપંચથી આપણને બચાવે છે. એ જ કારણે દાઈએ આ'ઝમ (દીનની દાવત આપનારાઓમાં શ્રેષ્ઠ સર્વોચ્ચ) રહમતે આલમ ﷺને પણ અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે કુર્આને મુક઼દ્દસની તિલાવતનો હુકમ આપ્યો અને માનવ દિલની સફાઈના માટે તેની તિલાવતને અગ્ર સ્થાને રાખી, જેવું કે કુર્આને મજીદમાં ફર્માવવામાં આવ્યું :

كَمَآ اَرْسَلْنَا فِيْكُمْ رَسُوْلًا مِّنْكُمْ يَتْلُوْا عَلَيْكُمْ اٰيٰتِنَا وَ يُزَكِّيْكُمْ وَ يُعَلِّمُكُمُ الْكِتٰبَ وَ الْحِكْمَةَ وَ يُعَلِّمُكُمْ مَّا لَمْ تَكُوْنُوْا تَعْلَمُوْنَ﴿۱۵۱﴾

"જેવું કે અમે તમારામાં મોકલ્યા એક રસૂલ તમારામાંથી કે તમારા પર અમારી આયતો તિલાવત કરે છે અને તમને પાક કરે છે અને કિતાબ અને પુખ્તા ઈલ્મ શીખવાડે છે અને તમને એ તાલીમ આપે છે જેનો તમને ઈલ્મ નથી." *(સૂ. બક઼રહ, ૨/૧૫૧)*

અને હઝરત ઈબ્રાહીમ علیہ السلامએ પણ કા'બાના બાંધકામના સમયે આખરી નબીની બઅષત (આગમન)ના માટે જ્યારે દુઆ કરી તો એ જ કહ્યું :

رَبَّنَا وَ ابْعَثْ فِيْهِمْ رَسُوْلًا مِّنْهُمْ يَتْلُوْا عَلَيْهِمْ اٰيٰتِكَ وَ يُعَلِّمُهُمُ الْكِتٰبَ وَ الْحِكْمَةَ وَ يُزَكِّيْهِمْ ؕ اِنَّكَ اَنْتَ الْعَزِيْزُ الْحَكِيْمُ﴿۱۲۹﴾

"હે અમારા રબ ! અને મોકલ તેમનામાં એક રસૂલ તેમનામાંથી જ કે એમના પર તારી આયતો તિલાવત કરે અને તેમને તારી કિતાબ પર પુખ્તા ઈલ્મ શીખવાડે અને તેમને ખૂબ સુથરા કરી આપે. બેશક ! તું જ છે ગાલિબ હિકમતવાળો. *(સૂ. બક઼રહ, ૨/૧૨૯)*

યાદ રાખશો ! આ કિતાબનો સૌથી પ્રથમ તકાઝો એ જ છે કે એના પર ઈમાન લાવવામાં આવે, એને મજબૂતીથી થામવામાં આવે, દરરોજ એની તિલાવતની સાથોસાથ તેની માગણીઓને પૂર્ણ કરવામાં આવે, એના પર વધુથી વધુ અમલ કરવામાં આવે અને "કન્ઝુલ ઈમાન શરીફ"થી એનો તર્જુમો પઢવામાં આવે. એક મહત્વની વાત એ પણ યાદ રાખવાની છે કે આ ક્રાંતિકારી કિતાબને કેવળ સવાબની નિય્યતથી ન પઢવામાં આવે. મુસલમાનોની આ કરૂણતા છે કે **આજે કુર્આનને કેવળ તિલાવત સુધી સીમિત કરી દેવામાં આવેલ છે. ઘરમાં કોઈનુ મૃત્યુ થઈ ગયું તો ઈસાલે સવાબ માટે કુર્આન ખોલીને બેસી ગયા. રમઝાન શરીફનો બાબરકત મહીનો આવ્યો તો સવાબ પામવાની**

**નિય્યતથી કુર્આન ખત્મ કરી લીધું.** મારા અઝીઝો ! મને બતાવો કે શું કુર્આન કેવળ સવાબ પામવા તથા ઈસાલે સવાબના માટે જ છે ? નિઃશંક ! કુર્આનથી એ સર્વ ચીજો પ્રાપ્ત થાય છે પણ કુર્આનના ઉતરાણનો મકસદ એનાથી પણ ખૂબ જ ઉચ્ચતર છે. **કુર્આન તો માનવ જીવનનું બંધારણ છે** એમાં દરેક બીમારી (સમસ્યા)નો ઈલાજ મૌજૂદ છે, એટલા માટે એનાથી સંબંધ મજબૂત કરીને શક્ય ત્યાં સુધી એના પર અમલ કરવામાં આવે. ખુદ અલ્લાહ ﷻએ કુર્આન મુકદ્દસમાં હઝરત યહ્યા علیہ السلامથી ઈર્શાદ ફર્માવ્યો : يٰيَحْيٰى خُذِ الْكِتٰبَ بِقُوَّةٍ "હે યહ્યા ! કિતાબ મજબૂતીથી પકડ." *(સૂ. મરયમ, આ. ૧૯/૧૨, કન્ઝુલ ઈમાન)*

પયગંબરે આ'ઝમ ﷺને પણ અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે ઈર્શાદ ફર્માવ્યો,

فَاسْتَمْسِكْ بِالَّذِيْٓ اُوْحِيَ اِلَيْكَ ۚ اِنَّكَ عَلٰى صِرَاطٍ مُّسْتَقِيْمٍ ۝

"મજબૂતીથી થામેલા રહો એને જે તમારી તરફ વહી કરવામાં આવી છે. બેશક ! તમે સીધી રાહ પર છો. *(સૂ. ઝુખ્રૂફ, ૪૩/૪૩, કન્ઝુલ ઈમાન)*

ઉપરોક્ત આયતો થકી તમસ્સુક બિલ કુર્આન (કુર્આન થામવુ અર્થ એના પર ચાલવા)ની મહત્વતા જાહેર થાય છે. એના બતાવેલા માર્ગે ચાલનાર ગુમરાહીથી બચી જાય છે અને મંઝિલે મક્સૂદ (ધ્યેય) પામી લે છે. યાદ રાખો કે ખુદ સાહિબે કુર્આન (ﷺ) પણ આ કિતાબની તિલાવત કરતા, ખુશ ઈલ્હાન (મધૂર અવાજવાળા) કારીથી તેની તિલાવત સાંભળતા પણ હતા અને તેનાં અસ્રારો રુમુઝ (રહસ્યો)થી સહાબાએ કિરામને માહિતગાર પણ કરતા હતા. અને એ કિતાબ પર અમલ અને તિલાવતનો એટલો શોખ અપાવતા કે કદાચ જ કોઈ ઘર બલ્કે કોઈ દિલ એવું હોતુ જ્યાં કુર્આને મુકદ્દસનો કોઈ હિસ્સો મૌજૂદ ન હોય. કુર્આનથી સંબંધની જ બરકત હતી કે અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَની ઝબાનમાં તાષીર રાખી દીધી હતી અને લોકોની જિંદગીમાં ઈન્કિલાબ (ક્રાંતિ) પેદા કરી દીધો હતો. આજ સુધી જેટલા પણ કામયાબ ઈસ્લામના દાઈઓ (નિમંત્રકો) આવ્યા, ચાહે તે ગૌષે આ'ઝમ હોય કે મુફતીએ આ'ઝમ હોય સૌની જિંદગી એના પર અમલ કરવામાં પસાર થઈ. આજે આપણી દાવત તથા તબ્લીગમાં અસરઅંદાઝી એટલા માટે નથી કે આપણે કુર્આની આયતોના બદલે પોતાની તક્રીરોમાં હિકાયતો, કિસ્સાઓ તથા લતીફાઓ થકી શ્રોતાઓનું દિલ મોહી લેવાની કોશિશ કરીએ છીએ, એનાથી સાંભળનારાઓ ટેમ્પરરી રીતે ખુશ થઈ જાય છે પણ પરિણામ કાંઈ નથી નીકળતુ. દાવત તથા તબ્લીગમાં જો અસરકારકતા લાવવી છે તો ખુદ પોતાને કુર્આન શરીફથી નજીક કરવા પડશે અને એના થકી લોકોને ઈસ્લામની દાવત આપવી પડશે.

મારી ગુઝારિશ બસ એટલી છે કે આપણે કુર્આને મુકદ્દસ અને સાહિબે કુર્આન ﷺ સાથે આપણો સંબંધ મજબૂત કરી લઈએ અને એની જ રોશનીમાં લોકોની સુધારણા કરીએ અને ખુદ પોતાની પણ સુધારણાની કોશિશ કરીએ. અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત જરૂર કામયાબી અતા કરશે અને મહેનતનો બદલો પણ આપશે. ઈન્શા અલ્લાહ ! *(સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ, મે–૨૦૧૧)*


**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૫૦૦/–** (ટપાલ ખર્ચ ૧૦૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુા.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# કુર્બાની શું છે ? અને તેને કેવી રીતે કરવી

❁❁❁❁❁❁ કાર્યાલય ❁❁❁❁❁❁

પ્યારા દીની ભાઈઓ બહેનો ! કુર્બાની હઝરત ઈબ્રાહીમ علیہ السلامની સુન્નત છે જે આ ઉમ્મતના માટે બાકી રાખવામાં આવી અને નબી કરીમ ﷺને કુર્બાની કરવાનો હુકમ આપવામાં આવ્યો. ઈર્શાદ ફર્માવ્યો : فَصَلِّ لِرَبِّكَ وَانْحَرْ "તમે તમારા રબના માટે કુર્બાની કરો અને નમાઝ પઢો." સારાંશ કે કુર્બાની કુર્આની આયતથી સાબિત છે એમાં કોઈની કાંઈ ફિલોસોફી ચાલશે નહીં.

## ★ કુર્બાનીના ફઝાઈલ ★

કેટલાક ઈસ્લામ વિરોધીઓ કુર્બાનીનો અર્થ પોતાની સડેલી બુદ્ધિ વડે જણાવે છે કે કુર્બાની એટલે ગરીબો વિધવાઓને મદદ કરવી વગેરે કરીને મુસલમાનોને ગેર માર્ગે દોરવા પ્રયત્નો કરે છે, તો એના અનુસંધાનમાં આવો આપણે પ્યારા નબી પાક ﷺનાં ફર્માનોનો અભ્યાસ કરીએ :–

"અબૂદાઊદ, તિર્મિઝી, ઈબ્ને માજહ, ઉમ્મુલ મો'મિનીન આઈશા رضی اللہ عنہاથી રિવાયત છે કે હુઝૂરે અક્દસ ﷺએ ફર્માવ્યું કે, "યવમે નહર (દસમી ઝિલ હજ્જ)માં **આદમની ઔલાદનો કોઈ અમલ ખુદાની નજીક લોહી વહાવવાથી (કુર્બાની કરવાથી) અધિક પ્યારો નથી** અને તે જાનવર કયામતના દિવસે પોતાની શીંગ તથા વાળ અને ખરીઓની સાથે આવશે અને કુર્બાનીનું લોહી જમીન પર પડતાં પહેલાં ખુદાની નજીક કુબૂલિયતના મકામમાં પહોંચી જાય છે **જેથી તેને ખુશદિલીથી કરો."** *(બહારે શરીઅત, ભાગ–૧૫)*

મુસલમાનો માટે નબી કરીમ ﷺનું ઉપરોક્ત ફર્માન પૂરતું છે અને એના પર જ ઈમાન તથા યકીન રાખવાનું છે અને હદીષે પાકના શબ્દો ખાસ યાદ રાખવાના છે કે "તેને ખુશદિલીથી કરો !" સારાંશ કે કેવળ કુર્બાની વિધિ પૂરતી નહીં, જિમ્મેદારી મટાડવા નહીં, પણ ખુશદિલીથી કરવામાં આવે. રબ તઆલા સૌને એ જ રીતે કુર્બાની કરવાની તૌફીક આપે.

વળી ખુશદિલીથી કુર્બાની કરનારાઓને શું ઈનામો મળશે તે પણ જોઈ લો !

તિબ્રાની હઝરત ઈમામ હસન બિન અલી رضی اللہ عنہماથી રિવાયત કરે છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, જેણે ખુશદિલીથી સવાબ પામવાની નિય્યતે કુર્બાની કરી તો **તે જહન્નમની આગ સામે આડ** બની જશે.

એક હદીષમાં છે કે, **જે રૂપિયા ઈદના દિવસે કુર્બાનીમાં વાપરવામાં આવ્યા જેનાથી અધિક કોઈ રૂપિયો (રબની નજીક) પ્યારો નથી.** *(તિબ્રાની, ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત)*

તેમજ નબી કરીમ ﷺએ ફર્માવ્યું, **જેનામાં શક્તિ હોય છતાં કુર્બાની ન કરે તે અમારી ઈદગાહની નજીક ન આવે.**

ઈબ્ને માજહએ ઝૈદ ઈબ્ને અરકમ رضی اللہ عنہથી રિવાયત કરી કે સહાબાએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ કુર્બાનીઓ શું છે ? ફર્માવ્યું કે, તમારા બાપ ઈબ્રાહીમ علیہ السلامની સુન્નત છે. લોકોએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! અમારા માટે એમાં શો સવાબ છે ? ફર્માવ્યું, **દરેક વાળના બદલામાં નેકી** છે. અર્ઝ કરી, ઊનનો શું હુકમ છે ? ફર્માવ્યું, ઊનના દરેક વાળના બદલામાં નેકી છે.

હદીષે પાકમાં એ પણ છે કે, "જેણે ઝિલ હજ્જનો ચાંદ જોઈ લીધો અને એનો ઈરાદો કુર્બાની કરવાનો છે તો જ્યાં સુધી કુર્બાની ન કરી લે ત્યાં સુધી વાળ તથા નખો ન કપાવે.

## ★ કુર્બાનીના મસાઈલ ★

દરેક તે મુસલમાન જે મુકીમ હોય (સ્થાયી રહેવું તે), માલિકે નિસાબ હોય તથા આઝાદ હોય તેના પર કુર્બાની વાજિબ છે.

**મસ્અલો** : જેમ પુરૂષ પર કુર્બાની વાજિબ છે તેમ સ્ત્રી પર પણ કુર્બાની વાજિબ છે. *(દુર્રે મુખ્તાર વગેરે)* અને દર વરસે વાજિબ છે.

**મસ્અલો** : મુસાફિર પર કુર્બાની વાજિબ નથી. તેમ છતાં નફ્લ સમજીને કુર્બાની કરે તો તેમ કરી શકે છે તેનો સવાબ જરૂર મળશે. *(દુર્રે મુખ્તાર વગેરે)*

**મસ્અલો** : નિસાબનો માલિક હોવાનો મતલબ એ છે કે જેની પાસે એટલો માલ હોય કે તેનાથી સદકએ ફિત્ર વાજિબ થઈ જાય. એને બીજી રીતે સમજવામાં આવે તો એ છે જેની પાસે તેની જીવન જરૂરિયાત ઉપરાંત **૭॥ તોલા સોનું** અથવા **૫૨॥ તોલા ચાંદી બરાબરનો માલ** હોય તે વ્યક્તિ માલિકે નિસાબ ગણાશે. *(દુર્રે મુખ્તાર, આલમગીરી વગેરે)* એટલે કે વર્તમાન ચાંદીના ભાવ (રૂા. ૯૧૦ તોલા)ના હિસાબે જેની પાસે સૌ મિલાવીને લગભગ રૂા. ૪૮,૦૦૦/– જેટલું થાય તેણે કુર્બાની કરવી વાજિબ થશે.

**કુર્બાનીની રીત** : કુર્બાનીના જાનવરને ઝબહ કરતાં પહેલાં ઘાસચારો પાણી આપવું, પહેલેથી જ છરી તેજ કરી લેવી, જાનવરની સામે છરી તેજ ન કરવી. તે પછી જાનવરને ડાબી કરવટ પર એવી રીતે સૂવાડવું કે તેનું મોઢું કિબ્લા તરફ રહે. ઝબહ કરનાર માણસ પોતાનો જમણો પગ જાનવરની કરવટ પર મૂકી તેજ છરીથી એકદમ જલ્દીથી ઝબ્હ કરી નાખે.

**કુર્બાનીનો સમય** : ઝિલ હજ્જ મહિનાની ૧૦મી તારીખની સુબ્હ સાદિક્થી લઈ ૧૨ મી તારીખના સૂર્યાસ્ત સુધીના સમયમાં ગમે ત્યારે કુર્બાની આપી શકાશે. એટલે કે કુલ ત્રણ દિવસ અને બે રાત્રિ. તેમાં ખાસ કરીને ૧૦ મી તારીખે કુર્બાની કરવી અફઝલ ગણાશે, તે પછી ૧૧ મી તારીખે પછી ૧૨ મી તારીખ.

**મસ્અલો** : કુર્બાનીના દિવસો વીતી ગયા પછી કુર્બાની ફૌત થઈ ગઈ ગણાશે જેથી પછીના દિવસોમાં કુર્બાની કરવામાં આવી તો તે કુર્બાની ગણાશે નહીં. તેવી રીતે અગર કોઈ જાનવર કુર્બાની માટે ખરીદી લીધું હોય તેની કુર્બાની કુર્બાનીના દિવસોમાં ન આપી હોય તો તે જાનવરને સદક઼ા તરીકે આપી દેવામાં આવે અથવા તો એક બકરીની કિંમત સદક઼ા તરીકે આપી દેવામાં આવે. *(રદ્દુલ મુહતાર, આલમગીરી વગેરે)*

**મસ્અલો** : કુર્બાની માટેના ઉપર જણાવેલ નિયમો જ્યારે જેને લાગુ પડે ત્યારે તેને માટે એક બકરી, ઘેટું કુર્બાન કરવું વાજિબ થઈ પડે છે. તથા ઊંટ, ભેંસ હોય તો સાતમો ભાગ (તે દરેકનો) વાજિબ થશે. એનાથી ઓછાની કુર્બાની ગણાશે નહીં.

**મસ્અલો** : કુર્બાની કરાવનાર તમામ ભાગીદારોની નિય્યત ખાલી ગોશ્ત મેળવવાની નહીં પણ સવાબ મેળવવાની હોવી જોઈએ. જેને કારણે અક઼ીક઼ા કરનાર અગર કુર્બાનીમાં સામેલ થવા ચાહે તો તે સામેલ થઈ શકે છે કેમ કે તેની નિય્યત પણ સવાબ મેળવવાની હોય છે. બલ્કે અક઼ીક઼ો એ પણ સવાબ મેળવવાની એક સૂરત છે. *(રદ્દુલ મુહતાર)*

**મસ્અલો** : કુર્બાનીનો ગોશ્ત કાફિરને આપવો નહીં કેમ કે ભારતના કાફિરો ઝિમ્મી નહીં પણ હર્બી છે.

**કુર્બાનીનું જાનવર** : ઊંટ, પાડો, ભેંસ, બકરી, ઘેટું વગેરે (નર–માદા) ખસીવાળુ કે ખસી વગરનું એ દરેકની કુર્બાની થઈ શકે છે. *(આલમગીરી)*

**મસ્અલો** : જંગલી જાનવર જેવાં કે હરણ, રોઝ, બારાસિંગુ વગેરેની કુર્બાની થઈ શકશે નહીં. *(આલમગીરી)*

**મસ્અલો** : ઊંટ પાંચ સાલનું, ભેંસ બે વર્ષ, ઘેટું બકરી એક વર્ષનું અથવા તેથી વધુ ઉંમરનાં હોવાં જોઈએ. એ કરતાં ઓછી ઉંમરના જાનવરની કુર્બાની જાઈઝ થશે નહીં. હા, ઘેટા કે દુંબાનું છ માસનું બચ્ચુ એટલું મોટું હોય કે દૂરથી જોતાં એક વર્ષના બચ્ચા જેવું લાગે તો તે છ માસના બચ્ચાની કુર્બાની જાઈઝ છે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : કુર્બાનીનું જાનવર મોટું, તાજું, તંદુરસ્ત અને ખામી (ખોડ–ખાંપણ) વિનાનું હોવું જોઈએ. કોઈ નાની સરખી ખામી હશે તો કુર્બાની થઈ જશે પણ મકરૂહ થશે અને વધારે પડતી ખોડ ખાંપણ હશે તો તેવા જાનવરની કુર્બાની જાઈઝ નથી. *(દુર્રે મુખ્તાર, આલમગીરી, રદ્દુલ મુહતાર)*

**મસ્અલો** : જે જાનવરને જન્મથી જ શિંગડા ન હોય તેની કુર્બાની જાઈઝ છે અને જેને શિંગડાં તો હતાં પણ તૂટી ગયું અને તે એટલું તૂટી ગયું કે તેનો ગૂદો દેખાઈ તેવાની કુર્બાની જાઈઝ નથી અને ગૂદાથી ઓછા તૂટેલાં શિંગવાળા જાનવરની જાઈઝ છે.

*(આલમગીરી વગેરે)*

**મસ્અલો** : આંધળું, લૂલું, લંગડું, કાણું, એકદમ દુબળું, કાન કપાએલું, પૂછડું કપાએલું, આંચળ સૂકાએલા, નાક કપાએલું, જન્મથી કાન વગરનું, બીમાર, ખનસા (જેનામાં નર–માદાની બંને નિશાની હોય) જે જાનવર ફક્ત ગંદુ (નાપાક) જ ખાતું હોય એવાં દરેક જાનવરની કુર્બાની જાઈઝ નથી.

*(બહારે શરીઅત, દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : કુર્બાની કરતી વેળા જાનવરના ઉછળવા કૂદવાથી જાનવરમાં કંઈક ખોડખામી આવી ગઈ છતાં તેની કુર્બાની જાઈઝ છે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)*

**મસ્અલો** : કુર્બાની કરી તે જાનવરના પેટમાં જીવતું બચ્ચું હોય તેને પણ ઝબહ કરી દેવું અને જો મરેલું હોય તો તેને ફેંકી દેવું, ઝબહ કરેલ બચ્ચાના ગોશ્તને કામમાં લઈ શકાશે. *(બહારે શરીઅત)*

**મસ્અલો** : બીમારી સાધારણ હોય અને લંગડાપણું એવું હોય કે ચાલી ફરી શકે છે બલ્કે ચાલીને તે જાનવર કુર્બાનીની જગા સુધી જઈ શકતું હોય અથવા નાક, કાન કે પૂછડું ત્રીજા ભાગથી વધુ કપાએલ ન હોય તેવા જાનવરની કુર્બાની જાઈઝ છે.

*(આલમગીરી, દુર્રે મુખ્તાર, હિદાયા)*

**મસ્અલો** : જાનવર ખરીદયા પછી અને કુર્બાની કર્યા પહેલાં બચ્ચું જન્મયું તો તે બચ્ચાને પણ ઝબહ કરી દેવું, કુર્બાનીના દિવસોમાં જો તેને ઝબહ ન કર્યું તો તેને જીવતું જ સદકા તરીકે આપી દેવું અને જો વેચી દીધું તો લીધેલી કિંમત સદકો કરી દેવી.

*(આલમગીરી, બહારે શરીઅત)*

**ફાયદો** : આપણા આકા વ મૌલા તાજદારે મદીના, હઝરત અહમદે મુજતબા મુહમ્મદ મુસ્તફા ﷺનો રહમ વ કરમ તો જુઓ કે ઉમ્મતે મર્હૂમાના તરફથી ખૂદ આપે કુર્બાની કરી અને એ પ્રસંગે પણ હુઝૂર પોતાની ઉમ્મતને ભૂલ્યા નહીં પછી આપણામાંથી જેનાથી થઈ શકે તેણે હુઝૂર ﷺના તરફથી કુર્બાની આપી તો એ ઘણી જ ખુશનશીબી ગણાશે. *(બહારે શરીઅત)*

**મસ્અલો** : બાલિગ પુત્રીઓ અથવા પત્ની તરફથી કુર્બાની કરવા ચાહે છે તો તેમનાથી ઈજાઝત લઈ લે, તેમને કહ્યા વિના જો કરી દીધી તો તેમના તરફથી વાજિબ અદા ન થયો. અને નાબાલિગ તરફથી જો કે વાજિબ નથી પણ કરી આપવી બેહતર છે. *(બહારે શરીઅત)*

**મસ્અલો** : કુર્બાનીમાં સાત ભાગીદારોમાં એક કાફિર છે તો કોઈની કુર્બાની ન થઈ. *(બહારે શરીઅત)* જેથી સાત ભાગોમાં સુન્ની સિવાય કોઈ મુર્તદ વહાબી દેવબંદીનો હિસ્સો હશે તો કોઈની કુર્બાની થશે નહીં.

**મસ્અલો** : કુર્બાનીનું જાનવર મુસલમાન પાસે ઝબહ કરાવવું જોઈએ. જો કે મજૂસી (અગ્નિપૂજક) અથવા અન્ય મુશ્રિક (કાફિર પાસે) કુર્બાનીનું જાનવર ઝબહ કરાવ્યું તો કુર્બાની થશે નહીં, બલ્કે જાનવર હરામ તથા મુરદાર છે. (બહારે શરીઅત) જેથી સુન્ની સિવાય બીજા મુર્તદો વહાબી દેવબંદી પાસે ઝબહ કરાવશો નહીં.

## ★ ખસ્સી કરેલાની કુર્બાની અફઝલ ★

**સવાલ** : ખસ્સી કરેલા જાનવરની કુર્બાની જાઈઝ છે કે નહીં ?

**જવાબ** : ખસ્સીની કુર્બાની ગૈર ખસ્સી કરતાં અફઝલ છે. તબીય્યિનુલ હકાઈક શરહે કન્ઝુદકાઈકમાં છે : (અર્થ) : "ખસ્સી તથા ગૈર ખસ્સી બંનેની કુર્બાની જાઈઝ છે અને ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ ફર્માવે છે કે ખસ્સીની કુર્બાની અફઝલ છે કારણ કે તેનો ગોશ્ત વધુ સ્વાદિષ્ટ હોય છે." એ જ અર્થમાં ગુરુરુલ અહકામ, શરનલાલિયહમાં બદાએઅ્થી મજમઉલ અન્હર શરહે મુલ્તકિયુલ અબહરમાં છે. વલ્લાહુ તઆલા અઅ્લમ. *(ફતાવા અમજદિયા, ભાગ–૩, પેજ–૩૦૪)*

**બરકાતે ખ્વાજાની ટપાલ કાર્યાલય**

## જૂનાગઢમાં ૨૬મો ઉર્સે અમીરે અહલે સુન્નત મનાવાયો

ખાનકાહે રઝવિય્યહ જૂનાગઢ ખાતે મુ. તા. ૨૪–૨૫ શવ્વાલ હિ. ૧૪૪૫ શનિ રવિના અમીરે અહલે સુન્નત હઝરત અલ્લામા પીરે તરીકત નૂર મુહમ્મદ મારફાની ખલીફએ મુફતીએ આ'ઝમે હિંદ عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُ નો ઉર્સ મસ્જિદે રઝા–જુનાગઢ ખાતે સજ્જાદા નશીન હઝરત ગુલઝાર અહમદ નૂરી સાહબની સદારતમાં મનાવાયો. શનિવારે ઈશા બાદ ખત્મે કાદરિયા, નઅત, શજરા શરીફ પછી મૌલાના જમીલ અહમદ સાહબની તકરીર થઈ. રવિવારે અસરબાદ આસ્તાના પર ખત્મે કુર્આન, નઅત, સલાતો સલામ, ચાદરપોશી બાદ મુફતી હસીબુર્રહમાન સાહબે દુઆ ગુજારી.

મગરિબ બાદ મસ્જિદે રઝામાં દા.ઉ. અન્વારે મુસ્તફા રઝાના મુદર્રિસ કારી નિયાઝ અહમદ મુસ્તફાઈ સાહબે બેહતરીન કિરાઅત કરી, હઝરત સૈયદ મુહમ્મદ સાજિદબાપુ મુસ્તફાઈએ હુઝૂર અમીરે અહલે સુન્નતની ખિદમતો, કરામતો પર રોશની નાખી. જનાબ મુહમ્મદ તૌહીદ રઝા સાહબે નઅત તથા મન્કબત પઢી. જનાબ કારી હબીબુલ્લાહ સાહબે "તૂ શમ્એ રિસાલત હૈ" નઅત નિરાલા અંદાઝમાં પેશ કરી. ત્યારબાદ ખલીફા તાજુશ્શરીઅહ મૌલાના મુફતી અશરફ રઝા બુરહાની (રતનપુર)એ હુઝૂર મારફાની સાહબના તકવા, પરહેઝગારી, ખિદમતે ખલ્ક તેમજ બાતિલ ફિર્કાઓની આપના થકી રદ...વગેરે પર શાનદાર બયાન કર્યું. તા. ૧૨–૭–૧૯૭૯માં હુઝૂર મારફાની સાહબ عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُ ને હુઝૂર તાજુશ્શરીઅહ عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُ થકી "અમીરે અહલે સુન્નત" ખિતાબ મળેલ તે વગેરે દર્શાવ્યું... અંતમાં સલાતો સલામ બાદ ગુલઝારે મિલ્લતે રિક્કતઅંગેઝ દુઆ ગુજારી બાદમાં ન્યાઝ જમાડવામાં આવી.

## ભરૂચ શહેરમાં સુન્ની દા'વતે ઈસ્લામીના ઈજતેમાઓ !

ગત માસ 'એપ્રિલ–મે' દરમિયાન **મૌલાના અલ્તાફ મિસ્બાહી** (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–ભરૂચ) થકી : ❑ હઝરત પીર છત્તર મસ્જિદ, ❑ ફિરદોસ પાર્ક મસ્જિદ ❑ ખ્વાજા ટાઉનશીપ મસ્જિદ. **હાફિઝ અબ્દુર્રહીમ બરકાતી થકી** : ❑ અઝીમ નગર મસ્જિદ ભોલાવ, ❑ મસ્જિદ તથા લુવારા મસ્જિદ. **મુફતી સલીમ મિસ્બાહી થકી** : ❑ મુમતાજ પાર્ક મસ્જિદ તથા વસીલા સોસાયટી મસ્જિદ. **મૌલાના આદિલ મિસ્બાહી હલદરવી થકી** : ❑ મસ્જિદે ફાતિમા સરફરાઝ પાર્ક તથા અલ મુઈન મસ્જિદ. **મૌલાના અશરફરઝા નઝમી થકી** : ❑ મસ્જિદે ફાતિમા ઉર્ફ કાદરિયા મસ્જિદ–સરફરાઝ પાર્ક તથા મસ્જિદે ઈમામ અહમદ રઝા–ખુશ્બુ પાર્ક. **જનાબ તારીકભાઈ થકી** : ❑ ફયઝાને રઝા ઈબાદતગાહ–પાબંચત્તી. **જનાબ મુહમ્મદ શફીભાઈ થકી** : ❑ અઝીમ નગર. **જનાબ મુઈનભાઈ (હાજી પીર કિર્માની) થકી** : ❑ સીદી મસ્જિદ–ફાટા તળાવ. **મૌલાના નુસ્રત નજમી થકી** : ❑ મસ્જિદે સરકારે કલાં–દહાલ. **જનાબ કારી ફહદ સાહબ થકી** : ❑ મસ્જિદે અહમદ નગર......વગેરે સ્થળોએ તર્બિયતી ઈજતેમા કરવામાં આવ્યા. ❑ તે ઉપરાંત **ઈમરાન નૂરી** તથા **સરફરાઝ નૂરી (પાલેજ)** થકી ❑ કીયા, નેત્રંગ, લુવારા, મોટી કોરલ સાયર, વલણ....વગેરે સ્થળોએ તર્બિયતી ઈજતેમા થયા હતા.

## સુફ્ફા ઉલમા કાઉન્સિલ દયાદરા થકી બહેનો માટે સુન્ની ઈજતેમા યોજાયો

દયાદરા : ખાતે તા. ૧૪–૫–૨૦૨૪ મંગળવારે ઈશા બાદ દયાદરા અકુજી કોમ્યુ. હોલમાં "સુફ્ફા ઉલમા કાઉન્સિલ–દયાદરા" થકી બહેનોની તાલીમો તર્બિયત માટે ઈજતેમા યોજાયો જેમાં સ્થાનિક આલિમા બહેનોએ નઅત, તથા બયાનો કરીને ખાસ્સી સંખ્યામાં આવેલ બહેનોની દીની તર્બિયત કરી હતી.

## સુન્ની દાવતે ઈસ્લામી-ભરૂચ તરફથી સમર વેકેશન કલાસિસ

નૂરી તર્બિયતી સેન્ટર–ભરૂચ, ફાતિમા મસ્જિદ ઉર્ફે કાદરિયા મસ્જિદ, સરફરાઝ પાર્ક ખાતે તા. ૧૦–૫–૨૦૨૪ થી ૧૯–૫–૨૦૨૪ સુધી સ્ટુડન્ટ્સ માટે દીની તાલીમ અકીદા, અખ્લાકિયાત, પાકી, નમાઝ, કિરાઅત તજવીદ, દુઆ, સીરતે મુસ્તફા ﷺ, આપની સુન્નતો વગેરેની તાલીમ આપવા માટે રાખેલ જેમાં મૌલાના અલ્તાફ મિસ્બાહી ચાંચવેલી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–ભરૂચ) તેમજ મુફતી સલીમ મિસ્બાહી (પીપળીયાવાળા), મૌલાના અશરફ રઝા નજમી, મૌલાના આદિલ મિસ્બાહી હલદરવી, હાફિઝ અબ્દુર્રહીમ બરકાતી, કારી બિલાલ નજમી અઝહરી, તથા મુબલ્લિગો શફીભાઈ, મુઈનભાઈ, તારીકભાઈ શેખ વગેરેએ તાલીમો તર્બિયત માટે પોતાનો સમય આપ્યો હતો અને આવેલા સ્ટુડન્ટ્સને દીની ઈલ્મથી સીંચવા કોશિશો કરી હતી.

## સુન્ની દા'વતે ઈસ્લામી થકી હજ ટ્રેનિંગ કેમ્પો

'સુન્ની દા'વતે ઈસ્લામી' થકી ગુજરાતના વિવિધ સ્થળોએ હજ્જ ટ્રેનિંગ કેમ્પો યોજાયા. જેમ કે મોડાસા–૧૭ એપ્રિલ, બોડેલી ૨૧–એપ્રિલ, વડોદરા–૨૪ એપ્રિલ, અમરેલી–૨૭ એપ્રિલ, ભાવનગર–૨૮ એપ્રિલ, રાજકોટ ૧૧ મે, સૂરત–૧૨ મે, વલસાડ–૧૪ મે, હાડગુડ–૧૮ મે, અંકલેશ્વર–૧૯ મે અને ભરૂચ–૨૬ મેના રોજ હજ્જની ફઝીલત તથા મસાઈલ, હજ્જનો તરીકો, મદીના શરીફની હાજરીના આદાબ વગેરે વિવિધ વિષયે હજ્જમાં જનાર ભાઈ બહેનોને તા'લીમ આપવામાં આવી. વિશેષતઃ મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી–ભરૂચ જનાબ હાફિઝ અબ્દુર્રહીમ બરકાતી સાહબે તેમજ મૌલાના અલ્તાફ મિસ્બાહી (ચાંચવેલી) સાહબે હાજીઓનું સુંદર માર્ગદર્શન કર્યું હતું.

## સુન્ની દા'વતે ઈસ્લામીના સુન્ની ઈજતેમાઓ !

**દયાદરા** : ખાતે તા. ૨૮–૦૪–૨૦૨૪ રવિવારે ઈશા બાદ મસ્જિદમાં *"બરકત ઔર બેબરકતી"* વિષય પર તેમજ રવિવાર તા. ૫–૫–૨૦૨૪ રવિવારે અસર બાદ *"માહોલ કો બાહયા કૈસે બનાએં"* એ વિષય પર તથા તા. ૧૨–૦૫–૨૦૨૪ ઈશા બાદ રવિવારે *"નેકફાલી ઔર બદ્શુગની"* એ વિષય પર તેમજ *"બરકાતે નમાઝ"* એ વિષય પર તા. ૧૦–૫૦–૨૦૨૪ જુમ્આના રોજ દયાદરા મસ્જિદમાં **હઝરત મૌલાના ઝહીર મિસ્બાહી** (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)એ ઈમાન અફરોઝ મા'લૂમાતી બયાનો કરી હાજરજનોની ઈસ્લાહ કરી હતી. ઉપરાંત **જંબુસર, કાવી, બોડેલી** વગેરે સ્થળોએ ઈજમાઓમાં આપે વિવિધ વિષયે બયાનો કર્યાં હતાં.

## :: ઈન્તેકાલ પુરમલાલ ::

**દયાદરા** : ખાતે જનાબ અબ્દુલ્લાહ મૂસા મછાસરાવાળા (કુલ્ફીવાળા ભાણા)નો તા. ૨૪/૦૪/૨૦૨૪ બુધવાર, મુ. ચાંદ ૧૪ શવ્વાલ હિ.સ. ૧૪૪૫ના રોજ દુઃખદ ઈન્તેકાલ થયો છે. મર્હૂમ દીનદાર, પંજગાના નમાઝી, બુઝુર્ગાને દીનના અકીદતમંદ, બરેલી શરીફ, મારહરા શરીફ, અજમેર શરીફ વગેરે આસ્તાઓ પર દર ઉર્સના મોકા પર હાજરી આપતા હતા. ❐ **દયાદરા** : ખાતે તા. ૫/૫/૨૦૨૪ રવિવાર મુ.તા. ૨૫ શવ્વાલ હિ.સ. ૧૪૪૫ના રોજ અનવર યૂસુફ છીપાનો ઈન્તેકાલ થયો જેમની દફનવિધિ સોમવારે ઈશા બાદ કરવામાં આવી. મર્હૂમ પણ પંજગાના નમાઝી, નેક સીરત હતા. ❐ **બ્લેકબર્ન (યુ.કે)** : ખાતે અલ્તાફ ઈબ્રાહીમ મુન્શી દયાદરાવાલાનો તા. ૧૮–૫–૨૦૨૪ના રોજ ઈન્તેકાલ થયો. *રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે* ***દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ*** *ખાતે કુર્આન શરીફનો ખત્મ કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*